Sunday, 23 November 2025
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦



કોઈપણ કાર્ય પ્રેમથી કરો નહીં તો ન કરો.
-મહાત્મા ગાંધીજી

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906


દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૨ ● અંકઃ ૨૯૫ ● સંવત-૨૦૮૨ માગશર સુદ ત્રીજ ● Web: www.vartmanpravah.com

vartmanpravah @VartmanPravahD

## G20 સમિટમાં વડાપ્રધાન મોદીનું સંબોધન

# દુનિયા વિકાસના મોડલ પર ફરી વિચાર કરે, ડ્રગ્સ-આતંકવાદ વિરુદ્ધ એક થાઓ



**જી૨૦ દેશ મળીને ૧૦ વર્ષોમાં આફ્રિકામાં ૧૦ લાખ પ્રમાણિત ટ્રેનર તૈયાર કરશે : આ ટ્રેનર કરોડો યુવાનોને નવી ટેકનિક, નવી નોકરીઓ અને નવા કૌશલ સાથે જોડશે**

**જી૨૦ સામે પ્રસ્તાવ રજૂ કર્યો**

- **ડ્રગ્સની તસ્કરી રોકવી**
- **ગેરકાયદેસર ધનના પ્રવાહ પર અંકુશ લગાવવો**
- **વૈશ્વિક સુરક્ષા એજન્સીઓની વચ્ચે સમન્વય વધારવો, આંતરરાષ્ટ્રીય નિયમોને કડક બનાવવા**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**જ્હોનિસબર્ગ, તા.૨૨**

દુનિયાની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓનો મંચ G20 પહેલી વાર આફ્રિકી ધરતી પર પહોંચ્યો છે. જ્યાં ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ ઐતિહાસિક અવસર પર ત્રણ મોટા પ્રસ્તાવ આપ્યા છે, જે આવનારા સમયમાં વૈશ્વિક વિકાસનો ઢાંચો બદલી નાખશે. તેમનો વિચાર સ્પષ્ટ હતો કે દુનિયા ત્યારે જ આગળ વધશે, જ્યારે વિકાસ સંતુલિત, સમાવેશી અને ટકાઉ હશે. આ ભાવ તેમની દરેક પહેલમાં જોવા મળ્યો હતો. ૧૦ લાખ ટ્રેનર, ડ્રગ ટેરર નેટવર્ક પર આકરા પ્રહાર અને વૈશ્વિક પરંપરાગત જ્ઞાન ભંડાર, આ ત્રણ સૂચનો આ વાતનો સંકેત છે કે ભારત આજે ખાલી પોતાની જરૂરિયાતો જ નહીં પણ વિકાસશીલ દેશોના સહિયારા પડકારોનો પણ અવાજ ઉઠાવી રહ્યું છે. પીએમ મોદીએ સ્પષ્ટ કહ્યું કે, આફ્રિકાનો વિકાસ, દુનિયાના વિકાસની શરત છે.

આ પહેલનો ઉદ્દેશ્ય છે- આફ્રિકાના યુવાનોને મોટા પાયે ટ્રેનિંગ આપી તેમને ઝડપથી બદલાતી દુનિયા માટે તૈયાર કરવાના. પીએમ મોદીએ જણાવ્યું કે ભારતની જી૨૦ અધ્યક્ષતા દરમિયાન આફ્રિકી યુનિયનને સ્થાયી સભ્ય બનાવ્યું અને હવે ભારત ઈચ્છે છે કે એ જ ભાવનાથી કૌશલ વિકાસને નવી દિશા મળે.

આ મોડલમાં જી૨૦ દેશ મળીને આવનારા ૧૦ વર્ષોમાં આફ્રિકામાં ૧૦ લાખ પ્રમાણિત ટ્રેનર તૈયાર કરશે. આ ટ્રેનર આગળ કરોડો યુવાનોને નવી ટેકનિક, નવી નોકરીઓ અને નવા કૌશલ સાથે જોડશે.

પીએમ મોદીએ જી૨૦ દેશો સામે એક અનોખી શરત રાખી- દુનિયાભરમાં પડેલા પ્રાચીન જ્ઞાનને એક મંચ પર લાવવું. તેમનો તર્ક હતો કે કેટલાય સમુદાય પાસે એવા જીવન મોડલ છે, જે પર્યાવરણને અનુકૂળ, સાંસ્કૃતિક રીતે મજબૂત અને સામાજિક રીતે સંતુલિત છે. આ જ્ઞાન આજની દુનિયાને સંતુલન અને સ્વાસ્થ્ય આપી શકે છે. ભારત માટે "Indian Knowledge Systems" કાર્યક્રમને આ ભંડારનો પાયો બનાવી શકાય છે.

પીએમ મોદીએ ચેતવણી આપી કે જીવલેણ સિન્થેટિક ડ્રગ્સ ખાઈને fentanyl દુનિયા માટે ગંભીર ખતરો બની ચૂક્યો છે. તેનાથી ન ફક્ત સમાજનું સ્વાસ્થ્ય બગડી રહ્યું છે, પણ આ રસ્તેથી આતંક માટે પૈસા પણ ભેગા થઈ રહ્યા છે.

પીએમ મોદીએ કહ્યું કે જૂના વિકાસ મોડલે કેટલાય દેશોને સંસાધનોથી દૂર કરી દીધા અને પ્રકૃતિના અતિ શોષણને વધારી દીધું. સૌથી વધારે અસર આફ્રિકી જેવા વિસ્તાર પર પડી. ભારતનો મેસેજ સ્પષ્ટ હતો-દુનિયાને એવી નીતિઓ જોઈએ જે સૌને સાથે લઈને ચાલે. જી૨૦ના ઉદ્ઘાટન સત્રમાં પીએમ મોદીએ કહ્યું કે વિકાસશીલ દેશોને ટેકનિક, ટ્રેનિંગ, સંસાધન અને સુરક્ષા ચારેય મોરચે દુનિયાના સહયોગની જરૂર છે. આ ત્રણ પ્રસ્તાવોમાં આ જ દૃષ્ટિકોણ છલકાય છે.

## કેન્દ્ર સરકારનો મોટો નિર્ણય

# હવે દેશના એરપોર્ટ્સ ઉપર લગાવાશે એન્ટી ડ્રોન સિસ્ટમ

**ઓપરેશન સિંદૂર બાદ પાકિસ્તાન સાથે થયેલા સંઘર્ષમાં ડ્રોનનો મોટા પ્રમાણમાં ઉપયોગ કરાયો હતો, જેને જોતા આ નિર્ણય લેવાયો**



(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૨**

કેન્દ્રસરકાર દેશના દરેક મોટા એરપોર્ટ પર એન્ટી ડ્રોન સિસ્ટમ લગાવવાનો વિચાર કરી રહી છે, જેથી કોઈ પણ સંભવિત હુમલાને નિષ્ફળ બનાવી શકાય. ઓપરેશન સિંદૂર બાદ પાકિસ્તાન સાથે થયેલા સંઘર્ષમાં ડ્રોનનો મોટા પ્રમાણમાં ઉપયોગ કરાયો હતો. જેને જોતા આ નિર્ણય લેવાયો છે. આ સિસ્ટમ પહેલા મોટા અને સંવેદનશીલ એરપોર્ટ પર અને ત્યારબાદ અન્ય એરપોર્ટ પર લગાવાશે.

આ પહેલીવાર છે જ્યારે માત્ર નાગરિક એરપોર્ટ પર આ પ્રકારની સિસ્ટમ લગાવવામાં આવશે. ગૃહ મંત્રાલયના અધિકારીઓએ જણાવ્યું કે, આ મામલે ચર્ચા માટે કેટલીક ઉચ્ચ સ્તરીય બેઠક થઈ ચૂકી છે.

ગૃહ મંત્રાલય આ પરિયોજનાની દેખરેખ કરી રહ્યું છે. ત્યારે, નાગરિક ઉડ્ડયન સુરક્ષા બ્યુરો (BCAS) દ્વારા એક સમિતિની રચના કરાઈ છે, જેમાં ઉડ્ડયન નિયમનકાર નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (DGCA), કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ (CISF) અને અન્ય હિસ્સેદારો સામેલ છે.

ગૃહ મંત્રાલયના અધિકારીએ જણાવ્યું કે, સિસ્ટમની વિશેષતાઓ પર કામ ચાલી રહ્યું છે. મંત્રાલય સંબંધિત ઘટનાક્રમો પર નજર રાખી રહ્યું છે અને વિશેષતાઓને અંતિમ રૂપ અપાયા બાદ ખરીદી શરૂ થઈ જશે. અન્ય એક અધિકારીએ ખાનગી ન્યૂઝ ચેનલ સાથે વાત કરતા કહ્યું કે, આ પરિયોજના તબક્કામાં પૂર્ણ કરાશે. શરૂઆતના તબક્કામાં દિલ્હી, મુંબઈ, શ્રીનગર, જમ્મુ જેવા સંવેદનશીલ એરપોર્ટ પર ધ્યાન કેન્દ્રિત કરાશે. ધીરે-ધીરે આ સુવિધા અન્ય એરપોર્ટ પર પણ લાગુ કરાશે.

એક અધિકારીએ કહ્યું કે, એક વખત નિર્દેશોને અંતિમ રૂમ આપવા અને એરપોર્ટસંચાલકોને નિયમો અનુસાર ટેકનોલોજી સ્થાપિત કરવાના નિર્દેશ અપાયા બાદ સમય મર્યાદા નક્કી કરાશે. ભારતના બહારના અન્ય એરપોર્ટ્સ પર સફળતાપૂર્વક હાજર મોડલ્સનું પણ અધ્યયન કરાઈ રહ્યું છે. આ નિર્ણય લેવા પાછળનું મુખ્ય કારણ મે મહિનામાં ભારત-પાકિસ્તાન સંઘર્ષમાં ડ્રોનના ઉપયોગ છે.

## મેલોની-બ્રાઝીલના રાષ્ટ્રપ્રમુખ સહિતના દિગ્ગજોને મળ્યા

# G20માં વડાપ્રધાન મોદીનું ગ્લોબલ લીડર્સ સાથે ખાસ બોન્ડિંગ











**વડાપ્રધાન મોદી નાસરેક એક્સપો સેન્ટર પહોંચ્યા ત્યારે દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપ્રમુખે આગળ આવીને સ્વાગત કર્યું**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**જ્હોનિસબર્ગ, તા.૨૨**

દુનિયાના સૌથી મોટી સમિટમાંથી એક G20 સમિટ આ વખતે સાઉથ આફ્રિકાના જ્હોનિસબર્ગમાં યોજાઈ છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ આ સમિટમાં સામેલ થયા છે. જ્યાં વર્લ્ડ લીડર્સ સાથે તેમની બોન્ડિંગ સ્પષ્ટ નજરે પડી. જ્યારે વડાપ્રધાન મોદી નાસરેક એક્સપો સેન્ટર પહોંચ્યા તો આખો માહોલ જ બદલાઈ ગયો. દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપ્રમુખ સિરિલ રામફોસાએ ખુદ આગળ આવીને તમનું સ્વાગત કર્યું. ત્યારબાદ દુનિયાભરના નેતાઓએ ભારતીય વડાપ્રધાન સાથે મુલાકાત કરી.

આ સમિટમાં વડાપ્રધાન મોદીએ ઈટલીના વડાપ્રધાન જોર્જિયો મેલોની સાથે વાતચીત કરી અને હાથ મિલાવ્યો. આ દરમિયાન બંને લીડર હસતા નજરે પડ્યા. વડાપ્રધાન મોદીએ બ્રાઝીલના રાષ્ટ્રપ્રમુખ લૂલાને ગળે લગાવ્યા. રાષ્ટ્રપ્રમુખ લૂલા વડાપ્રધાન મોદીની પીઠ થપથપાવતા જોવા મળ્યા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ X પર ફોટો શેર કરીને લખ્યું કે, 'જોહાનિસબર્ગમાં વડાપ્રધાન કીર સ્ટારમર સાથે મુલાકાત અદ્ભુત રહી. આ વર્ષ ભારત-યુકે ભાગીદારીમાં નવી ઉર્જા લાવ્યું છે અને અમે તેને ઘણા ક્ષેત્રોમાં આગળ ધપાવતા રહીશું' G20 જોહાનિસબર્ગ સમિટ દરમિયાન સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ શ્રી એન્ટોનિયો ગુટેરેસ સાથે ખૂબ જ ફળદાયી વાતચીત.

G20 માં PM મોદીનું ગ્લોબલ લીડર્સ સાથે ખાસ બોન્ડિંગ, મેલોની અને બ્રાઝીલના રાષ્ટ્રપ્રમુખ સહિતના દિગ્ગજોને મળ્યા. વડાપ્રધાન મોદી ગઈકાલે પીએમ મોદી જ્હોનિસબર્ગમાં ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન અલ્બેનીઝને મળ્યા હતા.

દક્ષિણ આફ્રિકામાં યોજાઈ રહેલી G20 સમિટ ભારત માટે ખૂબ જ ખાસ છે. આના માટે ફક્ત એક જ નહીં પરંતુ અનેક કારણો છે. ૨૦૨૩માં જ્યારે ભારતે જી૨૦નું અધ્યક્ષપદ સંભાળ્યું હતું, ત્યારે ભારતે આફ્રિકન યુનિયન માટે કાયમી સભ્યપદ મેળવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. આજે, જ્યારે આ સમિટ પહેલીવાર આફ્રિકામાં યોજાઈ રહી છે, ત્યારે આફ્રિકન દેશો ભારત પ્રત્યે અનોખો આદર દર્શાવી રહ્યા છે. શુક્રવારે જ્યારે વડાપ્રધાન મોદી આફ્રિકા પહોંચ્યા, ત્યારે સ્થાનિક કલાકારોએ જમીન પર પ્રણામ કરીને તેમનું સ્વાગત કર્યું. અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, રશિયન રાષ્ટ્રપ્રમુખ પુતિન અને ચીનના રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગની ગેરહાજરીએ ભારતની હાજરીને વધુ મહત્ત્વપૂર્ણ બનાવી દીધી છે. ત્રણ મુખ્ય સત્રોમાં, વડાપ્રધાન મોદી આર્થિક વિકાસ, આબોહવા મુદ્દાઓ અને કૃત્રિમ બુદ્ધિમત્તા પર ભારતના વિચારો રજૂ કરશે. આ સમિટ ભારતને ગ્લોબલ સાઉથનો અવાજ અને વિકાસશીલ દેશોના નેતા તરીકે વધુ મજબૂત રીતે ઉભરી આવવાની તક પૂરી પાડે છે. આ જ કારણ છે કે આ G20 ભારત માટે ખૂબ જ ખાસ માનવામાં આવે છે.

## બ્રાઝીલ સહિત ૭ દેશોના જજો હાજર રહેશે

# નવા CJI સૂર્યકાંતનો શપથ સમારોહ ઐતિહાસિક રહેશે

**સોમવારે ન્યાયાધીશ સૂર્યકાંત બનશે ૫૩માં CJI**



(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૨**

ભારતીય ન્યાયતંત્રનો ઈતિહાસ સોમવારે (૨૪મી નવેમ્બર)ના રોજ એક અભૂતપૂર્વ અને રાજદ્વારી રીતે મહત્ત્વપૂર્ણ ક્ષણનો સાક્ષી બનવા જઈ રહ્યો છે. ભારતના ૫૩મા મુખ્ય ન્યાયાધીશ (CJI) તરીકે ન્યાયાધીશ સૂર્યકાંતના શપથ ગ્રહણ સમારોહમાં વિશ્વભરના મુખ્ય ન્યાયાધીશો અને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો હાજરી આપશે. બાર એન્ડ બેન્ચના અહેવાલ મુજબ, ભારતના મુખ્ય ન્યાયાધીશના શપથ ગ્રહણ સમારોહમાં આટલી મોટી સંખ્યામાં વિદેશી ન્યાયિક પ્રતિનિધિઓ હાજર રહે તેવો આ પ્રથમ પ્રસંગ છે.

લાંબી અને પ્રતિષ્ઠિત ન્યાયિક કારકિર્દી પછી ન્યાયાધીશ સૂર્યકાંત ભારતના ૫૩મા મુખ્ય ન્યાયાધીશ (CJI) તરીકે શપથ લેશે. વર્ષ ૨૦૧૯માં સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનતા પહેલા, તેમણે હિમાચલ પ્રદેશ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે સેવા આપી હતી. તેમના કાર્યકાળમાં મહત્ત્વપૂર્ણ બંધારણીય નિર્ણયો, ન્યાયિક સંસ્થાઓમાં સુધારા અને કાનૂની સહાય પ્રણાલીને મજબૂત બનાવવા માટેની પહેલો પર ધ્યાન કેન્દ્રિત થવાની સંભાવના છે.

**વિદેશી ન્યાયિક પ્રતિનિધિઓની યાદી**

- ભૂટાનના મુખ્ય ન્યાયાધીશ; જસ્ટિસ લિયોનપો નોરબુ શેરિંગ અને તેમના પત્ની લ્હાડેન લોટે.
- કેન્યાની સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને પ્રેસિડેન્ટ માર્થા કૂમે અને જસ્ટિસ સુસાન નજોકી ન્દુંગુ.
- મલેશિયાની ફેડરલ કોર્ટના જસ્ટિસ તાન શ્રી દાતુક નલિની પથમનાથન અને તેમના પતિ પશુપતિ શિવપ્રાગસમ.
- મોરેશિયસના મુખ્ય ન્યાયાધીશ બીબી રેહાના મુંગલી-ગુલબુલ અને તેમની પુત્રી રેબેકા હેન્ના બીબી ગુલબુલ.
- નેપાળના મુખ્ય ન્યાયાધીશ પ્રકાશ માન સિંહ રાઉત, ન્યાયાધીશ સપના પ્રધાન મલ્લા અને તેમના પતિ અશોક બહાદુર મલ્લા, સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ અને હાલમાં નેપાળ સરકારમાં કાયદા, ન્યાય અને સંસદીય બાબતોના મંત્રી અનિલ કુમાર સિંહા અને તેમના પત્ની ઉર્સીલા સિંહા.
- શ્રીલંકાના મુખ્ય ન્યાયાધીશ પી. પદ્મન સુરાસેના અને તેનના પત્ની સેપાલિકા સુરાસેના, જસ્ટિસ એસ. થુરૈરાજા અને તેમના પત્ની શશિકલા થુરૈરાજા, જસ્ટિસ અહેમદ નવાઝ અને તેમના પત્ની રિઝાન મોહમ્મદ ધલિપ નવાઝ.
- નેશનલ હાઈ કોર્ટ ઓફ બ્રાઝિલ, સુપિરિયર ટ્રિબ્યુનલ ડી જસ્ટિસિયાના મિનિસ્ટર એન્ટોનિયો હર્મન બેન્જામિન.

ભારત સરકારે વિદેશી ન્યાયિક મહાનુભાવોની સંપૂર્ણ યાદી બહાર પાડી છે. જેમાં ભૂટાન, કેન્યા, મલેશિયા, મોરેશિયસ, નેપાળ, શ્રીલંકા અને બ્રાઝિલના મુખ્ય ન્યાયાધીશો, સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો અને તેમના પરિવારોનો સમાવેશ થાય છે. આ હાજરી માત્ર ભારતીય ન્યાયતંત્રની વૈશ્વિક સ્થિતિ જ દર્શાવે છે, પરંતુ ભારતના ન્યાયિક અને રાજદ્વારી સંબંધો વચ્ચે વધતી જતી નિકટતાનો પણ સંકેત આપે છે.

# દિલ્હીમાં શ્વાસ લેવામાં પણ તકલીફ, AQI 439 પર પહોંચ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૨**

રાજધાની દિલ્હીમાં આજે શનિવારે હવા ફરી એકવાર ઝેરી બની છે. સવારે AQI 439 પર ભયાનક સ્તરે પહોંચ્યો છે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અનુસાર, આ હવાની ગુણવત્તા અત્યંત ખતરનાક માનવામાં આવી રહી છે. જણાવી દઈએ કે, PM2.5 સ્તર ૨૯૪ માઈક્રોગ્રામ અને PM10 સ્તર ૩૯૦ માઈક્રોગ્રામ સુધી પહોંચ્યું છે.

પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના જણાવ્યા મુજબ, આગામી ત્રણથી ચાર દિવસ સુધી હવાની ગુણવત્તામાં સુધારો થવાની શક્યતા નથી. આ વચ્ચે રાહત એ છે કે, ૨૭-૨૮ નવેમ્બર પછી, પવનની ગતિમાં સુધારો થઈ શકે છે, જે પ્રદૂષિત હવાને ધકેલી શકે છે. તેમની સામાન્ય ગતિ ૧૦-૧૫ કિમી પ્રતિ કલાકથી વધી શકે છે, જે પ્રદૂષિત કણોને આરામથી ધકેલી શકે છે. આ ઉપરાંત, વરસાદની કોઈ આગાહી નથી, તેથી ડિસેમ્બરના પ્રથમ અઠવાડિયા સુધીમાં સંપૂર્ણ રાહતની અપેક્ષા છે. નવેમ્બરના છેલ્લા અઠવાડિયા સુધીમાં, ઠંડી વધુ તીવ્ર બનશે. મહત્તમ તાપમાન ૨૬ થી ૨૭ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રી સેલ્સિયસ રહેવાની ધારણા છે, રાત્રે વધુ ઘટાડો થવાની ધારણા છે.




## સુવિચાર - સદ્‌વિચાર

જ્યારે બધું સારૂં હોય છે, ત્યારે બધું જ સારૂં હોય છે, પણ સહેજ અંધકાર આવવાનો શરૂ થાય છે ને પડછાયો પણ સાથ નથી આપતો, એ ભૂલતા નહીં !

## આજની પર્સનાલીટી

# સત્ય સાંઈ બાબા

**(જન્મ: ૨૩ નવેમ્બર ૧૯૨૬; મૃત્યુ: ૨૪ એપ્રિલ ૨૦૧૧)**

લગભગ ૬૦ વર્ષોથી ભારતના સૌથી પ્રભાવશાળી આધ્યાત્મિક ગુરુઓમાંના એક હતા. સત્ય સાંઈ બાબાનું બાળપણનું નામ સત્યનારાયણ રાજુ હતું. સત્ય સાંઈનો જન્મ ૨૩ નવેમ્બર ૧૯૨૬ના રોજ આંધ્ર પ્રદેશના પુટ્ટપર્થી ગામમાં થયો હતો. માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં તેમના અસંખ્ય અનુયાયીઓ છે. બાબાએ લાંબી માંદગી બાદ ૨૪ એપ્રિલ ૨૦૧૧ના રોજ ચિરસમાધિ લીધી. બાબાને પ્રખ્યાત આધ્યાત્મિક ગુરુ શિરડીના સાંઈ બાબાનો અવતાર માનવામાં આવે છે.

**સત્ય સાંઈ જીવન અને ખ્યાતિ:** ૨૩ નવેમ્બર ૧૯૨૬ના રોજ આંધ્રપ્રદેશના અનંતપુર જિલ્લાના પુટ્ટપર્થી ગામમાં એક સામાન્ય પરિવારમાં જન્મેલા સત્યનારાયણ રાજુએ ૧૪ વર્ષની ઉંમરે ૨૦ ઓક્ટોબર ૧૯૪૦ના રોજ પોતાને શિરડીથી સાંઈ બાબાનો અવતાર ગણાવ્યો હતો. જ્યારે પણ તે શિરડી સાંઈ બાબાની વાત કરતા ત્યારે તેઓ તેમને 'પોતાનું પૂર્વ શરીર' કહેતા.



સત્યનારાયણ રાજુએ શિરડીના સાંઈ બાબાના પુનર્જન્મની માન્યતા સાથે સત્ય સાંઈ બાબા તરીકે વિશ્વવ્યાપી ખ્યાતિ મેળવી હતી. સત્ય સાઈ બાબા તેમના ચમત્કારો માટે પણ પ્રખ્યાત હતા અને તેઓ ઘણી બધી વાતો હવામાં ઉજાગર કરતા હતા અનેતેના કારણે તેમના ટીકાકારો તેમના વિરુદ્ધ પ્રચાર કરતા હતા. તેમના પ્રારંભિક જીવનમાં, સત્યનારાયણ રાજુને 'અસામાન્ય પ્રતિભા' ધરાવતા પરોપકારી બાળક તરીકે વર્ણવવામાં આવ્યા હતા. નાટક, સંગીત, નૃત્ય અને લેખન પ્રતિભા ધરાવતા આ છોકરાએ ઘણી કવિતાઓ અને નાટકો લખ્યા. તેઓ ગાયક તરીકે પણ જાણીતા બન્યા અને તેમના ભજનોની ઘણી સીડી આવી. સત્ય સાંઈ બાબાના અનુયાયીઓએ ૧૯૪૪માં પુટ્ટપર્થી ખાતે એક નાનું મંદિર અને ૧૯૫૦માં એક વિશાળ આશ્રમ બનાવ્યો જે 'પ્રશાંતિ નિલયમ'ના રૂપમાં તેમનું કાયમી કેન્દ્ર બની ગયું.

૨૦મી સદી દરમિયાન આંધ્રપ્રદેશમાં ખૂબ જ ખરાબ દુકાળ પડ્યો હતો, જ્યારે ભગવાન શ્રી સત્ય સાંઈ બાબાજીએ લગભગ ૭૫૦ ગામડાઓ માટે પાણીની વ્યવસ્થા કરી હતી. સામાન્ય માણસથી લઈને રાષ્ટ્રપતિ સુધી તેમના ભક્તો સામેલ થયા છે, પરંતુ પુટ્ટપર્થીના સત્ય સાંઈ બાબાના આધ્યાત્મિક પ્રભાવની સાથે તેમની સાથે વિવાદો પણ જોડાયેલા છે. ભારતમાં ઘણા આધ્યાત્મિક સંતો થયા છે અને છે, પરંતુ એવું માનવામાં આવે છે કે સત્ય સાંઈ બાબાના નામ અને ખ્યાતિ સાથે ભાગ્યે જ કોઈ મેળ ખાતું હશે. સત્ય સાંઈ બાબાનો પ્રભાવ સમગ્ર વિશ્વમાં ફેલાયેલો છે અને ભારતમાં તેમજ વિદેશમાં તેમના લાખો ભક્તો છે. બાબાનાજાણીતા ભક્તોમાં વડા પ્રધાન, કેન્દ્રીય પ્રધાનો, રાજ્યપાલો, મુખ્ય પ્રધાનો અને ઉચ્ચ કક્ષાના નેતાઓ, ફિલ્મ સ્ટાર્સ, ઉદ્યોગપતિઓ અને રમતવીરોનો સમાવેશ થાય છે. આંધ્રપ્રદેશનું એક નાનકડું ગામ પુટ્ટપર્થી આંતરરાષ્ટ્રીય નકશા પર આવી ગયું છે અને તેના કારણે જ બાબાના આધ્યાત્મિક સ્થળ પ્રશાંતિ નિલયમમાં દિવસરાત વિદેશી ભક્તો આવે છે. વિશ્વના વિવિધ ભાગોમાંથી બાબાના ભક્તોના ચાર્ટર્ડ વિમાનો આ નગરના વિશેષ એરપોર્ટ પર ઉતરાણ કરી રહ્યા છે. સત્ય સાંઈ બાબાના આશ્રમમાં કથિત ગોટાળાના અહેવાલો પણ આવ્યા હતા. તેમની સામે જાતીય વર્તણૂકને લઈને પણ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા, પરંતુ તેમણે અને તેમના ભક્તોએ તેને તેમના વિરોધીઓનું કાવતરું ગણાવીને ફગાવી દીધું હતું.

બાબાએ આધ્યાત્મિક ઉપદેશોની સાથે સામાજિક ક્ષેત્રમાં અનેક સેવાકીય કાર્યો કર્યા. જેની શરૂઆત પુટ્ટપર્થીમાં એક નાની હોસ્પિટલના નિર્માણથી થઈ હતી, જે હવે ૨૨૦ બેડની સુપર સ્પેશિયાલિટી સત્ય સાઈ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હાયર મેડિકલ સાયન્સમાં વિકસ્યું છે. આ ઉપરાંત, બેંગ્લોરની બહારની બાજુમાં અન્ય ૩૩૩ બેડની સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ જજઈઈખજ. ખોલવામાં આવ્યું હતું. અહીં વૃંદાવનમાં બાબાનું ઉનાળુ કેન્દ્ર છે. સત્ય સાંઈસેન્ટ્રલ ટ્રસ્ટ આ તમામ સામાજિક સેવા પ્રવૃત્તિઓનું ધ્યાન રાખે છે અને પુટ્ટપર્થીમાં સત્ય સાંઈ યુનિવર્સિટી પણ ચલાવે છે. આ ઉપરાંત આ ટ્રસ્ટ વિવિધ રાજ્યોમાં ઘણી શાળાઓ અને દવાખાનાઓનું પણ સંચાલન કરે છે. સત્ય સાંઈ સેન્ટ્રલ ટ્રસ્ટે આંધ્રપ્રદેશ, તમિલનાડુ અને મહારાષ્ટ્રમાં પાણી પુરવઠાની મોટી યોજનાઓ પર પણ કામ કર્યું છે. સત્ય સાંઈ સેવા સંગઠનના સ્વયંસેવકો માત્ર આંધ્રપ્રદેશમાં જ નહીં પરંતુ દેશના અન્ય ભાગોમાં પણ કુદરતી આફતો દરમિયાન રાહત અને પુનર્વસનના કાર્યોમાં સેવા આપતા જોઈ શકાય છે. સત્ય સાંઈ બાબાએ ભારતમાં ત્રણ મંદિરો પણ સ્થાપ્યા, જેમ કે મુંબઈમાં ધર્મક્ષેત્ર, હૈદરાબાદમાં શિવમ અને ચેન્નાઈમાં સુંદરમ્. આ ઉપરાંત, સત્ય સાંઈ કેન્દ્રો વિશ્વના ૧૧૪ દેશોમાં સ્થિત છે.

સત્ય સાંઈ બાબાએ ૧૯૫૭માં ઉત્તર ભારતના મંદિરોની મુલાકાત લીધી હતી અને ૧૯૬૮માં તેમની એકમાત્ર વિદેશ યાત્રા પર યુગાન્ડા ગયા હતા. સત્ય સાંઈ બાબાને ૧૯૬૩માં ચાર ગંભીર હાર્ટ એટેક આવ્યા હતા. બાબા ૨૦૦૫થી વ્હીલચેરમાં હતા અને નાદુરસ્ત તબિયતને કારણે ભાગ્યે જ જાહેર કાર્યક્રમોમાં હાજરી આપતા હતા. વર્ષ ૨૦૦૬માં, બાબાને હિપ ફ્રેક્ચર થયું હતું જ્યારે લોખંડના સ્ટૂલ પર ઊભેલા વિદ્યાર્થીને લપસી ગયો હતો અને તે અને સ્ટૂલ બંને બાબા પર પડ્યા હતા. તેઓ પોતાના ભક્તોને કાર દ્વારા અથવા બંદર ખુરશી પરથી દર્શન આપતા હતા.

**મૃત્યુ:** સત્ય સાંઈ બાબાનું રવિવારે સવારે ૭.૪૦ કલાકે અવસાન થયું હતું. છેલ્લા એક મહિનાથી હોસ્પિટલમાં દાખલ હતા. વહેલી સવારે તેમના પરિવારના સભ્યો તેમના દર્શન કરવા હોસ્પિટલ પહોંચ્યા હતા. આ પહેલા સ્થાનિક ટીવી ચેનલોએ સત્ય સાંઈના નિધનના સમાચાર આપ્યા હતા. આના થોડા સમય બાદ તેમના મૃત્યુની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી હતી.

## મહારાષ્ટ્રના થાણેમાં કરુણાંતિકા

# બેફામ કારે અનેક વાહનો ફંગોળી નાખ્યા, ૪ લોકોના મોત





(સંપૂર્ણ સમાચાર સેવા)
**મુંબઈ, તા.૨૨**

મુંબઈને અડીને આવેલા થાણે જિલ્લામાં અંબરનાથના પૂર્વ અને પશ્ચિમ ભાગોને જોડતા પુલ પર શુક્રવારે રાત્રે એક ભયાનક માર્ગ અકસ્માત થયો હતો. એક સ્પીડમાં આવેલી ફોર વ્હીલર સામેથી આવતા અનેક ટુ વ્હીલર સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં ૪ ટુ વ્હીલર સવારોના ઘટનાસ્થળે જ મોત થયા છે.

પ્રારંભિક માહિતી મુજબ, પુલ પર એક કાર ખૂબ જ ઝડપથી દોડી રહી હતી. ડ્રાઈવરે કાર પરનો કાબુ ગુમાવ્યો હોવાનું સામે આવ્યું છે. કાબુ બહાર ગયેલી કારે પુલ પરથી સામે આવી રહેલા ટુ વ્હીલરને કચડી નાખ્યા હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે, ટુ વ્હીલર સવારો પુલની નીચે ઘા થઈ ગયા હતા. આ ઉપરાંત, અનેક વાહનોને પણ ભારે નુકસાન થયું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, કાર ખૂબ જ ઝડપથી આવી રહી હતી, જેના કારણે આ અકસ્માત થયો હતો.

**કારચાલકને હૃદયરોગનો હુમલો આવતાં તેણે કાર પરનું સંતુલન ગુમાવ્યું, જેના પરિણામે આ અકસ્માત સર્જાયો**

પોલીસે જણાવ્યું હતું કે, આ ભયાનક અકસ્માતમાં ચાર ટુ-વ્હીલર સવારોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. મૃતકોના નામ અને ઓળખ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. પોલીસ તેમની ઓળખ માટે કામ કરી રહી છે. અકસ્માતમાં ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. તેમને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હાલમાં, ઘાયલોની સારવાર ચાલી રહી છે. તેમની સ્થિતિ વિશે કોઈ માહિતી જાહેર કરવામાં આવી નથી.

પુલ પર લગાવેલા CCTV કેમેરામાં સમગ્ર અકસ્માત કેદ થયો છે. ફૂટેજમાં સ્પષ્ટ દેખાય છે કે, કેવી રીતે ઝડપી ગતિએ જતી કારે કાબુ ગુમાવ્યો અને ટુ-વ્હીલર્સને ટક્કર મારી હતી. પોલીસે ફૂટેજ કબજે કર્યા છે અને ફૂટેજના આધારે અકસ્માતનું ચોક્કસ કારણ અને કારના ડ્રાઈવરની તપાસ કરી રહી છે.

આ અકસ્માતને કારણે પુલ પર હાહાકાર મચી ગયો હતો. અકસ્માતની માહિતી મળતાં, સ્થાનિક નાગરિકો અને રાહદારીઓએ તાત્કાલિક રાહત કાર્ય શરૂ કર્યું અને ઘાયલોને હોસ્પિટલ પહોંચાડવામાં મદદ કરી હતી. અંબરનાથ પોલીસે કેસ નોંધ્યો છે અને હાલમાં કારના ડ્રાઈવરની શોધ કરી રહી છે. પોલીસના પ્રાથમિક અહેવાલો અને ઘટનાના સંજોગો અનુસાર, અકસ્માતનું મુખ્ય કારણ કાર ચાલકને આવેલો હૃદયરોગનો હુમલો છે. કારચાલકને અચાનક હૃદયરોગનો હુમલો આવતાં તેણે કાર પરનું સંતુલન ગુમાવ્યું હતું, જેના પરિણામે આ ગંભીર અકસ્માત સર્જાયો. અકસ્માત બાદ ફ્લાયઓવર અને રસ્તા બંને પર લોકોની ભીડ એકઠી થઈ ગઈ હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. પોલીસે આ મામલે કેસ નોંધીને ઘટનાના ચોક્કસ કારણની તપાસ શરૂ કરી છે.

# બંગાળની ખાડીથી સેન્યાર વાવાઝોડું લાવશે તબાહી!



(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૨**

દેશમાં હાલ ઠંડીનો કહેર જોવા મળી રહ્યો છે. ખાસ કરીને ઉત્તર ભારતમાં કોહરો છવાયેલો છે. દિલ્હી એનસીઆરમાં પણ હળવી ઠંડી પડવા લાગી છે. પ્રદૂષણના કારણે અહીં સમસ્યા વધી ગઈ છે.

હવામાન વિભાગના જણાવ્યાં મુજબ ૨૩ નવેમ્બર ૨૦૨૫ના રોજ પશ્ચિમ અને મધ્ય ભારતમાં આગામી ૩ દિવસમાં ન્યૂનતમ તાપમાન ૨-૩ ડિગ્રી સેલ્સિયસ વધી શકે છે. જ્યારે ઉત્તર-પશ્ચિમ ભારતમાં રાતના સમયે તાપમાનમાં ૨-૩ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો જોવા મળી શકે છે.

હવામાન વિભાગે બંગાળની ખાડીમાં એક નવા ચક્રવાતી સર્ક્યુલેશનની સંભાવના વચ્ચે સાઉથ ઈન્ડિયામાં તોફાન અને ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. ૨૩-૨૪ નવેમ્બર ૨૦૨૫ના રોજ કેરળ સહિત આંધ્ર પ્રદેશ, અને તટીય તમિલનાડુમાં ભારે વરસાદ અંગે એલર્ટ જાહેર કરાયું છે. આ દરમિયાન ૫૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. એવું કહેવાય છે કે સેન્યાર સાઈક્લોનિક સર્ક્યુલેશનના પગલે ભારે તબાહી મચી શકે છે.

બંગાળની ખાડીમાં સર્જાઈ રહેલી ચક્રવાતી સિસ્ટમ ૨૪ નવેમ્બર સુધીમાં ડિપ્રેશનમાં અને પછી સેન્યાર વાવાઝોડામાં ફેરવાઈ શકે તેવી હવામાન વિભાગે શક્યતા વ્યક્ત કરી છે. ૨૭થી ૩૦ નવેમ્બરની વચ્ચે લેન્ડફોલ થાય તેવી સંભાવનાના પગલે આંધ્રના તટીય જિલ્લાઓને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. હવામાન વિભાગના જણાવ્યાં મુજબ બંગાળની ખાડીમાં શુક્રવાથી સાઈક્લોનિક સર્ક્યુલેશન સક્રિય છે જે રવિવારે લો પ્રેશરમાં અને સોમવાર સુધીમાં ડિપ્રેશનમાં ફેરવાય તેવી સંભાવના છે. ત્યારબાદ સિસ્ટમ મજબૂત થઈને સેન્યાર વાવાઝોડામાં ફેરવાઈ શકે છે. આ સિસ્ટમથી જો સૌથી વધુ જોખમ કોઈ રાજ્યોને હોય તો તે આંધ્ર પ્રદેશ અને તેલંગણાના છે.

## દિલ્હી બ્લાસ્ટ કેસમાં વધુ એક કાર્યવાહી

# જમ્મુ-કાશ્મીરમાં ઈલેક્ટ્રિશિયન તુફૈલની ધરપકડ કરવામાં આવી



(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૨**

દિલ્હી કાર બ્લાસ્ટ કેસમાં વધુ એક મોટી કાર્યવાહી કરવામાં આવી છે. રાજ્ય તપાસ એજન્સીએ જમ્મુ-કાશ્મીરમાંથી એક ઈલેક્ટ્રિશિયનની ધરપકડ કરી છે. ઈલેક્ટ્રિશિયનની ઓળખ પુલવામાના તુફૈલ અહમ તરીકે થઈ છે, જેના પર આતંકવાદી મોડ્યુલનો સભ્ય હોવાની શંકા છે.

તુફૈલ અહમદને પૂછપરછ માટે એક ઔદ્યોગિક ક્ષેત્રથી અટકાયત કરવામાં આવી છે. તુફૈલનું જૈશ-એ-મોહમ્મદ (JeM) સાથે જોડાણ હોવાની શંકા વર્તાઈ રહી છે.

મીડિયા રિપોર્ટ મુજબ, દિલ્હી બ્લાસ્ટ કેસની તપાસ દરમિયાન બ્લાસ્ટમાં સંકળાયેલા જરૂરી પૂરાવાઓ સામે આવી રહ્યા છે. તેવામાં ઝડપાયેલા આરોપીને લઈને તપાસ એજન્સી આતંકી મોડ્યૂલમાં તેની ભૂમિકા અંગે તપાસ ચાલી રહી છે. તમને જણાવી દઈએ કે, દિલ્હીના લાલ કિલ્લા પાસે થયેલા કાર બ્લાસ્ટમાં ૧૫ લોકોના મોત નીપજ્યા હતા.

આ પહેલા રાષ્ટ્રીય તપાસ એજન્સી(NIA)એ ગત ગુરુવારે ત્રણ ડૉક્ટર અને એક ધાર્મિક ઉપદેશકની ધરપકડ કરી હતી. વિસ્ફોટ બાદ, જમ્મુ અને કાશ્મીર પોલીસે મૌલવી ઈરફાન અહેમદ વાગે સાથે મુઝમ્મિલ ગનઈ, આદિલ રાથર અને શાહીના સઈદની ધરપકડ કરી હતી.

NIAના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાં જિલ્લા સત્ર ન્યાયાધીશના પ્રોડક્શન ઓર્ડર બાદ આતંકવાદ વિરોધી તપાસ એજન્સીએ શ્રીનગરમાં આરોપીને કસ્ટડીમાં લીધો હતો. આ તમામ આરોપીઓએ આતંકવાદી હુમલામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

ભારતીય ગુપ્તચર એજન્સીઓની તપાસના તારણો અનુસાર, લાલ કિલ્લા નજીક બ્લાસ્ટ થયેલી કાર પાકિસ્તાન સમર્થિત આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદ સાથે જોડાયેલા નેટવર્કની યોજનાનો સીધો ભાગ હતી.

આ કાવતરાનું સંચાલન જૈશ-એ-મોહમ્મદના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં હ્યુન્ડાઈ i20 કારમાં એમોનિયમ નાઈટ્રેટ આધારિત વિસ્ફોટક ભરવામાં આવ્યો હતો.

## મહારાષ્ટ્ર યોજાનાર સ્થાનિક એકમની ચૂંટણી

# ભાજપના ૧૦૦ ઉમેદવાર તો બિનહરીફ જ જીતી ગયા!

**ચૂંટણી પહેલા જ ભાજપે એક મોટો સ્કોર બનાવી દીધો છે: ભાજપ પ્રદેશ અધ્યક્ષ રવીન્દ્ર ચવ્હાણે માહિતી આપી**



(સંપૂર્ણ સમાચાર સેવા)
**મુંબઈ, તા.૨૨**

મહારાષ્ટ્રની નગર પરિષદ અને નગર પંચાયતની ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીએ જબરદસ્ત સરસાઈ મેળવવાનો દાવો કર્યો છે. ઉમેદવારી પાછી ખેંચવાની અંતિમ તારીખે, પાર્ટીના ૧૦૦ નગરસેવકો અને ૩ ચેરમેન નિર્વિરોધ ચૂંટાયા. આનો અર્થ એ છે કે ચૂંટણી મુકાબલો શરૂ થાય તે પહેલા જ ભાજપે એક મોટો સ્કોર બનાવી દીધો છે. ભાજપના પ્રદેશ અધ્યક્ષ રવીન્દ્ર ચવ્હાણે આ જીતની માહિતી આપી હતી.

ભાજપના પ્રદેશ અધ્યક્ષ રવીન્દ્ર ચવ્હાણના મતે પીએમ મોદી અને મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વ પર જનતાએ વિશ્વાસ મૂક્યો છે. પાર્ટીના નેતાઓ દાવો કરે છે કે ભાજપની નીતિઓ અને વિકાસના વચનોએ એટલો પ્રભાવ પાડ્યો કે ઘણી જગ્યાએ વિપક્ષે ચૂંટણીમાં ઊભા રહેવાની હિંમત પણ ન બતાવી.

નિર્વિરોધ જીતના આંકડા રાજ્યના વિવિધ ભાગોમાંથી પ્રાપ્ત થયા છે. સૌથી વધુ બેઠકો ઉત્તર મહારાષ્ટ્ર અને પશ્ચિમ મહારાષ્ટ્રમાંથી જીતવામાં આવી છે. જેમાં ઉત્તર મહારાષ્ટ્ર: ૪૯, પશ્ચિમ મહારાષ્ટ્ર: ૪૧, કોંકણ: ૪, મરાઠવાડા: ૩, વિદર્ભ: ૩. આ આંકડાઓ સ્પષ્ટપણે દર્શાવે છે કે ઉત્તર અને પશ્ચિમ મહારાષ્ટ્રમાં ભાજપની પકડ મજબૂત બની રહી છે. ભાજપના કહેવા મુજબ, ઉમેદવારી પાછી ખેંચવાની અંતિમ તારીખે સમય પૂરો થતાંની સાથે જ, ભાજપના ઉમેદવારો માટે નિર્વિરોધ ચૂંટાવાનો રસ્તો સરળ બન્યો. વિપક્ષ તરફથી ઘણી જગ્યાએ કાં તો કોઈ ઉમેદવાર મેદાનમાં ન આવ્યા અથવા છેલ્લી ઘડીએ ફોર્મ પાછા ખેંચી લેવામાં આવ્યા. આ રીતે, ભાજપે ચૂંટણી લડ્યા વિના જ મોટી સંખ્યામાં જીત હાંસલ કરવાનો દાવો કર્યો છે.

ભાજપ આ સફળતાને પોતાના સંગઠનની મજબૂતી અને સરકારના કામકાજની સ્વીકાર્યતા તરીકે રજૂ કરી રહી છે. જોકે, વિપક્ષનું માનવું છે કે ખરો મુકાબલો તો ચૂંટણીમાં હવે થવાનો બાકી છે. આમ છતાં, મતદાન શરૂ થાય તે પહેલા જ ભાજપે પ્રારંભિક સરસાઈ મેળવી લીધી છે. બાકીની બેઠકો પર યોજાનારા મુકાબલા જ હવે અંતિમ પરિણામો કોના પક્ષમાં રહેશે તે નક્કી કરશે.

## અજિત પવારનું વિવાદિત નિવેદન

# તમારી પાસે મત છે, મારી પાસે પૈસા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**મુંબઈ, તા.૨૨**

મહારાષ્ટ્રમાં આગામી સ્થાનિકસ્વરાજની ચૂંટણીને લઈને રાજકારણ ગરમાયું છે. રાજકીય પક્ષો જનસભાઓમાં લાગેલા છે. આ વચ્ચે રાજ્યની રાજનીતિમાં નવો વિવાદ સર્જાયો છે. મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારે માલેગાંવમાં એક સભા દરમિયાન કહ્યું કે, તમારી પાસે મત છે, મારી પાસે પૈસા છે. જો અમારા ઉમેદવાર જીતશે તો હું પૈસાની કમી નહીં થવા દઉં, નહીં જીતે તો હું પણ તમારી મદદ નહીં કરું.

આ નિવેદન માલેગાંવ નગર પંચાયત ચૂંટણીના પ્રચાર દરમિયાન આવ્યું, જ્યાં પવાર NCP ઉમેદવારોના સમર્થનમાં પહોંચ્યા હતા. સ્ટેજ પરથી આપેલું આ નિવેદન રાજકીય ચર્ચાનો વિષય બની ગયો. વિપક્ષે તેને ખુલ્લી ધમકી અને સરકારી નાણાંને પોતાની સંપત્તિની જેમ રજૂ કરવા ગણાવ્યું. મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરમાં મહારાષ્ટ્ર વિધાન પરિષદના પૂર્વ વિપક્ષી નેતા અંબાદાસ દાનવે અજિત પવારના નિવેદન પર



આકરી પ્રતિક્રિયા આપી છે. દાનવે કહ્યું કે, આ એક પ્રકારની ધમકી છે, કારણ કે મત આપવો દરેક નાગરિકનો અધિકાર છે અને વિકાસ નિધિ(નાણાં) આપવા સરકારનું કામ છે. વિકાસ નિધિ જનતાના ટેક્સના પૈસાથી થાય છે, ન કે કોઈ એક નેતાના ઘરેથી આવે છે. આવા નિવેદનને ચૂંટણી પંચે ગંભીરતાથી જોવા જોઈએ. દાનવે મહારાષ્ટ્રના મરાઠાવાડા વિસ્તારમાં ખેડૂતોની સ્થિતિ પર પણ ચિંતા વ્યક્ત કરી. તેમણે જણાવ્યું કે, છેલ્લા ૧૦ મહિનામાં ૮૯૯ ખેડૂતોએ આપઘાત કર્યા છે અને આ સંખ્યા હજુ વધવાની શક્યતા છે. કમોસમી વરસાદે ખેડૂતોના પાકને ખૂબ નુકસાન પહોંચાડ્યું, પરંતુ સરકારની મદદ તેમાંથી વધુ પડતાને નથી પહોંચી. સરકારે રાહત પેકેજ જાહેર કર્યું હતું, પરંતુ તે પણ સંપૂર્ણ રીતે લાગુ ન થયું, આ કારણથી ખેડૂતો આપઘાત કરી રહ્યા છે.

અજિત પવારે પોતાના નિવેદનમાં કહ્યું કે, વિરોધી પાર્ટીઓને ટિપ્પણીઓ કરવાનો અધિકાર છે, પરંતુ જેઓ ખુદ તેમાં સામેલ હોય છે તેના પર વાત કરે છે. હું નેતાઓની વાત પર ધ્યાન નથી આપતો, પરંતુ વિકાસના કામોને મહત્ત્વ આપું છું. વિકાસ માટે ભલે કેન્દ્રના નાણા હોય કે રાજ્યના, તેને યોગ્ય જગ્યાએ ખર્ચ કરવા જોઈએ અને સૌએ સાથે મળીને ચાલવું જોઈએ.

# તેજસ ફાઈટર જેટ ક્રેશ થતાં પહેલા પાઈલટે કર્યો હતો બહાર નીકળવાનો પ્રયાસ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**દુબઈ, તા.૨૨**

દુનિયાના સૌથી મોટા એર શોમાંના એક દુબઈ એર શોમાં શુક્રવારે ભારતનું સ્વદેશી મલ્ટી-રોલ લાઈટ કોમ્બેટ ફાઈટર જેટ તેજસ હવામાં કરતબ બતાવતા અચાનક તૂટી પડયું હતું. આ વિમાન અકસ્માતમાં ભારતીય એરફોર્સના પાઈલટ નયન સ્યાલનું પણ મોત નીપજ્યું હતું. ત્યારે હવે નવો વીડિયો સામે આવ્યો છે. જેમાં દુર્ઘટનાની અંતિમ ક્ષણો સ્પષ્ટપણે જોઈ શકાય છે કે તેજસના પાઈલટે અંતિમ સમયે ઈજેક્ટ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ત્યાં સુધીમાં ફાઈટર જેટ જમીન પર ટકરાઈ ગયું હતું. જોકે, તેમની પાસે વધુ સમય પણ નહોતો કારણ કે ફાઈટર જેટ આકાશમાં ઓછી ઉંચાઈ પર હતું.

આ નવા વીડિયોમાં ટાઈમ સ્ટેમ્પના ૪૪માં અને ૫૯માં સેકન્ડની વચ્ચે ફાઈટર જેટ જમીન પર પડી જાય છે અને આગ ભડકી ઉઠે છે. વીડિયોમાં પેરાશૂટ જેવી વસ્તુ દેખાય છે, જે સૂચવે છે કે પાઈલટે ક્રેશ પહેલાં બહાર નીકળવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે ખૂબ મોડું થઈ ગયું હતું. એ પણ શક્ય છે કે પાઈલટ, વિંગ કમાન્ડર સ્યાલ, ક્રેશ પહેલાં વિમાન પર ફરીથી નિયંત્રણ મેળવવા અને બચાવવાનો પ્રયાસ કરી રહ્યો હતો, કારણ કે તેજસનો સલામતી રેકોર્ડ લગભગ દોષરહિત છે. જોકે, ભારતીય કંપની હિન્દુસ્તાન એરોનોટિક્સના ફાઈટર વિમાનના અકસ્માત અંગે ભારતીય એરફોર્સે તપાસનો આદેશ આપી દીધો છે.

**તેજસના પાઇલટે અંતિમ સમયે ઇજેક્ટ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ત્યાં સુધીમાં ફાઈટર જેટ જમીન પર ટકરાઈ ગયું હતું**

દુબઈમાં પાંચ દિવસના એર શોનો શુક્રવારે અંતિમ દિવસ હતો. દુનિયાના ૨૦૦ જેટલા ફાઈટર જેટ અહીં આવ્યા હતા. અલ મક્તૂમ આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટ પર ભારતનું સ્વદેશી તેજસ ફાઈટર જેટ હવાઈ કરતબ કરતું હતું ત્યારે અચાનક જ બપોરે ૨.૧૦ કલાકે વિમાન તૂટી પડયું હતું. આ પહેલાં માર્ચ ૨૦૨૪માં જેસલમેરમાં તેજસ ફાઈટર જેટનો પહેલો અકસ્માત થયો હતો.

# ભાવનગરમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના મકાનોમાં સઘન ચેકિંગ, ૫૫ ટકા ભાડૂઆત રહેતા હોવાનો ઘટસ્ફોટ



**૧૧૫ મકાનોમાં ભાડુઆત, ૧૧૨ બંધ મકાન તેમજ ૯૩ મૂળ લાભાર્થી આ પ્રધાનમંત્રી આવસના મકાનોમાં વસવાટ કરી રહ્યા છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ભાવનગર,તા.૨૨**

ભાવનગર શહેરમાં આવેલ પ્રધાનમંત્રી આવાસ યોજનાના મકાનોમાં જે મકાન માલિકી ધરાવતા ન હોય અને તે મકાનો માં ભાડુઆત તરીકે રહેતા લોકો સામે મહાનગરપાલિકા દ્વારા ચેકીંગ હાથ ધરી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. આ આવાસ યોજના ઓનાં ૩૨૦ મકાનો માં જેમાં ૧૧૫ મકાનો માં ભાડુઆત, ૧૧૨ બંધ મકાન તેમજ ૯૩ મૂળ લાભાર્થી આ પ્રધાનમંત્રી આવસના મકાનોમાં વસવાટ કરી રહ્યા છે ત્યારે સરેરાશ ૫૫% જેટલા ભાડુઆત રહેતા હોય અને મકાન માલિક બહાર રહેતા હોય તેવું પણ અધિકારી દ્વારા જણાવેલ હતું. આવા લોકો ને તાત્કાલિક સ્થળ પર નોટિસ આપી અને દિવસ ૩ માં મકાન ખાલી કરવા હુકમ કરવામાં આવેલ જો મકાન ખાલી નહિ કરે તો મહાનગરપાલિકા દ્વારા સીલ મારવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશેભાવનગર શહેર નાં સુભાષનગર વિસ્તારમાં આવેલ ગોકુલધામ સોસાયટીનાં પ્રધાનમંત્રી આવાસ યોજના, ૨૫૪૮ EWS-1 (૩૨૦ આવાસ), ટીપી સ્કીમ નંબર-૮, રૂઆ ફા પ્લોટ-૮ માં આવેલ મકાનોમાં મહાનગરપાલિકા ની ટીમ દ્વારા ચેકિંગ હાથ ધરી જે આવાસ યોજના માં મકાન ની માલિકી ન ધરાવતા હોય અને અન્ય ની માલિકીનાં મકાનમાં ભાડુઆત તરીકે રહેતા લોકો ને ઝડપી મહાનગરપાલિકા દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જે અંગે મહાનગરપાલિકા દ્વારા આવાસ યોજના નાં મકાન માં ભાડુઆત હોય અને માલિક ભાડું ખાતા હોય તેવા લોકોને નોટિસ આપવામાં આવી હતી અને ત્રણ દિવસમાં ખાલી કરવા હુકમ કરવામાં આવેલ છે તેમ છતાં જો ત્રણ દિવસમાં મકાન માલિક ભાડુઆતને ખાલી નહીં કરાવે તો આવા ચેકિંગ દરમિયાન ઝડપાયેલા આવાસ યોજનાનાં મકાનોને સીલ પણ મારવામાં આવશે. તેમ મહાનગરપાલિકાનાં અધિકારી દ્વારા જણાવ્યું હતું

અધિકારીએ વધુ માં જણાવ્યું હતું કે આજે જે ચેકિંગ દરમિયાન સામે આવ્યું છે આ સોસાયટીમાં આવેલ પ્રધાનમંત્રી આવાસ યોજનાઓનાં ૩૨૦ મકાનોમાં લગભગ ૫૫% જેટલા ભાડુઆત રહેતા હોય અને મકાન માલિક બહાર રહેતા હોય તેવું પણ અધિકારી દ્વારા જણાવેલ હતું. વધુમાં જણાવ્યું હતું કે આવાસ યોજના મકાનનાં લાભાર્થીઓ ૭ વર્ષ સુધી ભાડે તેમજ અન્ય ને વેચાણ નથી કરી શકતા જે ને લઈ મહાનગરપાલિકા દ્વારા અધિકારી સહિત ૧૬ કર્મચારીઓ ની અલગ અલગ ૪ ટિમો બનાવી ચેકિંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી અને જેમાં ૫૫ ટકાથી વધુ આવસોમાં મુળ લાભાર્થીઓ એ પોતાના આવસો ભાડા અર્થે આપેલા હતા તેની સામે કાર્યવાહી કરવામાં આવી છે અને ભાડે આપેલ લાભાર્થીઓને હાલ ૩ દિવસમાં આવાસ ખાલી કરવા માટે આદેશ આપવામાં આવ્યા છે.

લાભાર્થીઓ પાસે ૩૦૦નાં બોન્ડ પર લખાણ કરાવવામાં આવશે કે આગામી ૭ વર્ષ સુધી કોઈ ને ભાડા પેટે આવાસ નહિ આપવા આવે અને જો આવનાર દિવસોમાં ભાડા માટે આવાસ આપવામાં આવશે તો તે લાભાર્થીનાં આવાસ છે જે તેને સીલ મારવા અંગે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.અને શહેર નાં અન્ય આવાસ યોજના નું પણ ચેકિંગ હાથ ધરવામાં આવશે અને જે લોકો એ અન્ય આવાસો પણ કોઈ લાભાર્થી એ ભાડા અર્થે આવાસ આપ્યું હશે તો તેની સામે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવું જણાવ્યું હતું..

**SIR કેટલાનો ભોગ લેશે?**

# ખેડા બાદ હવે વડોદરાના BLOને આવ્યો હાર્ટ એટેક

**સાથીઓએ જણાવ્યું કે, ૧૦ દિવસથી તેઓ એક જ વખત જમી રહ્યા હતા અને વ્યવસ્થિત ઊંઘ પણ લઈ રહ્યા ન હતા**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**વડોદરા, તા.૨૨**

SIR ની કામગીરીના ભારે તણાવ વચ્ચે ફરી એક દુઃખદ ઘટના સામે આવી છે. વડોદરાના પાદરા તાલુકાના બૂથ લેવલ ઓફિસર (BLO) જુલ્ફીકર પઠાણને અચાનક હાર્ટ એટેક આવતાં તેમની તબિયત લથડી છે. છાતીમાં અસહ્ય દુખાવો થતાં તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

સાથી કર્મચારીઓના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક દિવસથી જુલ્ફીકરભાઈ ભારે તણાવમાં હતા. SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) કામગીરીનું એટલું બધું દબાણ હતું કે, તેઓ રાત-દિવસ કામમાં જ લાગેલા રહેતા હતા.

સાથીઓએ જણાવ્યું કે, છેલ્લા ૧૦ દિવસથી તેઓ એક જ વખત જમી રહ્યા હતા, અને વ્યવસ્થિત ઊંઘ પણ લઈ રહ્યા ન હતા.

આ ઘટના પછી પણ વધુ ચોંકાવનારી બાબત એ છે કે, તેમની તબિયત લથડતાં સાથી કર્મચારીઓએ ઉપરી અધિકારીઓને જાણ કરવા માટે ફોન કર્યો હતો, પરંતુ કોઈએ ફોન ઉપાડ્યો નહીં. શિક્ષકો-કર્મચારીઓને ચૂંટણી કામમાં ખેડાવી દેવામાં આવે છે, પરંતુ તેમના આરોગ્ય કે સુરક્ષાની કોઈ ચિંતા કરવામાં આવતી નથી, એવા આક્ષેપ પણ ઉઠી રહ્યા છે.

આ પહેલાં પણ રાજ્યમાં અનેક BLO-શિક્ષકોની તબિયત બગડવાના કે કમકમાટીભર્યા મોતના સમાચાર આવી ચૂક્યા છે. ગઈકાલે SIRની કામગીરીમાં BLOનું કામ કરતા ગીરસોમનાથના શિક્ષકે આપઘાત કરી લીધો હતો. શિક્ષક અરવિંદભાઈ વાઢેરે જીવન ટૂંકાવ્યા પહેલા સ્યૂસાઈડ નોટ પણ લખી હતી. જેમાં તેમણે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, મારાથી કોઈપણ કાળે હવે આ SIRનું કામ થઈ શકે એમ નથી અને હું છેલ્લા ઘણા દિવસોથી સતત થાક અને માનસિક તણાવ અનુભવું છું.

ઉલ્લેખનીય છે કે, અગાઉ કપડવંજમાં રમેશ પરમાર નામના શિક્ષકનું BLOની કામગીરી દરમિયાન હાર્ટ એટેકથી મોત થયું હતું. શિક્ષક સંઘમાં રોષ આ ઘટના બાદ શિક્ષક સંઘમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સંઘે આક્ષેપ કર્યો છે કે BLOની કામગીરીમાં શિક્ષકોને જે રીતે ટાર્ગેટ આપવામાં આવે છે, તેના કારણે તેઓ ભારે માનસિક તણાવ અનુભવી રહ્યા છે. હવે સવાલ એ છે કે, શું ચૂંટણી તંત્ર શિક્ષકોના જીવ સાથે રમત રમી રહ્યું છે?

**કચ્છના લાખાપર ગામની ઘટના**

# તળાવમાં નહાવા પડેલા બે કિશોરોના ડૂબી જવાથી કરૂણ મોત



**તળાવ ઊંડું હોવાથી મૃતદેહોને શોધવાની કામગીરી અત્યંત મુશ્કેલ બની હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કચ્છ,તા.૨૨**

કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકાના લાખાપર ગામે આજે (શનિવારે) એક અત્યંત કરૂણ અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. પશુઓ ચરાવવા ગયેલા માલધારી પરિવારના બે કિશોરોનું તળાવના ઊંડા પાણીમાં ડૂબી જવાથી મોત નીપજ્યું છે. એકસાથે બે માસૂમ બાળકોના મોતને પગલે સમગ્ર લાખાપર ગામ અને ખાસ કરીને કોળી સમાજમાં ભારે શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, લાખાપર ગામના રહેવાસી ૧૨ વર્ષીય કમલેશ બેચારભાઈ કોળી અને ૧૩ વર્ષીય દલસુખ હરખાભાઈ કોળી શુક્રવારના રોજ રાબેતા મુજબ ગામની સીમમાં પોતાના પશુઓ અને ભેંસો ચરાવવા માટે ગયા હતા. સામાન્ય રીતે તેઓ સાંજના સમયે ઘરે પરત ફરી જતા હોય છે, પરંતુ શુક્રવારે મોડી સાંજ સુધી બંને કિશોરો ઘરે ન આવતા પરિવારજનો ચિંતાતુર બન્યા હતા. પરિવારજનો અને ગ્રામજનો દ્વારા રાતભર અને વહેલી સવાર સુધી સઘન શોધખોળ હાથ ધરવામાં આવી હતી. આજે શનિવારે વહેલી સવારે શોધખોળ દરમિયાન ગામના તળાવના કિનારેથી બંને કિશોરોના ચંપલ મળી આવ્યા હતા.

આ ચંપલના આધારે બંને કિશોરો તળાવના ઊંડા પાણીમાં ડૂબી ગયા હોવાની પ્રબળ આશંકા સેવાઈ હતી. તાત્કાલિક ગ્રામજનોએ આ અંગે સ્થાનિક પોલીસ અને તંત્રને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો અને ફાયર વિભાગની ટીમો તુરંત જ લાખાપર ગામે દોડી આવી હતી.

તળાવ ઊંડું હોવાથી મૃતદેહોને શોધવાની કામગીરી અત્યંત મુશ્કેલ બની હતી. ફાયર વિભાગની ટીમે સતત ત્રણ કલાક સુધી ભારે જહેમત ઉઠાવીને તળાવમાં સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું. આખરે, ફાયર વિભાગને બંને માસૂમ કિશોરોના મૃતદેહને બહાર કાઢવામાં સફળતા મળી હતી.

એકસાથે બે હસતા-રમતા બાળકોના અકાળે અવસાનથી કોળી પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. લાખાપર ગામમાં સન્નાટો છવાઈ ગયો છે. પોલીસે બંને મૃતદેહોનો કબજો મેળવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને ડૂબવા પાછળનું ચોક્કસ કારણ જાણવા તપાસ શરૂ કરી છે.

# સાબરમતી નદીમાં ફરી ફીણનું સામ્રાજ્ય જોવા મળ્યું



(સંપૂર્ણ સમાચાર સેવા)

**અમદાવાદ,તા.૨૨**

અમદાવાદની સાબરમતી નદીમાં ફીણનું સામ્રાજ્ય જોવા મળ્યું છે અને ડફનાળા પાસે સાબરમતી નદીમાં ફીણ જોવા મળ્યું છે, નદીમાં કેમિકલવાળું પાણી છોડાયું હોવાની શક્યતા છે. શાહીબાગના ડફનાળાથી અમૂલ તરફ બુલેટ ટ્રેનનું કામ ચાલી રહ્યું છે તે દિશામાં આ ફીણનું સામ્રાજય જોવા મળ્યું છે, કોઈએ કેમિકલ વાળું પાણી છોડયું હોઈ શકે તેવી વાત સામે આવી છે, જીપીસીબી પણ આ મામલે તપાસ કરી રહી છે અને જવાબદારો સામે પગલા પણ ભરવામાં આવશે તેવી વાત સામે આવી છે.સાબરમતી નદી પ્રદૂષણ અંગેની સુઓમોટો અરજી પર ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી યોજાઇ હતી. જેમાં કોર્ટે સરકારી વકીલને જૂના પીરાણા ખાતે આવેલા બે STP પ્લાન્ટમાં એક ૧૦૬ MLD અને ૬૦ MLD વર્તમાન NGT નોર્મ્સ મુજબ કામ કરે છે કે કેમ તે અંગે પૂછ્યું હતું. છસ્ક્રએ જણાવ્યું હતું કે, ટૂંકા અને મધ્યમ ગાળાના સોલ્યુશન પૂર્ણ થઈ ચૂક્યા છે. હવે પ્લાન્ટને અપગ્રેડ કરવા લાંબા ગાળાના સોલ્યુશનની જરૂર છે. બંને પ્લાન્ટ વર્ષ ૨૦૦૫ અને ૨૦૧૦ બન્યા હતા. ત્યારના તે શ્રેષ્ઠ ટેકનોલોજી મુજબ બનેલા પ્લાન્ટ હતા અને NGT ના નવા સ્ટાન્ડર્ડ ૨૦૧૮ મુજબના છે, એટલે તે મુજબ ટ્રીટમેન્ટ કરતા નથી.

**ડોક્ટરની બેદરકારીથી મોતનો આક્ષેપ**

# જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં એક બાળકનું સારવાર દરમિયાન મોત

**ડોક્ટર દ્વારા સમયસર સિઝેરિય ન કરવાના કારણે બાળકનું મૃત્યુ થયું છે**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**જૂનાગઢ,તા.૨૨**

જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં એક બાળકનું સારવાર દરમિયાન મોત થયું હતું. જે બાદ હોસ્પિટલમાં મૃત દર્દીના પરિવાર દ્વારા હોબાળો મચાવવામાં આવ્યો હતો. પરિવાર દ્વારા આક્ષેપ લગાવવામાં આવ્યો હતો કે, આ બાળકનું મોત ડૉક્ટરની બેદરકારીના કારણે થયું છે.

ઘટનાની મળતી મહિતી અનુસાર, જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં એક બાળકને સારવાર અર્થે લાવવામાં આવ્યું હતું આ કાલસારીના બાળકનું સારવાર દરમિયાન મોત થયું હતું. જે કારણે પરિવારમાં શોક ફેલાયો હતો. આ દરમિયાન પરિવારજનો દ્વારા હોસ્પિટલ સ્ટાપ પર ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા હતા.પીડિતાના સગા ભાનુબેન સાગઠીયાએ જણાવ્યું હતું કે, અમારા સગાની મહિલાની ડિલિવરી કરવા માટે લાવવામાં આવ્યા હતા. તેમનું સીસેક્શન કરાવવું પડે તેમ હતું છતા ડૉક્ટર દ્વારા તે કરવામાં આવ્યું ન હતું. અમને વિસાવદરથી અહિયા રિફર કરવામાં આવ્યા હતા. ઘણી દીકરીઓને બાથરૂમ કરતા સમયે હોસ્પિટલમાં ડિલિવરી થઈ જાય છે. આ લોકો ધ્યાન આપતા નથી. હોસ્પિટલ સ્ટાફને ફરિયાદ કરીએ તો તેઓ ખાનગી હોસ્પિટલમાં જતા રહેવા જણાવે છે. ડૉક્ટર દ્વારા સમયસર સિઝેરિય ન કરવાના કારણે અમારા બાળકનું મૃત્યુ થયું છે.આ સામે જૂનાગઢ સિવિલ હોસ્પિટલના ગાયનેક વિભાગના હેડ પ્રિયંકા જોગિયા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, આ કેસ મંજુલાબેન રાઠોડને ત્રીજી ડિલિવરી માટે વિસાવદરથી રિફર કરવામાં આવ્યા હતા. આ બાળક પેટમાં મળ કરી ગયેલ હોવાથી અમે સિઝર કરીને બાળકને જીવિત બાહાર કાઢ્યું હતું. બાળકના શરૂઆતથી જ ધબકારા ઓછા હતા. અમે આ બાળકને બાળક વિભાગમાં રિફર કરી દેવામાં આવ્યું હતું.

વધુમાં પ્રિયંકા જોગિયાએ જણાવ્યું હતું કે, અન્ય જેતપુરના દર્દીના કિસ્સામાં બળકનું મોત પેટમાં જ થયેલ હતું. આવા કેસમાં અમે સામાન્ય રીતે ૨૪થી ૩૬ કલાક સુધી રાહ જોઈએ તો માતાને કોમ્પ્લિકેશન આવતા નથી. આવામાં અમે દર્દીને રાહ જોવા માટે સમજાવેલ પરંતુ તેઓ રાહ જોવા તૈયાર ન હતા. જેથી તેઓ ખાનગી દવાખાનામાં જતા રહ્યા હતા. ડૉક્ટર કે સ્ટાફની બેદરકારીની વાત ખોટી છે. આ હોસ્પિટલમાં મહિનાની ૫૦૦થી વધારે ડિલિવરી થાય છે. જેમાંથી ૩૦૦થી વધુ સિઝિરિયન હોય છે. હાલ ૧૨૦૦ દર્દીઓ ઈનડોર છે. જ્યારે તેમને એક દિવસમાં ત્રણથી ચાર બાળકોના મોતના આક્ષેપ અંગે જાણ કરવામાં આવતા તેમણે આ બાબતની જાણ ન હોવાનું કહ્યું હતું.

# હળવદ તાલુકામાં ખરાબ રોડ-રસ્તાને લઈને ગ્રામજનોમાં ભારે આક્રોશ



(સંપૂર્ણ સમાચાર સેવા)

**મોરબી,તા.૨૨**

મોરબી જિલ્લાના હળવદ તાલુકામાં ખરાબ રોડ-રસ્તાને લઈને ગ્રામજનોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. મેરુ પર ગામના લોકોએ પોતાની સમસ્યાના નિરાકરણમાં વિલંબ થતાં સ્થાનિક જનપ્રતિનિધિઓ સામે જ વિરોધ પ્રદર્શન કર્યું હતું.

ગામલોકોનો મુખ્ય વિરોધ ગામના ૩ કિલોમીટરના રસ્તાને લઈને છે, જે છેલ્લા ૩૦ વર્ષથી બનાવવામાં આવ્યો નથી. આ રસ્તો અત્યંત ઉબડખાબડ હાલતમાં છે, જેના કારણે સ્થાનિક લોકો અને વાહનચાલકો લાંબા સમયથી પરેશાની ભોગવી રહ્યા છે. આ સમસ્યાને કારણે ગામલોકોનો આક્રોશ ગત મોડી રાત્રે વધુ વધ્યો હતો, જ્યારે એક ખેડૂત મગફળી ભરીને જઈ રહ્યો હતો અને તેનો ટ્રેક્ટર ખરાબ રસ્તાને કારણે પલટી ખાઈ ગયું હતું.ખરાબ રસ્તાની સમસ્યા અંગે અનેકવાર રજૂઆતો કરવા છતાં કોઈ કાર્યવાહી ન થતાં, મેરુ પર ગામના લોકોએ સાંસદ ચંદુ સિહોરા અને ધારાસભ્ય પ્રકાશ વરમોરા વિરુદ્ધ 'હાય-હાય'ના નારા લગાવીને ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું.ગ્રામજનોનો આક્ષેપ છે કે તેમનો રસ્તો માર્ગ અને મકાન વિભાગ અને સિંચાઈ વિભાગ વચ્ચેની ખેંચતાણમાં પીડાઈ રહ્યો છે, જેના કારણે વિકાસનું કામ અટકેલું છે. ગ્રામજનોએ તંત્રને સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો તેમની આ લાંબા સમયથી ચાલતી સમસ્યાનું વહેલી તકે નિરાકરણ નહીં આવે, તો તેઓ ચક્કાજામ કરીને પોતાનો વિરોધ વધુ ઉગ્ર બનાવશે.

# પાદરામાં ૧૦ શખ્સોએ ભેગા મળી ફાર્મ હાઉસમાં લૂંટ ચલાવી



(સંપૂર્ણ સમાચાર સેવા)

**વડોદરા,તા.૨૨**

વડોદરાના પાદરામાં બંધક બનાવી લૂંટ કરવામાં આવી છે, પાટોદ ગામે ફાર્મ હાઉસમાં લૂંટની ઘટના બની હતી અને ત્રણ લોકોને બંધક બનાવી ૧૦ લોકોએ લૂંટ ચલાવી છે, બંધકોને ઢોર માર મારી લૂંટ ચલાવતા ચકચાર મચી છે અને દાગીના સહિત રોકડ રકમની લૂંટ કરી લૂંટારુ ફરાર થયા છે, પોલીસે લૂંટને લઇ વધુ તપાસ હાથ ધરી છે.

વડોદરાના પાદરાના પાટોદ ગામે લૂંટની ઘટના સામે આવી છે, ફાર્મ હાઉસમાં ત્રણ લોકોને બંધક બનાવી ૧૦ લોકોએ ઢોર મારી લૂંટ ચલાવી છે અને ઈજાગ્રસ્ત લોકોને સારવાર આપી પોલીસ સ્ટેશન ફરિયાદ લખાવા માટે લઈ જવામાં આવ્યા છે, પોલીસ વિભાગની અલગ-અલગ એજન્સીઓ ઘટના સ્થળ પર પહોંચી છે અને પોલીસના ઉચ્ચ અધિકારીઓ પણ ઘટના સ્થળ પર પહોંચ્યા છે, સોનાના દાગીના સહિત રોકડની લૂંટ ચલાવી લૂંટારો ફરાર થઈ ગયા છે.

# જંબુસર-આમોદ વચ્ચે ઢાઢર નદીનો બ્રિજ ત્રણ દિવસ માટે બંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ભરુચ,તા.૨૨**




જંબુસર અને આમોદને જોડતા ઢાઢર નદીના બ્રિજ પર લોડ ટેસ્ટિંગનું કાર્ય હાથ ધરવામાં આવતા આજથી ત્રણ દિવસ સુધી બ્રિજ બંધ રાખવામાં આવ્યો છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, બ્રિજની સલામતી અને તેની વર્તમાન ક્ષમતા તપાસવા માટે આ લોડ ટેસ્ટિંગ કરવાનું જરૂરી બન્યું છે. આજથી લઈને સોમવાર સુધી બ્રિજ બંધ રહેશે, જેના કારણે બંને શહેરો વચ્ચે મુસાફરી કરતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડશે. રોજબરોજ જંબુસરથી આમોદ અને આમોદથી જંબુસર જતા વિદ્યાર્થીઓ, કર્મચારીઓ, વેપારીઓ તેમજ સામાન્ય મુસાફરો માટે વિકલ્પ માર્ગોનો સહારો લેવાનો વારો આવશે. ત્રણ દિવસ સુધી બ્રિજ બંધ રહેવાના નિર્ણયને કારણે આમોદ અને જંબુસર વચ્ચેનો સીધો સંપર્ક તાત્કાલિક રીતે તૂટ્યો છે. સ્થાનિક લોકોએ જણાવ્યું છે કે આ દરમિયાન વાહનવ્યવહાર માટે યોગ્ય વિકલ્પ માર્ગોની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવે તો મુશ્કેલીઓમાં રાહત મળી શકે.

અધિકારીઓએ જણાવ્યું છે કે લોડ ટેસ્ટિંગ પૂર્ણ થયા બાદ બ્રિજ ફરીથી સામાન્ય વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકાશે. સલામતીને ધ્યાનમાં રાખીને લેવામાં આવેલા આ પગલાને લઈને લોકો થોડી અસુવિધાનો સામનો કરશે, પરંતુ ભવિષ્યમાં સુરક્ષિત મુસાફરી સુનિશ્ચિત કરવામાં આ કાર્ય મહત્વનું છે.

રોકાણકારોની શ્રદ્ધા અતૂટ અને વિશ્વાસનું પ્રતિક

ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ®

www.nikhilbhatt.in



નિખિલ ભટ્ટ

+91 99390 80808

# ભારતીય શેરબજારમાં અફડાતફડી બાદ તેજી યથાવત્..!!

**રોકાણકાર મિત્રો, આનંદ ને...!!**

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) બબલને લઈ વિશ્વમાં ચિંતા અને એનવિડીયાના નબળા પરિણામો છતાં ભારતની અમેરિકા સાથે ટ્રેડ ડિલ થવાની અપેક્ષા અને આઈટી પ્રોફેશનલોની માંગને લઈ અમેરિકા એચ૧બી વીઝામાં ઢીલ મૂકે એવી શકયતા સાથે વૈશ્વિક આઉટસોર્સિંગમાં ફરી વૃદ્ધિની અપેક્ષાએ ગત સપ્તાહે ફંડોએ ઈન્ડેક્સ બેઝડ આક્રમક તેજી કરતા ભારતીય શેરબજાર ઐતિહાસિક સપાટી નજીક ટ્રેડ થઈ રહ્યું હતું, જો કે સપ્તાહના અંતે ઉછાળે નફારૂપી વેચવાલી પણ જોવા મળી હતી.

ભારત સરકાર દ્વારા ટેરિફને લઈ સરકારની આત્મનિર્ભર ભારત પર ફોકસ કરતી નીતિના એક પછી એક લેવાઈ રહેલા પગલાં પૈકી જીએસટી દરોમાં ફેરફાર તેમજ ભારતની ઔદ્યોગિક, આર્થિક વૃદ્ધિનો નવો અધ્યાય શરૂ થયો હોવાનું અને મેઈક ઈન ઈન્ડિયાના મિશનમાં કોર્પોરેટ ઈન્ડિયા ઉત્સાહભેર જોડાઈ ગયા હોઈ સ્થાનિક સંસ્થાકીય અને રિટેલ રોકાણકારોના વધતાં વિશ્વાસ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની શેરોમાં વેચવાલી અટકી ખરીદી થતાં તેજીનું સેન્ટીમેન્ટ રહ્યું હતું.

કરન્સી માર્કેટની વાત કરીએ તો, ફેડરલ રિઝર્વની ઓકટોબર માસની મીટિંગની મિનિટસ પૂર્વે ડિસેમ્બરમાં યુએસ રેટ ઘટાડાની શક્યતા ઓછી થતા ગત સપ્તાહે અમેરિકન ડોલર સામે ભારતીય રૂપિયાના મૂલ્યમાં ઘટાડો નોંધાયો હતો, જયારે અમેરિકન પેટ્રોલિયમ ઈન્સ્ટિટયૂટના ડેટા મુજબ ગત સપ્તાહે ક્રુડઓઈલની ઈન્વેન્ટરીસમાં ૪૪ લાખ બેરલ્સ વધીને આવતા ક્રુડ ઓઈલના ભાવ દબાણ હેઠળ રહ્યા હતા.

**સ્થાનિક / વૈશ્વિક પરિબળોની વાત કરીએ તો....**

રિઝર્વ બેન્ક ડિસેમ્બરમાં રેપો રેટમાં ૦.૨૫%નો ઘટાડો કરી શકે છે, એમ મોર્ગન સ્ટેન્લીએ તેના તાજેતરના અહેવાલમાં જણાવ્યું છે. રિપોર્ટ પ્રમાણે રિટેલ મોંઘવારીનો દર નોંધપાત્ર રીતે ઘટયો છે અને આગામી મહિનાઓમાં પણ તે નિયંત્રણમાં જ રહેશે તેવી સંભાવના છે. અનુમાન મુજબ, ડિસેમ્બરની મોનિટરી પોલિસી મીટિંગમાં રેપો રેટ ૨૫ બેસિસ પોઈન્ટ ઘટીને ૫.૨૫% થઈ શકે છે. જોકે, આરબીઆઈ પોતાની વ્યાપક નીતિ-વૃત્તિ યથાવત રાખશે અને આવનારા ડેટા ઉપર આધારિત 'વેઈટ એન્ડ વોચ' અભિગમ અપનાવશે.

મોર્ગન સ્ટેન્લીએ જણાવ્યું છે કે આરબીઆઈ વ્યાજદર, લિક્વિડિટી અને રેગ્યુલેટરી ફ્રેમવર્ક - આ ત્રણેય ક્ષેત્રોમાં સંતુલિત સ્ટ્રેટેજી અપનાવશે. આ અભિગમથી ઘેરા સ્તરે આર્થિક ગતિશીલતાનો અંદાજ મેળવવામાં મદદ મળશે, જે ફુગાવા વિશેની ભવિષ્યની દિશાને નક્કી કરવામાં સહાયક બનશે. ફિસ્કલ મુદ્દે, અહેવાલમાં જણાવાયું છે કે સરકાર ફિસ્કલ ડિસિપ્લિન ઉપર જોર આપશે અને તબક્કાવાર કોન્સોલિડેશનની નીતિને અનુસરે તેવી શક્યતા છે. મૂડીખર્ચને પ્રાથમિકતા આપવાથી મધ્યમ ગાળામાં આર્થિક વૃદ્ધિને વેગ મળશે, એવો મોર્ગન સ્ટેન્લીનો આકલન છે.

મોંઘવારીના વર્તમાન પરિસ્થિતિ અંગે, ચાલુ વર્ષે રિટેલ ઈન્ફ્લેશન નીચો રહેવાનો અંદાજ છે. નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન તેમાં થોડો વધારો જોવા મળી શકે છે, પરંતુ અંતે તે આરબીઆઈના ૪%ના મધ્યમ ગાળાના લક્ષ્યાંકની નજીક સ્થિર થઈ જશે. ખાદ્ય વસ્તુઓમાં નીચા બેઝ ઈફેક્ટનો પ્રભાવ જોવા મળશે. જ્યારે કોર ઈન્ફ્લેશન ૪.૨%ની આસપાસ રહેવાની ધારણા છે. બાહ્ય પરિબળોની દૃષ્ટિએ, ભારતનો કરંટ એકાઉન્ટ ડેફિસિટ ૧% અથવા તેનાથી નીચે જ રહેવાનો અંદાજ છે. મજબૂત ફોરેક્સ રિઝર્વ અને નીચો ડેટ-ટુ-જીડીપી રેશિયો હોવાથી ભારતની બાહ્ય આર્થિક સ્થિતિ સ્થિર અને મજબૂત રહેવાની અપેક્ષા છે.

**મિત્રો, નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં સ્થાનિક તેમજ વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા...**


સ્થાનિક સંસ્થાઓના રોકાણ સંદર્ભે જોઈએ તો કેશ સેગમેન્ટમાં એપ્રિલ ૨૦૨૫માં અંદાજીત રૂ.૨૮,૨૨૮.૪૫ કરોડની ખરીદી, મે ૨૦૨૫માં અંદાજીત રૂ.૬૭,૬૪૨.૩૪ કરોડની ખરીદી, જુન ૨૦૨૫માં અંદાજીત રૂ.૭૨,૬૭૩.૯૧ કરોડની ખરીદી, જુલાઈ ૨૦૨૫માં અંદાજીત રૂ.૬૦,૯૩૯.૧૬ કરોડની ખરીદી, ઓગસ્ટ ૨૦૨૫માં અંદાજીત રૂ.૯૪,૮૨૮.૫૫ કરોડની ખરીદી, સપ્ટેમ્બર ૨૦૨૫માં અંદાજીત રૂ.૬૫,૩૪૩.૫૯ કરોડની ખરીદી, ઓકટોબર ૨૦૨૫માં રૂ.૫૨,૭૯૪.૦૨ કરોડની ખરીદી તેમજ ૨૦ નવેમ્બર ૨૦૨૫ સુધીમાં અંદાજીત રૂ.૫૧,૧૫૯.૫૫ કરોડની ખરીદી કરવામાં આવી હતી.

જયારે વિદેશી સંસ્થાઓના રોકાણ સંદર્ભે જોઈએ તો કેશ સેગમેન્ટમાં એપ્રિલ ૨૦૨૫માં અંદાજીત રૂ.૨૭૩૫.૦૨ કરોડની ખરીદી, મે ૨૦૨૫માં અંદાજીત રૂ.૧૧,૭૭૩.૨૫ કરોડની ખરીદી, જુન ૨૦૨૫માં અંદાજીત રૂ.૭૪૮૮.૯૮ કરોડની ખરીદી, જુલાઈ ૨૦૨૫માં અંદાજીત રૂ.૪૭,૬૬૬.૬૮ કરોડની વેચવાલી, ઓગસ્ટ ૨૦૨૫માં અંદાજીત રૂ.૪૬,૯૦૨.૯૨ કરોડની વેચવાલી, સપ્ટેમ્બર ૨૦૨૫માં અંદાજીત રૂ.૩૫,૩૦૧.૩૬ કરોડની વેચવાલી, ઓકટોબર ૨૦૨૫માં ૨૩૪૬.૮૯ કરોડની વેચવાલી તેમજ ૨૦ નવેમ્બર ૨૦૨૫ સુધીમાં અંદાજીત રૂ.૧૨,૦૭૪.૯૪ કરોડની વેચવાલી કરવામાં આવી હતી.

**બજારની ભાવિ દિશા...**

મિત્રો, સ્થાનિક અર્થવ્યવસ્થામાં જોવા મળતી સતત વૃદ્ધિ, મજબૂત વપરાશ માંગ, નિયંત્રિત મોંઘવારી અને જીએસટી દરોમાં થયેલા ઘટાડા જેવા પરિબળો રોકાણકારોના વિશ્વાસને વધુ મજબૂત બનાવી રહ્યા છે. ગ્રામ્ય તથા શહેરી બંને તરફથી માંગ સ્થિર રહેતાં કોર્પોરેટ કમાણીમાં વધુ સુધારો થવાની ધારણા છે, જે બજારને નવા ઊંચાણ તરફ લઈ જઈ શકે છે. વૈશ્વિક પરિસ્થિતિ થોડી અસ્થિર હોવા છતાં ભારતનું આર્થિક પરિદ્રશ્ય અન્ય વિકસતા બજારોની સરખામણીએ વધુ મજબૂત દેખાઈ રહ્યું છે. સંવત ૨૦૮૨ની શરૂઆતથી જ બજારમાં આશાવાદી માહોલ જોવા મળી રહ્યો છે. મોંઘવારી નિયંત્રણમાં, વ્યાજદર સ્થિર રહેવા, કોર્પોરેટ કમાણી મજબૂત બનવા તથા સરકારના મૂડી ખર્ચમાં વધારો આ બધું મળીને બજારને સકારાત્મક દિશામાં આગળ ધપાવી રહ્યું છે.


મ્યુચ્યુઅલ ફંડ તથા રિટેલ રોકાણકારોની સતત ખરીદી બજારને નીચલા સ્તરેથી ટેકો આપતી રહી શકે છે. વૈશ્વિક રાજકીય પરિસ્થિતિમાં ખાસ કરીને અમેરિકન, ચાઈનીઝ અને રશિયન નીતિઓ બજારના મૂડને અસર કરશે, પરંતુ હાલના તબક્કે ભારત અન્ય ઉદયમાન અર્થતંત્રોથી વધુ સ્થિર દેખાઈ રહ્યું છે. વૈશ્વિક અનિશ્ચિતતાની વચ્ચે સેફ હેવન તરીકે ભારતની છબી મજબૂત બનતા વિદેશી ફંડોએ ફરીથી પ્રવાહ વધારવાની શક્યતા છે. તેથી, ટૂંકા ગાળામાં થોડો ઉતાર-ચઢાવ જોવાઈ શકે, પરંતુ મધ્યમ અને લાંબેગાળે ભારતીય બજારની દિશા તેજી તરફી રહેવાની સંભાવના છે.




| | PRV. Close | OPEN | HIGH | LOW | CLOSE | NET |
|---|---|---|---|---|---|---|
| 27.10.2025 TO 31.10.2025 | 25814.80 | 25901.00 | 26284.90 | 25878.00 | 25905.50 | 90.70 |
| 03.11.2025 TO 07.11.2025 | 25905.50 | 25890.00 | 25942.60 | 25428.10 | 25605.00 | -300.50 |
| 10.11.2025 TO 14.11.2025 | 25589.20 | 25690.00 | 26092.50 | 25555.00 | 25951.40 | 362.20 |
| 17.11.2025 TO 21.11.2025 | 25951.40 | 26006.00 | 26264.00 | 25905.70 | 26077.50 | 126.10 |

નિફ્ટી ફ્યુચર તા. ૧૭-૧૧-૨૦૨૫ ના રોજ ૨૬૦૦૬ પોઈન્ટ ખુલીને ૨૫૯૦૫ પોઈન્ટના નીચા મથાળેથી ૨૬૨૬૪ પોઈન્ટના ઊંચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૩૬૯ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૧૨૬ પોઈન્ટના ઉછાળે ૨૬૦૭૭ પોઈન્ટ બંધ થયેલ.

**નિફ્ટી ફ્યુચર : ૨૬૦૭૭ પોઈન્ટ** આગામી વધઘટે સંભવિત નિફ્ટી ફ્યુચર ૨૫૯૩૯ પોઈન્ટના પ્રથમ અને ૨૫૮૦૮ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડિંગ સંદર્ભે ૨૬૧૦૮ પોઈન્ટ થી ૨૬૧૮૮ પોઈન્ટ, ૨૬૨૦૨ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૬૨૦૨ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!




| | PRV. Close | OPEN | HIGH | LOW | CLOSE | NET |
|---|---|---|---|---|---|---|
| 27.10.2025 TO 31.10.2025 | 57703.20 | 57762.20 | 58830.00 | 57740.80 | 58184.60 | 481.40 |
| 03.11.2025 TO 07.11.2025 | 58184.60 | 58141.80 | 58499.00 | 57450.40 | 58217.20 | 32.60 |
| 10.11.2025 TO 14.11. 2025 | 58181.60 | 58200.00 | 58775.00 | 57862.20 | 58644.40 | 462.80 |
| 17.11.2025 TO 21.11.2025 | 58644.40 | 58761.20 | 59466.80 | 58695.80 | 58869.00 | 224.60 |

બેન્ક નિફ્ટી ફ્યુચર તા. ૧૭-૧૧-૨૦૨૫ ના રોજ ૫૮૭૬૧ પોઈન્ટ ખુલીને ૫૮૬૯૫ પોઈન્ટના નીચા મથાળેથી ૫૯૪૬૬ પોઈન્ટના ઊંચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૭૭૧ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૨૨૪ પોઈન્ટના ઉછાળે ૫૮૮૬૯ પોઈન્ટ બંધ થયેલ.

**બેન્ક નિફ્ટી ફ્યુચર : ૫૮૮૬૯ પોઈન્ટ** આગામી વધઘટે સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૫૮૪૭૪ પોઈન્ટના પ્રથમ અને ૫૮૩૦૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડિંગ સંદર્ભે ૫૯૦૦૯ પોઈન્ટ થી ૫૯૧૩૪ પોઈન્ટ, ૫૯૨૦૨ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૫૯૨૦૨ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી.

## ફ્યુચર રોકાણ

(૧)**JSW સ્ટીલ (૧૧૩૪) :** આર્યન એન્ડ સ્ટીલ સેકટરની આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૧૧૭ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૧૦૮ ના સ્ટ્રોંગ સપોર્ટથી આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૧૪૭ થી રૂ.૧૧૫૪ આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી શકયતા છે...!! રૂ.૧૧૬૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!

(૨)**ટેક મહિન્દ્રા (૧૪૬૨) : A /T+1** ગ્રુપનો આ સ્ટોક રૂ.૧૪૪૪ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ!! રૂ.૧૪૩૦ના સપોર્ટથી આ સ્ટોક રૂ.૧૪૭૪ થી રૂ.૧૪૮૦ આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી સંભાવના છે...!!

(૩)**ટાટા કન્ઝ્યુમર (૧૧૮૨) :** રૂ.૧૧૬૦ નો પ્રથમ તેમજ રૂ.૧૧૪૭ બીજા સપોર્ટથી ટી એન્ડ કોફી સેકટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૧૯૩ થી રૂ.૧૨૦૨ આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી શકયતા છે...!!

(૪)**અદાણી પોર્ટસ્ (૧૪૭૬) :** ટેકનીકલ ચાર્ટ મુજબ પોર્ટ એન્ડ પોર્ટ સર્વિસ સેકટરનો આ સ્ટોક રૂ.૧૫૦૩ આસપાસ સપોર્ટથી રૂ.૧૪૬૦ થી રૂ.૧૪૪૪ ના નીચા મથાળે ભાવ સપાટીની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૫૨૦ નો સપોર્ટ ખાસ ધ્યાને લેવો..!!

(૫)**વોલ્ટાસ લિમિટેડ (૧૩૮૯) :** રૂ.૧૪૦૪ આસપાસ ઓવરબોટ પોઝિશનની શકયતાએ આ સ્ટોક રૂ.૧૪૧૪ ના સપોર્ટ તબક્કાવાર રૂ.૧૩૭૩ થી રૂ.૧૩૬૦ ભાવ સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૪૨૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!

(૬) **AXIS બેન્ક (૧૨૭૧) :** પ્રાઈવેટ બેન્ક સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૩૦૦ આસપાસનાં સપોર્ટથી પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૧૨૫૭ થી રૂ.૧૨૫૦ ભાવની આસપાસ સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!!

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી સાપ્તાહિક સ્ટોક મુવમેન્ટ

(૧) **હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન (૪૭૦) : A/T+1** ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૪૫૪ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૪૪૭ ના સપોર્ટથી આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૪૮૪ થી રૂ.૪૯૦ નો ભાવ સપાટી નોંધાવે તેવી શકયતા છે....!! રૂ.૪૯૪ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

(૨) **GE પાવર ઈન્ડિયા (૩૪૪) :** ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૩૩૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૩૨૭ ના સપોર્ટથી આ સ્ટોક રૂ.૩૫૭ થી રૂ.૩૬૩ નો ભાવ સપાટી નોંધાવે તેવી સંભાવના છે...!!

(૩) **KIOCL લિ. (૩૪૪) :** રૂ.૩૩૭ નો પ્રથમ તેમજ રૂ.૩૨૫ ના બીજા સપોર્ટથી ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી આ સ્ટોક રૂ.૩૫૭ થી રૂ.૩૬૩ સુધીના ભાવ સપાટી સ્પર્શી શકે તેવી શકયતા....!!!

(૪) **રેલટેલ કોર્પોરેશન (૩૪૦) :** અધર ટેલિકોમ સર્વિસ સેકટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૩૫૩ થી રૂ.૩૬૦ ના ભાવ સપાટીની સંભાવના ધરાવે છે.!! રૂ.૩૨૬ નો સ્ટ્રોંગ સપોર્ટ ધ્યાને લેવો....!!

(૫) **પેટ્રોનેટ એલએનજી (૨૬૫) :** રૂ.૨૫૮ નો પ્રથમ તેમજ રૂ.૨૫૦ ના સ્ટ્રોંગ સપોર્ટથી એલપીજી/સીએનજી/પીએનજી/એલએનજી સપ્લાયર સેકટરનો રોકાણલક્ષી આ સ્ટોક ટૂંકાગાળે રૂ.૨૭૩ થી ૨૮૦ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શકયતા....!!!

(૬) **ડી બી કોર્પ (૨૫૦) :** સ્થાનિક ફંડોની લેવાલીની શક્યતાએ આ સ્ટોકમાં રૂ.૨૩૭ આસપાસના સ્ટ્રોંગ સપોર્ટથી ડિલેવરીબેઈઝ રોકાણ રૂ.૨૬૩ થી રૂ.૨૭૦ ના ભાવની સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!

(૭) **ગેઈલ (ઈન્ડિયા) લિ. (૧૭૬) :** આ સ્ક્રીપમાં નજીકનો પ્રથમ રૂ.૧૬૭ ના સ્ટ્રોંગ સપોર્ટથી ટૂંકા ગાળે અંદાજીત રૂ.૧૮૩ થી રૂ.૧૮૮ ના સંભવિત ભાવની શકયતા છે...!!

(૮) **યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયા (૧૪૮) :** ટેકનીકલ ચાર્ટ મુજબ પબ્લિક બેન્ક સેકટરનો આ સ્ટોક રૂ.૧૩૬ આસપાસ રોકાણકારે રૂ.૧૫૩ થી રૂ.૧૬૦ ના ભાવ સપાટીની શકયતાએ તબક્કાવાર રોકાણ કરવું. ટૂંકાગાળે રૂ.૧૩૦ સ્ટ્રોંગ સપોર્ટ ધ્યાને લેવો...!!

## સ્મોલ સેવિંગ્ઝ સ્ક્રીપો

(૧) **IDBI બેન્ક (૯૮) :** પ્રાઈવેટ બેન્ક સેકટરનો આ સ્ટોક ડિલેવરીબેઈઝ રૂ.૧૦૮ થી રૂ.૧૧૨ ના ભાવ સપાટીની સંભાવના ધરાવે છે...!! રૂ.૯૪ નો સ્ટ્રોંગ સપોર્ટ ધ્યાને લેવો...!!

(૨) **SJVN લિ. (૭૮) :** ડિલેવરીબેઈઝ રોકાણકારે પાવર જનરેશન સેકટર સેકટરનાં આ સ્ટોકને ૭૪ ના અતિ મહત્વના સ્ટ્રોંગ સપોર્ટથી ટ્રેડિંગ સંદર્ભે રૂ.૮૩ થી રૂ.૮૮ સુધીની ભાવ સપાટી નોંધાવશે...!!!

(૩) **IFCI લિ.(૪૮) :** ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૪૬ નો પ્રથમ તેમજ રૂ.૪૨ ના સ્ટ્રોંગ સપોર્ટથી ફાઈનાન્સિયલ ઈન્સ્ટિટ્યુશન સેકટરનો આ સ્ટોક ટુંકાગાળે ૫૪ થી રૂ.૫૭ સુધીના ભાવ સપાટી સ્પર્શી શકે તેવી શકયતા...!!

(૪) **NMDC સ્ટીલ (૩૯) :** રૂ.૩૪ ના સ્ટ્રોંગ સપોર્ટથી રોકાણલક્ષી આ સ્ટોક મધ્યગાળે રૂ.૪૪ થી રૂ.૪૭ ની ભાવ સપાટી દર્શાવે તેવી સંભાવના છે....!!

The Securities quoted are for illustration only and are not recommendatory. Investment in securities market are subject to market risks. Read Disclaimer and related all the documents carefully before investing, mentioned on www.nikhilbhatt.in

ખાસ નોંધ : ડિસ્કલેમર/પોલીસી/શરતો-https://www.capsavaj.com/policies ને આધિન...!!

**તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...**

**નિફ્ટી ફ્યુચર રેન્જ ૨૫૮૦૮ થી ૨૬૨૦૨ પોઈન્ટ ધ્યાને લેવી...!!!**

# ઓફર ફોર સેલ દ્વારા કંપનીઓએ રૂ.૯૬૦૦૦ કરોડ એકત્ર કર્યા..!!

પ્રારંભિક જાહેર ઓફરમાં ઓફર્સ ફોર સેલ મારફતે ઉઠાવાયેલી રકમ ૨૦૨૫માં લગભગ રૂ. ૯૬,૦૦૦ કરોડ સુધી પહોંચી છે, જે ગયા વર્ષના રૂ. ૯૫,૨૮૫ કરોડના રેકોર્ડને પાર કરી ચૂકી છે. આ વર્ષની અંદર આઈપીઓ દ્વારા કુલ રૂ. ૧.૫૩ લાખ કરોડ ભંડોળ એકત્રિત થયું છે. આ વર્ષે નવા શેર ઇશ્યુ દ્વારા મળેલી તાજી મૂડી રૂ. ૫૬,૭૯૬ કરોડ રહી છે, જેને નિષ્ણાતો સ્વતંત્ર ધોરણે પણ મજબૂત આંકડો માને છે. વર્ષના અંત સુધીના બાકી રહેલા છ અઠવાડિયામાં, આઈપીઓની કુલ સંખ્યા પણ ગયા વર્ષની સરખામણીમાં નવો રેકોર્ડ બનાવવાની નજીક છે.

ખાસ કરીને, OFS દ્વારા એકત્ર થતી રકમ પહેલીવાર રૂ. ૧ લાખ કરોડનો આંકડો વટાવવાની દિશામાં છે. પ્રાઈમ ડેટાબેઝના આંકડા મુજબ, ૨૦૧૫ પછીથી IPO દ્વારા એકત્ર કરવામાં આવેલી કુલ રકમમાંથી લગભગ ત્રણ-ચોથી ભાગ, એટલે કે ૪.૭૩ લાખ કરોડ, ઘટક દ્વારા આવ્યો છે; જ્યારે માત્ર ૨.૪૪ લાખ કરોડ જ નવા શેર ઇશ્યૂમાંથી મળ્યા છે. સામાન્ય રીતે IPOથી મેળવાતી તાજી મૂડી કંપનીના મૂડી ખર્ચ અને વૃદ્ધિ તરફ વપરાય છે, જે અર્થતંત્ર માટે સકારાત્મક સંકેત હોય છે.

બીજી તરફ, OFS માલિકીના હસ્તાંતરણને દર્શાવે છે, જ્યાં પ્રમોટર્સ અથવા PE રોકાણકારો પોતાના હિસ્સા વેચે છે. છતાં આ રકમ સીધા કંપનીના વિસ્તરણ માટે વપરાતી નથી, તેમ છતાં તે ઉપયોગી રીતે ચેનલાઇઝ થઈ શકે છે, જેમ કે PE ફંડ્સ નવી કંપનીઓમાં રોકાણ કરી શકે છે અને પ્રમોટર્સ નવા પ્રોજેક્ટ્સ શરૂ કરી શકે છે. આ વર્ષે ખાસ કરીને નવી પેઢીની કંપનીઓના IPOમાં, OFSનો હિસ્સો નવા શેરના ઇશ્યૂ કરતા વધારે રહ્યો છે.

અનેક શરૂઆતના રોકાણકારોને સારો નફો પણ મળ્યો છે, જેના કારણે PE ફંડ્સ રિટેલ રોકાણકારો સમક્ષ પોતાના હિસ્સા વેચીને બહાર નીકળી રહ્યા છે એવી ચિંતા વધી છે. જોકે બજાર વિશ્લેષકો આ દાવાને નકારી કાઢે છે. કુલ મળીને, IPOની તુલનામાં OFSનું વધતું પ્રમાણ બજાર માટે સકારાત્મક માનવામાં આવે છે. નિષ્ણાતોના મતે, રોકાણકારોએ કંપનીઓ દ્વારા ભંડોળ ક્યાં વપરાય છે તેના પર ઓછું ધ્યાન આપીને, તેમના બિઝનેસના મૂળભૂત મજબૂત પરિબળો અને દીર્ઘકાલીન ક્ષમતાને વધુ મહત્વ આપવું જોઈએ.

# જિયો-પોલિટિકલ તણાવ વચ્ચે ભારતીય બિઝનેસના ગ્લોબલ ફૂટપ્રિન્ટમાં વધારો..!!

અમેરિકામાં તાજેતરમાં લાગુ કરાયેલા ટેરિફ અને વૈશ્વિક સ્તરે વધી રહેલી આર્થિક અનિશ્ચિતતા કારણે બિઝનેસ વિઝાની કામગીરી પર આંશિક અસર થઈ રહી છે. જિયો-પોલિટિકલ મુદ્દાઓ, વૈશ્વિક મેક્રો અસ્થિરતા અને ટ્રમ્પના સતત બદલાતા નિવેદનોએ વિશ્વના અર્થતંત્રમાં સ્પષ્ટ અસર પાડી છે. તેમ છતાં, ભારતીય અર્થતંત્ર ઝડપથી આગળ વધી રહ્યું છે અને દેશની કંપનીઓ વૈશ્વિક સ્તરે પોતાની હાજરી વધારવા સક્રિય બની છે.

ભારતની મેન્યુફેક્ચરિંગ કંપનીઓ યુએસ, ઓસ્ટ્રેલિયા, કેનેડા અને યુરોપ જેવા બજારોમાં ઓફિસ શરૂ કરીને આંતરરાષ્ટ્રીય બિઝનેસ મેળવવા પ્રયત્નશીલ છે, જે ભારતીય મેન્યુફેક્ચરિંગ સેક્ટરને મજબૂત ટેકો આપી રહ્યું છે. કંપનીએ માત્ર ૨૦૨૫માં યુએસ માટે ૨૫ બિઝનેસ વિઝા ફાઈલ્સ પૂર્ણ કરી છે, જ્યારે ૬૦થી ૭૦ ફાઈલ્સ હાલમાં પ્રક્રિયામાં છે.

ન્યૂઝીલેન્ડમાં પણ બિઝનેસ વિઝાની માંગ વધી રહી છે અને આવતા સમયમાં ઓસ્ટ્રેલિયામાં મંજૂરીમાં ઢીલ છૂટ મળી શકે છે, જેથી વધુ લોકો વિદેશમાં પોતાનો વ્યાપ વિસ્તારશે. કંપનીએ બિઝનેસ માઈગ્રેશન ઉપરાંત પ્રીમિયમ આંતરરાષ્ટ્રીય રિયલ એસ્ટેટ સેવાઓ પણ શરૂ કરી છે. રોકાણકારોમાં દુબઈ સૌથી લોકપ્રિય કેન્દ્ર છે, કારણ કે ત્યાં રેન્ટલ રિટર્ન અન્ય બજારોની સરખામણીએ સૌથી વધુ મળે છે. સરેરાશ, રોકાણકારો દુબઈમાં લગભગ રૂ. ૨ કરોડ, ઓસ્ટ્રે. માં રૂ.૫-૬ કરોડ, ન્યૂઝીલેન્ડમાં રૂ.૪ કરોડ અને યુએસમાં રૂ.૪.૫ - ૫ કરોડ જેટલું રોકાણ કરે છે. હાલ કંપનીએ દુબઈના ૭-૮ અગ્રણી ડેવલપર્સ સાથે ભાગીદારી કરી છે.

# નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ના બીજા ત્રિમાસિકમાં FMCG ગ્રોથમાં ઘટાડો..!!

જુલાઈથી સપ્ટેમ્બર ક્વાર્ટર દરમિયાન એફએમસીજી સેક્ટરે પોતાની ગતિ ગુમાવી છે. ડેટા એનાલિટિક્સ ફર્મ નીલ્સન IQના રિપોર્ટ મુજબ આ ત્રિમાસિકમાં સેક્ટરના વોલ્યૂમ ગ્રોથમાં ઘટાડો થઈને તે ૫.૪% પર આવી ગયો છે. જીએસટી દરોમાં થયેલા ફેરફારોને કારણે બજારમાં બનેલી અવ્યવસ્થાએ વેચાણની ગતિને અસર કરી છે. જોકે, ભાવવધારા વચ્ચે મૂલ્યની દૃષ્ટિએ સેક્ટરે મજબૂત ૧૨.૯નો ગ્રોથ નોંધાવ્યો છે. ગ્રામીણ વિસ્તારોમાં પણ વૃદ્ધિ ધીમી રહી છે. અહીં વોલ્યૂમ ગ્રોથ ૮.૪% નોંધાયો, જે ગત વર્ષની સરખામણીમાં થોડો ઓછો છે. તેમ છતાં, સતત સાતમા ક્વાર્ટરમાં ગ્રામીણ માંગ શહેરી વિસ્તારો કરતાં વધારે જ રહી છે.

નાના પેકેજની માંગ વધતા યુનિટ ગ્રોથ કુલ વોલ્યૂમ ગ્રોથ કરતાં ઊંચો રહ્યો, જે દર્શાવે છે કે ગ્રાહકો ઓછા ભાવવાળા પેક તરફ વધુ વળી રહ્યા છે. સરેરાશ ભાવોમાં ૭.૧%નો વધારો નોંધાયો હતો. શહેરી બજારોમાં ધીમે-ધીમે રિકવરી જોવા મળી રહી છે, ખાસ કરીને નાના અને ટિયર-૨ શહેરોમાં માંગમાં તેજી આવી છે. Q1ની સરખામણીમાં માંગ થોડી નરમ રહી હોવા છતાં




શહેરી ક્ષેત્રોમાં ક્વાર્ટર-ઓન-ક્વાર્ટર સુધારો જોવા મળ્યો છે. એફએમસીજી સેક્ટરની કુલ માંગમાં ગ્રામીણ વિસ્તારોનો હિસ્સો ૩૮% રહ્યો હતો, જેમાં નાના પેકેજોની ખરીદી સૌથી વધુ જોવા મળી.

શહેરી વિસ્તારોમાં વોલ્યૂમ ગ્રોથ ૩.૭% રહ્યો જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં તે ૭.૭% રહ્યો. જોકે આ અંતર હવે ધીમે-ધીમે ઓછું થઈ રહ્યું છે. મેટ્રોપોલિટન શહેરોમાં ઓફલાઈન વેચાણમાં ઘટાડો ચાલુ રહ્યો છે, જે સૂચવે છે કે મોટા શહેરોના ગ્રાહકો ધીમે ધીમે ઈ-કોમર્સ તરફ વળે છે. મોર્ડન ટ્રેડ ચેનલમાં સુધારાના સંકેત દેખાઈ રહ્યાં છે. ઈ-કોમર્સનો એફએમસીજી સેલ્સમાં હિસ્સો ૧% જેટલો વધ્યો છે અને આ વૃદ્ધિ તમામ આઠ મેટ્રો શહેરોમાં જોવા મળી છે. જોકે, સપ્ટેમ્બર ક્વાર્ટર દરમિયાન ઈ-કોમર્સ વોલ્યૂમ ગ્રોથ થોડો ધીમો પડ્યો છે.

# સપ્ટેમ્બર ક્વાર્ટરમાં પ્રમોટર હોલ્ડિંગમાં ઝડપી ઘટાડો..!!



સપ્ટેમ્બર ૨૦૨૫માં પૂર્ણ થયેલા ક્વાર્ટરમાં ભારતીય કંપનીઓના પ્રમોટરો દ્વારા હિસ્સો ઘટાડવાનો વલણ વધુ ઝડપી બન્યો છે. વિશ્લેષણ મુજબ, ક્વાર્ટરના અંત સુધીમાંઆશરે ૪.૬% કંપનીઓમાં પ્રમોટરોએ પોતાનો ૧% અથવા વધુ હિસ્સો વેચી દીધો,જે એપ્રિલ-જૂન ગાળાની સરખામણીએ ઊંચો અને માર્ચ ક્વાર્ટરમાં નોંધાયેલા સ્તર કરતાં બમણા કરતાં વધુ છે. સ્ટોક ઓપ્શન જેવા નાના લેવડદેવડ દ્વારા પણ હિસ્સો ઘટવાનો ટ્રેન્ડ જોવા મળ્યો છે.આ વિશ્લેષણ છેલ્લા દાયકાથી વધુ સમય ગાળાના ૯૩૨ કંપનીઓના શેરહોલ્ડિંગ પેટર્નપર આધારિત છે, જેમાં બીએસઈ-૫૦૦, બીએસઈ મિડકેપ અને બીએસઈ સ્મોલકેપ સૂચકાંકોની કંપનીઓનો સમાવેશ થાય છે. બજારમાં આવેલા ઊંચા મૂલ્યાંકન અને ઉદ્યોગોની વધતી મૂડીની જરૂરિયાત વચ્ચે પ્રમોટરોએ નફાકારક સ્તરે હિસ્સો વેચવાની તકનો લાભ લીધો હોય તેવી શકયતા નિષ્ણાંતોએ વ્યક્ત કરી છે.

કોર્પોરેટ નિષ્ણાંતો માને છે કે પ્રમોટરનો હિસ્સો ઓછો થવાનો અર્થ એ નથી કે બજાર મૂલ્યાંકન ટોચ પર પહોંચી ગયું છે. ઘણી કંપનીઓના પ્રમોટરો હજુ પણતેમની સંપત્તિનો મોટો હિસ્સો પોતાની કંપનીઓમાં જ ધરાવે છે, જે તેમની લાંબા ગાળાની પ્રતિબદ્ધતા દર્શાવે છે. વૈશ્વિક ટ્રેન્ડની જેમ, ભારતમાં પણ નવા યુગની કંપનીઓ અને સ્ટાર્ટઅપ્સમાં સ્થાપકોનો હિસ્સો સંબંધિત રીતે નાનો હોય છે, જે આ વલણને આગળ ધપાવે છે. કોરોના બાદની તેજી દરમિયાન ઊંચા મૂલ્યાંકન વચ્ચે પ્રમોટર વેચાણમાં વધારો જોવા મળ્યો હતો, જે સપ્ટેમ્બર ૨૦૨૪માં શિખરે પહોંચ્યું, ત્યાર બાદ એપ્રિલ ૨૦૨૫ દરમિયાન સેન્સેક્સ ૭૧૪૨૫ સુધી ફસલ્યો, પરંતુ સપ્ટેમ્બર સુધી ફરી ૮૦૦૦૦ નજીક પહોંચી ગયો અને ઓક્ટોબર ના અંત સુધીમાં ૮૩૯૩૮.૭૧ સુધી ઉછળ્યો. પ્રમોટર હિસ્સામાં સૌથી મોટો ઘટાડો જોવા મળેલી કંપનીઓમાં સાધના નાઈટ્રો કેમ (૨૬.૭૬%), એમકો એલિકોન (૨૪.૬૮%), મેરેથોન નેક્સ્ટજેન રિયલ્ટી (૧૭.૭૧%), લોયડ્સ એન્ટરપ્રાઈઝ (૧૧.૧૯%) અને રામા સ્ટીલ ટ્યુબ્સ (૧૦.૦૮%) નો સમાવેશ થાય છે.

# સ્પોર્ટ્સ ન્યૂઝ

### ICCએ ફટકારી કડક સજા, કરિયર જોખમમાં !

## ફિક્સિંગના આરોપમાં ફસાયો ભારતીય મૂળનો ક્રિકેટર



**ભારતીય મૂળના ખેલાડી અખિલેશ રેડ્ડી યુએસએ માટે રમે છે અને હવે મેચ ફિક્સિંગના આરોપોને કારણે સસ્પેન્ડ કરાયો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૨ :** ભારતીય મૂળનો ક્રિકેટર અખિલેશ રેડ્ડી જે યુએસએ માટે રમે છે, તેના પર મેચ ફિક્સિંગની કોશિશ કરવાનો આરોપ છે. આઈસીસીએ તેને ભ્રષ્ટાચાર વિરોધી કોડના ઉલ્લંઘન બદલ સસ્પેન્ડ કર્યો છે. તે હવે ક્રિકેટ મેદાનથી દૂર રહેશે. અબુ ધાબી T10 લીગમાં ચિંટીંગ કરવાની તેની આ ભૂલ ભારે પડી ગઈ અને આઈસીસીએ હવે તેને કડક સજા ફટકારી છે. આનાથી તેની ક્રિકેટ કારકિર્દી જોખમમાં મુકાઈ ગઈ છે. જ્યાં સુધી તેના પરના આરોપો ખોટા સાબિત ન થાય ત્યાં સુધી તે ક્રિકેટ મેદાનમાં પાછો નહીં ફરી શકે.

અખિલેશ રેડ્ડી અબુ ધાબી T10 ટુર્નામેન્ટમાં એસ્પેન સ્ટેલિયન્સ ટીમનો ભાગ છે અને અત્યાર સુધીમાં બે મેચ રમી ચૂક્યો છે. આઈસીસીએ તેને ભ્રષ્ટાચાર વિરોધી કોડ હેઠળ સસ્પેન્ડ કર્યો છે. કલમ 2.1.1 હેઠળ, જે કોઈ મેચ ફિક્સ કરવાનો પ્રયાસ કરે છે અથવા જાણી જોઈને પરિણામમાં છેડછાડ કરે છે તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવે છે.

એવો પણ આરોપ છે કે તેણે અન્ય સાથી ખેલાડીને ચિટીંગ કરવા માટે સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. કલમ ૨.૪.૭ મુજબ, તેણે ડેટા અને મેસેજ કાઢી નાખીને તપાસમાં અવરોધ ઉભો કરવાનો પ્રયાસ કર્યો. આ આરોપોને કારણે તેને સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. તેની સામેના આરોપોનો જવાબ આપવા માટે તેની પાસે ૧૪ દિવસનો સમય છે.

અખિલેશ રેડ્ડીએ હૈદરાબાદ માટે ઘરેલુ ક્રિકેટ રમી હતી પરંતુ પછી તે યુનાઈટેડ સ્ટેટ્સ સ્થળાંતરિત થઈ ગયો. ૨૦૨૫માં ૨૫ વર્ષીય ખેલાડીએ યુએસએ માટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશ કર્યો. આ ઓફ-બ્રેક બોલરે યુએસએ માટે ચાર આંતરરાષ્ટ્રીય મેચ રમી છે, જેમાં તેણે ફક્ત એક વિકેટ લીધી છે. તેણે મેજર ક્રિકેટ લીગ અને અબુ ધાબી T10 લીગ જેવી મોટી ટુર્નામેન્ટમાં પણ પોતાની હાજરી દર્શાવી છે. જોકે, સસ્પેન્શનને કારણે તેની કારકિર્દી હવે જોખમમાં મુકાઈ ગઈ છે.

### પંતે ગિલની ફિટનેસ અંગે અપડેટ આપ્યું

## શુભમન સ્વસ્થ થઈ રહ્યો છે, પરંતુ બોડી તેને સાથ આપી રહી નહોતી

**શુભમન ગિલ આ ટેસ્ટ મેચ રમવા માટે ઉત્સુક હતો, તે ચોક્કસપણે મજબૂત વાપસી કરશે : કેપ્ટન રિષભ પંત**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ગુવાહાટી, તા.૨૨ :** ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની શ્રેણીની બીજી ટેસ્ટ મેચ ગુવાહાટીના બારસાપારા ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાઈ રહી છે. ટીમ ઈન્ડિયા તેના નિયમિત કેપ્ટન શુભમન ગિલ વિના મેદાનમાં ઉતરી હતી. ગિલ સંપૂર્ણપણે ફિટ નથી અને પરિણામે રિષભ પંતને બીજી ટેસ્ટમાં ટીમની કમાન સોંપવામાં આવી છે. પંત ટોસ જીતવામાં પણ નિષ્ફળ ગયો અને ભારતીય ટીમે પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો. પંતે ગિલની ઈજા અંગે પણ મહત્વપૂર્ણ અપડેટ આપ્યું. તેણે કહ્યું કે શુભમન બીજી ટેસ્ટમાં રમવા માંગતો હતો, પરંતુ તેની બોડી તેને સાથ આપી રહી નહોતી.

ટોસ સમયે પંતે BCCIનો આભાર માન્યો કે તેને તેની પ્રથમ ટેસ્ટ કેપ્ટનશીપ આપી. તેણે કહ્યું, "દેખીતી રીતે, આ મારા માટે એક ખાસ ક્ષણ છે. એક ક્રિકેટર તરીકે તમે હંમેશા તમારા દેશનું પ્રતિનિધિત્વ કરવા માંગો છો. હું BCCIનો મને આ તક આપવા બદલ આભાર માનું છું. મેં તેના વિશે બિલકુલ વિચાર્યું નહોતું, પરંતુ તમે આવી તક બંને હાથે ઝડપી લેવા માંગો છો."

જ્યારે પંતને ગિલની ઈજા વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું, "શુભમન ધીમે ધીમે સ્વસ્થ થઈ રહ્યો છે. તે આ ટેસ્ટ મેચ રમવા માટે ઉત્સુક હતો, પરંતુ તેની બોડી તેને સાથ આપી રહી નહોતી. તે ચોક્કસપણે મજબૂત વાપસી કરશે." નોંધનીય છે કે ગિલને પહેલી ટેસ્ટમાં બેટિંગ કરતી વખતે ગરદનમાં દુખાવો થયો હતો, જેના પછી તે મેદાન છોડીને ગયો હતો. MRI બાદ તેને હોસ્પિટલમાં દાખલ થવું પડ્યું હતું.

### USG સ્કેન રિપોર્ટમાં સકારાત્મક સંકેત

## શ્રેયસ ઐયર થયેલી ગંભીર ઈજામાંથી સ્વસ્થ થઈ રહ્યા

**મેદાનમાં તેની વાપસીમાં કોઈ ઉતાવળ કરવામાં આવશે નહીં અને રિકવરી પ્રક્રિયામાં સમય લાગી શકે છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૨ :** ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર બેટર શ્રેયસ ઐયર હાલમાં ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન થયેલી ગંભીર ઈજામાંથી સ્વસ્થ થઈ રહ્યો છે. તાજેતરના અહેવાલો અનુસાર, ઐયરની તબિયતમાં સુધારો થઈ રહ્યો છે, પરંતુ મેદાનમાં તેની વાપસીમાં કોઈ ઉતાવળ કરવામાં આવશે નહીં અને રિકવરી પ્રક્રિયામાં સમય લાગી શકે છે.


અહેવાલો અનુસાર, થોડા સમય પહેલા શ્રેયસ ઐયરે પોતાના ઘર નજીક અલ્ટ્રાસોનોગ્રાફી (USG) સ્કેન કરાવ્યું હતું. આ સ્કેન રિપોર્ટની વિગતવાર તપાસ ડૉ. દિનશા પારડીવાલા દ્વારા કરવામાં આવી હતી. રિપોર્ટ બાદ શ્રેયસ હવે તેની સામાન્ય દૈનિક પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવા અને હળવી આઈસોમેટ્રિક કસરતો પણ શરૂ કરવા માટે તૈયાર છે. જો કે, આગામી એક મહિના સુધી તેણે પેટના અંદરના દબાણમાં વધારો કરતી કોઈપણ સઘન તાલીમ અથવા કસરતથી દૂર રહેવું પડશે. શ્રેયસ ઐયરની રિકવરીનું સંપૂર્ણ ચિત્ર આગામી સ્કેન બાદ સ્પષ્ટ થશે. એક મહિનાનો પ્રતિબંધિત સમય પૂરો થયા પછી, તે વધુ એક USG સ્કેન કરાવશે. આ આગામી સ્કેન પછી જ શ્રેયસ ઐયર બેંગલુરુમાં ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ના સેન્ટર ઓફ એક્સેલન્સ (COE) ખાતે તેનું સત્તાવાર રિહેબિલિટેશન (રિહેબ) શરૂ કરી શકશે.

ભારતીય ક્રિકેટ ટીમના ODI વાઈસ-કેપ્ટન શ્રેયસ ઐયરને ઓસ્ટ્રેલિયા સામે સિડનીમાં રમાયેલી ત્રીજી વન-ડે ઈન્ટરનેશનલ(ODI) (૨૯મી ઑક્ટોબર) મેચ દરમિયાન પાંસળીમાં ગંભીર ઈજા પહોંચી હતી. એલેક્સ કેરીનો કેચ પકડતી વખતે ડાબી પાંસળીમાં થયેલી આ ઈજાને કારણે આંતરિક રક્તસ્ત્રાવ થતાં, તેને સિડનીની એક હૉસ્પિટલના ઈન્ટેન્સિવ કેર યુનિટ(ICU)માં દાખલ કરવામાં આવ્યો છે.

શ્રેયસ ઐયરને શનિવારે (૨૯મી ઑક્ટોબર) મેચ દરમિયાન ડાબી પાંસળીમાં ઈજા થઈ હતી. એલેક્સ કેરીનો કેચ પકડ્યા બાદ તે પીડામાં હોવાનું જણાતા તેને તરત જ ડ્રેસિંગ રૂમમાં લઈ જવામાં આવ્યો હતો. BCCIની મેડિકલ ટીમે ડ્રેસિંગ રૂમમાં પ્રાથમિક તપાસ બાદ પરિસ્થિતિની ગંભીરતા જોતાં તાત્કાલિક કાર્યવાહી કરી અને ઐયરને હૉસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો.

# મોદીએ G-20 સમિટમાં ઓસી.ના પ્રધાનમંત્રીની સાથે કરી મુલાકાત

**ભારત અને ઓસ્ટ્રેલિયા દ્વારા રક્ષા પ્રશિક્ષણ, સંયુક્ત અભ્યાસ અને ટેક્નોલોજી શેરિંગ પર ભાર મુકાયો**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**જોહાનિસબર્ગ, તા.૨૨**

દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગમાં યોજાઈ રહેલી G-20 લીડર્સ સમિટ દરમિયાન ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થની અલ્બેનીઝ સાથે દ્વિપક્ષીય ચર્ચા કરી. બંને દેશો વચ્ચે છેલ્લા પાંચ વર્ષોમાં મજબૂત બનેલી વ્યૂહાત્મક ભાગીદારીને આગળ વધારવા માટે આ મુલાકાત અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

શુક્રવારના રોજ વડાપ્રધાનમોદી દક્ષિણ આફ્રિકા પહોંચી ઓસ્ટ્રેલિયન PM અલ્બેનીઝને મળ્યા. સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને તેમણે જણાવ્યું કે, આ વર્ષે ભારત-ઓસ્ટ્રેલિયા વ્યૂહાત્મક ભાગીદારીના પાંચ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ સમયગાળા દરમિયાન આપણા સંબંધોમાં પરિવર્તનકારી પ્રગતિ થઈ છે. આજે અમારી બેઠક ખૂબ જ ઉપયોગી રહી. બંને દેશો વચ્ચે વધતા સહકારને લઈને PM એ ખાસ સંતોષ વ્યક્ત કર્યો.

**ચર્ચાના મુખ્ય મુદ્દા**

સંરક્ષણ અને સુરક્ષા સબંધો : બંને દેશો હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં શાંતિ અને સુરક્ષા માટે વર્ષોથી સહકાર વધારી રહ્યા છે. રક્ષા પ્રશિક્ષણ, સંયુક્ત અભ્યાસ અને ટેક્નોલોજી શેરિંગ પર ભાર મુકાયો.

વેપાર અને આર્થિક ભાગીદારી : ભારત-ઓસ્ટ્રેલિયા આર્થિક સંબંધોને વધુ મજબૂત બનાવવા બંને નેતાઓ અનુમોદિત. મહત્વપૂર્ણ ખનિજો, વધતા રોકાણ અને નવી વેપાર તક પર ચર્ચા થઈ.

પરમાણુ ઉર્જા ક્ષેત્રે સહયોગ : સ્વચ્છ ઉર્જા અને પરમાણુ સહકાર વધારવા માટે બંને દેશો પ્રયત્નશીલ રહેશે.

શિક્ષણ અને સાંસ્કૃતિક આદાનપ્રદાન : વિદ્યાર્થીઓ, પ્રવાસીઓ અને વ્યાવસાયિકો માટે વધુ સુવિધા અને તક ઉભી કરવાનો મુદ્દો મુખ્ય રહ્યો.

અલ્બેનીઝે દિલ્હી ખાતે તાજેતરમાં થયેલા આતંકવાદી હુમલા તેમજ સાઉદી અરેબિયામાં બસ અકસ્માતમાં ભારતીયોના મોત પર શોક વ્યક્ત કર્યો અને ભારત સાથે એકતા દેખાડી.

ઓસ્ટ્રેલિયન PM અલ્બેનીઝે કહ્યું કે, ભારત-ઓસ્ટ્રેલિયા સંબંધો ખુબ જ ગાઢ છે. આપણે આર્થિક અને રક્ષણ સહયોગને વધુ ઊંડો કરી શકીએ છીએ. આપણા વચ્ચે ચર્ચા માટે ઘણું છે અને સહકારની સંભાવનાઓ વધી રહી છે.

વિદેશ મંત્રાલયે નિવેદનમાં જણાવ્યું કે, ૨૦૨૦માં સંબંધોને "વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી" તરીકે અપગ્રેડ કર્યા બાદ બંને દેશો વચ્ચે છેલ્લા પાંચ વર્ષમાં ખૂબ પ્રગતિ થઈ છે. બંને નેતાઓએ આતંકવાદ સામે વૈશ્વિક લડતને વધુ મજબુત કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

G-20 સમિટની સાઈડલાઈન બેઠકમાં PM મોદીએ દક્ષિણ આફ્રિકાની મોટી ટેક કંપની Naspersના ચેરમેન કૂસ બેકર અને CEO ફેબ્રિસિયો બ્લોસિ સાથે મુલાકાત કરી.

આ બેઠકમાં ભારતના ઝડપથી વિકસતા ડિજિટલ ઈકોસિસ્ટમમાં રોકાણ વધારવાની સંભાવનાઓ, ટેક્નોલોજી, ઈન્ટરનેટ સેવાઓ અને ડિજિટલ ફાઈનાન્સ ક્ષેત્રે સહકારની શક્યતાઓ સહિતના મુદ્દાઓ પર ચર્ચા થઈ. વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આ મુલાકાતની પુષ્ટિ કરી.

### વડાપ્રધાન મોદી ઝૂકીને હાથ જોડીને અભિવાદન સ્વીકાર્યું

# મોદી સિવાય કદાચ કોઈ વડાપ્રધાનને નહીં મળ્યું હોય આવું 'સાષ્ટાંગ' સન્માન

**પરંપરાગત સંગીત, નૃત્ય અને રંગબેરંગી આફ્રિકન સંસ્કૃતિ વચ્ચે મહિલાઓએ જમીન પર સૂઈને સન્માન કર્યું**




(સંપૂર્ણ સમાચાર સેવા)

**જોહાનિસબર્ગ, તા.૨૨**

દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગ એરપોર્ટ પર શુક્રવારે એક એવી ક્ષણ જોવા મળી, જેણે ભારતની વધતી જતી વૈશ્વિક પ્રતિષ્ઠાને સમગ્ર વિશ્વની સામે વધુ ઊંચી કરી દીધી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે 'ભારત' લખેલા ખાસ વિમાનમાંથી બહાર નીકળ્યા, ત્યારે એરપોર્ટ પર હાજર સ્થાનિક મહિલા કલાકારોએ જે રીતે તેમનું સ્વાગત કર્યું, તે માત્ર ભવ્ય જ નહોતું, પરંતુ ઐતિહાસિક હતું. પરંપરાગત સંગીત, નૃત્ય અને રંગબેરંગી આફ્રિકન સંસ્કૃતિ વચ્ચે મહિલાઓએ જમીન પર સૂઈને જે રીતે સન્માન કર્યું, એવું દૃશ્ય કદાચ પહેલાં કોઈ ભારતીય વડાપ્રધાનને આફ્રિકન ધરતી પર જોવા નહીં મળ્યું હોય.

લાલ કાર્પેટ પર આગળ વધતાં વડાપ્રધાન મોદીએ જ્યારે આ કલાકારોને જોયા, ત્યારે તેમણે હસતાં હસતાં હાથ જોડીને અભિવાદન સ્વીકાર્યું. સામે મહિલાઓ પોતાના પરંપરાગત વસ્ત્રોમાં પૂર્ણ શ્રદ્ધા સાથે 'સાષ્ટાંગ' જેવી મુદ્રામાં હતી. આ દૃશ્ય કેમેરામાં કેદ થયું અને જોત-જોતામાં જ સોશિયલ મીડિયા પર છવાઈ ગયું. ઘણા લોકોએ તેને ભારત-આફ્રિકા સંબંધોની નવી પરિભાષા ગણાવી.

જમીન પર 'સાષ્ટાંગ' જેવી મુદ્રામાં સૂઈને સન્માન કરવું એ અતિથિ-સન્માનની સર્વોચ્ચ રીત ગણાય છે. આ એક ભાવનાત્મક, સાંસ્કૃતિક અને આદરની અભિવ્યક્તિ છે. તસવીરમાં દેખાય છે કે મહિલાઓ પરંપરાગત આફ્રિકન પોશાકમાં જમીન પર સૂઈને સન્માન આપી રહી છે અને વડાપ્રધાન મોદી ઝૂકીને હાથ જોડીને તેમનું અભિવાદન સ્વીકારી રહ્યા છે. આ દૃશ્યએ વિશ્વને સંદેશો આપ્યો કે ભારતની વૈશ્વિક ઈમેજ માત્ર રાજનીતિ કે કૂટનીતિથી નહીં, પણ દિલના સંબંધો અને સન્માનની સંસ્કૃતિ દ્વારા પણ સતત મજબૂત થઈ રહી છે.

જોહાનિસબર્ગ પહોંચ્યા બાદ વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોતાની પોસ્ટમાં લખ્યું કે, "જોહાનિસબર્ગ પહોંચીને મને અત્યંત આનંદ થઈ રહ્યો છે. હું G-20 સમિટ સાથે જોડાયેલી મહત્વની બેઠકોમાં ભાગ લઈશ. વિશ્વભરના નેતાઓ સાથેની અમારી ચર્ચા વૈશ્વિક મુદ્દાઓ પર સહકાર વધારવા અને વિકાસની પ્રાથમિકતાઓને આગળ ધપાવવા પર કેન્દ્રિત રહેશે.

અમારો ધ્યેય બધા માટે વધુ સારું ભવિષ્ય સુનિશ્ચિત કરવાનો છે." આ સંદેશ દર્શાવે છે કે ભારત માત્ર ભાગીદાર બનીને નહીં, પણ વૈશ્વિક નેતૃત્વને દિશા આપીને આવનારા નિર્ણયોમાં મોટું યોગદાન આપવા જઈ રહ્યું છે.

# ઇઝરાયેલને હમાસની સાત કિ.મી. લાંબી ૮૦ રૂમ ધરાવતી ટનલ મળી

**આ ઓપરેશનનો હેતુ લેફ્ટનન્ટ ગોલ્ડિનના અવશેષો મેળવી તેને ઇઝરાયેલમાં દફનાવવાનો હતો**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ગાઝા પટ્ટી, તા.૨૨**

ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સીસ-આઈડીએફ-દ્વારા ગાઝા પટ્ટીમાં ગીચ રહેણાંક વિસ્તારમાં ૨૫ મીટરની ઉંડાઈએ બનાવવામાં આવેલી સાત કિલોમીટર લાંબી અને ૮૦ ઓરડા ધરાવતી ટનલ શોધી કાઢવામાં આવી છે. સોશિયલ મિડિયા પર આ ટનલનો વિડિયો મુકી આઈડીએફ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ૨૦૧૪માં ઈઝરાયેલ હમાસ યુદ્ધ દરમ્યાન માર્યા ગયેલાં લેફ્ટનન્ટ હાદર ગોલ્ડિનના અવશેષો આ ટનલમાં રખાયા હતા જે આ મહિને સોંપવામાં આવ્યા હતા. દરમિયાન ઈઝરાયેલે ખાન યુનિસ ઈલાકામાં કરેલાં એક હવાઈ હુમલામાં પાંચ જણાંના મોત થયા હતા અને ૧૮ ઘાયલ થયા હતા.

આઈડીએફે એક્સ પર જણાવ્યા અનુસાર આ ટનલ રફાના ગીચ વિસ્તારની નીચેથી પસાર થાય છે. આ ટનલનો ઉપયોગ હમાસના કમાન્ડર્સ શસ્ત્રો સંગ્રહવા માટે કરતાં હતા. યાહાલોમ કોમ્બેટ એન્જિનિયરિંગ યુનિટ અને શાયેટેટ ૧૩ નેવલ કમાન્ડો યુનિટ દ્વારા શોધી કાઢવામાં આવેલી આ ટનલ સાત કિલોમીટર લાંબી છે.

હમાસના કમાન્ડર મુહમ્મદ શબાના દ્વારા વપરાતાં રૂમને આઈડીએફે શોધી કાઢ્યો હતો. શબાનાનું મેમાં લડાઈમાં મોત થયું હતું. આઈડીએફ દ્વારા એક અલગ પોસ્ટમાં જણાવાયું હતું કે તેમણે મારવાન અલ હમાસની ધરપકડ કરી છે. મારવાન લેફ્ટનન્ટ ગોલ્ડિનના મોતની સજાને નક્કી કરનારાઓમાંનો એક હતો. અલ હમાસને ગોલ્ડિનના દફનના સ્થળની જાણ હતી. જુલાઇ ૨૦૨૫માં નક્કી કરવામાં આવેલાં ઓપરેશન્સમાંના એક આ ઓપરેશનનો હેતુ ગોલ્ડિનના અવશેષો મેળવી તેને ઈઝરાયેલમાં દફન કરવાનો હતો.

બંને દેશો વચ્ચે સુલેહને છ અઠવાડિયાનો સમય થયો હોવા છતાં બંને પક્ષો એકમેક પર તેનો ભંગ કરવાના સતત આક્ષેપો કરી રહ્યા છે તે જોતાં આ સુલેહ લાંબો સમય ટકે તેમ લાગતું નથી. ઈઝરાયેલના તાજા બે હવાઈ હુમલામાં એક નાની છોકરી સહિત કુલ પાંચ જણાંના મોત થયા હતા. બીજો હુમલો અબાસન નજીક કરવામાં આવ્યો હતો. જેમાં એકનું મોત અને ત્રણને ઈજા થઈ હતી.

## સપનાને પાંખો આપવાનો હવે સમય આવી ગયો છે : નીતા અંબાણી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૨૨**

દેશમાં રમતગમતને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડવા માટે મહત્વની કામગીરી કરતા રિલાયન્સ ફાઉન્ડેશનને આજે એક મોટી ઉપલબ્ધિ મળી છે. FICCI's India Sports Awards 2025માં રિલાયન્સ ફાઉન્ડેશનને Best Corporate PromOing Sports – High Performance એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યું છે. આ સન્માન માત્ર સંસ્થાની સિદ્ધિઓને જ નથી દર્શાવતું, પણ ભારતીય ખેલાડીઓને લઈને વધતી આશાઓ અને સપનાઓની નવી દિશાને પણ દર્શાવે છે.

એવોર્ડ મળ્યા પછી રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક અને ચેરપર્સન નીતા એમ. અંબાણીએ જે સંદેશ આપ્યો, તે સંદેશે આખા દેશનું ધ્યાન ખેંચ્યું છે. "સપનાને પાંખો આપવાનો સમય આવી ગયો છે" આ વાક્ય સાથે તેમણે કહ્યું કે, આવનારો દાયકો ભારતીય રમતગમતનો સુવર્ણ યુગ હશે.

તેમનો સંદેશ માત્ર એક ભાષણ નહીં, પરંતુ રમતગમત દ્વારા રાષ્ટ્ર-નિર્માણની મજબૂત ઘોષણા બની ગયો.

નીતા અંબાણીના નેતૃત્વ હેઠળ રિલાયન્સ ફાઉન્ડેશન સતત ભારતના ખેલાડીઓને તાલીમ (ટ્રેનિંગ), ઈન્ફ્રાસ્ટ્રક્ચર, શિષ્યવૃત્તિ (સ્કોલરશિપ) અને હાઇ-પર્ફોર્મન્સ સપોર્ટ આપી રહ્યું છે. આ જ આશા અને અવિરત કાર્યને ધ્યાનમાં રાખીને FICCIએ આ વર્ષે રિલાયન્સ ફાઉન્ડેશનને Best Corporate PromOing Sports – High Performance સન્માનથી નવાજ્યું છે. તેમના મતે રમતગમત માત્ર મેડલ જીતવાનું માધ્યમ નથી, પરંતુ દેશના ભવિષ્યને મજબૂત બનાવવાનો માર્ગ છે.

એવોર્ડ સ્વીકારતાં તેમણે કહ્યું કે, "આવનારો દાયકો ભારતીય રમતગમતનો સ્વર્ણિમ યુગ હશે. સરકાર, કોર્પોરેટ, FICCI જેવા સંગઠનો, આપણા યુવા ખેલાડીઓ અને તેમના પરિવારોની સાથે મળીને અમે ભારતને ખરેખર એક વૈશ્વિક મલ્ટી-સ્પોર્ટિંગ પાવરહાઉસ બનાવવા માંગીએ છીએ. આ માત્ર મેડલ જીતવાની વાત નથી, આ રમતગમતના માધ્યમથી રાષ્ટ્ર-નિર્માણનો સંકલ્પ છે." તેમનો આ સંદેશ દેશના રમત ઈકોસિસ્ટમ નવી ઊર્જા લઈને આવ્યો છે.

# ૫.૭ના ભૂકંપે બાંગ્લાદેશમાં મચાવી તબાહી: ૧૦ના મોત, ૧૦૦થી વધુ ઈજાગ્રસ્ત, મકાનો ધરાશાયી

**ભૂકંપનું કેન્દ્રબિંદુ (એપિસેન્ટર) ઢાકાથી લગભગ ૧૩ કિલોમીટર દૂર આવેલા નરસિંગડીમાં નોંધાયું હતું, જ્યાં સૌથી વધુ નુકસાન થવા પામ્યું હતું**



(સંપૂર્ણ સમાચાર સેવા) **ઢાકા, તા.૨૨**

બાંગ્લાદેશની રાજધાની ઢાકા અને તેની આસપાસના વિસ્તારો સવારે ૫.૭ની તીવ્રતાના શક્તિશાળી ભૂકંપથી ધ્રુજી ઉઠ્યા હતા. આ ભૂકંપને કારણે અત્યાર સુધીમાં મૃત્યુઆંક વધીને ૧૦ પર પહોંચી ગયો છે, જ્યારે ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. ભૂકંપનું કેન્દ્રબિંદુ (એપિસેન્ટર) ઢાકાથી લગભગ ૧૩ કિલોમીટર દૂર આવેલા નરસિંગડીમાં નોંધાયું હતું, જ્યાં સૌથી વધુ નુકસાન થયું છે. આ ભૂકંપના આંચકા ભારતના પશ્ચિમ બંગાળ, આસામ અને ત્રિપુરા સહિતના પૂર્વોત્તર રાજ્યોમાં પણ અનુભવાયા હતા.

શુક્રવારે સવારે સ્થાનિક સમય મુજબ ૧૦:૩૮ વાગ્યે આવેલા આ ભૂકંપને કારણે ભારે અફરા-તફરી મચી ગઈ હતી. ગભરાયેલા લોકો પોતાના ઘરો અને ઓફિસોમાંથી બહાર રસ્તા પર દોડી આવ્યા હતા.

ઢાકામાં ૪, ભૂકંપના કેન્દ્રબિંદુ નરસિંગડીમાં ૫ અને નારાયણગંજમાં ૧ વ્યક્તિનું મોત થયું છે. ઢાકાના બોંગશાલ વિસ્તારમાં એક પાંચ માળની ઈમારતની રેલિંગ તૂટીને નીચે ચાલી રહેલા ત્રણ લોકો પર પડતાં તેમના મૃત્યુ થયા હતા. જ્યારે ઢાકાના ઔદ્યોગિક વિસ્તાર ગાઝીપુરમાં, ફેક્ટરીઓમાં કામ કરી રહેલા મજૂરો ભૂકંપના આંચકા દરમિયાન ઈમારતોમાંથી બહાર ભાગતી વખતે થયેલી ભાગદોડમાં ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા.

ઢાકાના એક રહેવાસીએ જણાવ્યું, "અમે જોરદાર આંચકો અનુભવ્યો. ઈમારતો વૃક્ષોની જેમ હલી રહી હતી. બધા એક સાથે નીચે ભાગવાનો પ્રયાસ કરી રહ્યા હોવાથી લોકો સીડીઓમાં ફસાઈ ગયા હતા. બાળકો રડી રહ્યા હતા, દરેક જણ ડરી ગયું હતું."

આ ભૂકંપની અસર ભારતમાં પણ જોવા મળી હતી. પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં સવારે ૧૦:૧૦ વાગ્યે (ભારતીય સમય) લોકોએ આંચકા અનુભવ્યા હતા અને સાવચેતીના ભાગરૂપે તેઓ ઘરો અને ઓફિસોમાંથી બહાર આવી ગયા હતા. આ ઉપરાંત, આસામના ગુવાહાટી, ત્રિપુરાના અગરતલા અને મેઘાલયના શિલોંગમાં પણ ભૂકંપની અસર અનુભવાઈ હતી. જોકે, અધિકારીઓએ જણાવ્યું કે ભારતમાં કોઈ મોટા નુકસાન કે જાનહાનિના સમાચાર નથી.

ભૂકંપ સમયે ઢાકામાં ચાલી રહેલી બાંગ્લાદેશ-આયર્લેન્ડ ટેસ્ટ મેચને પણ થોડી મિનિટો માટે રોકવી પડી હતી. જોકે, સ્ટેડિયમમાં કોઈ નુકસાન થયું ન હતું. બાંગ્લાદેશના વચગાળાના પ્રશાસનના મુખ્ય સલાહકાર મુહમ્મદ યુનુસે લોકોને શાંતિ જાળવવા અને અફવાઓ પર ધ્યાન ન આપવાની અપીલ કરી છે. તેમણે કહ્યું કે સરકાર નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે.

## વેનેઝુએલાના એટર્ની જનરલે ચેતવણી આપી

# શાંતિનું નોબેલ જીતનાર મચાડોને ડોનાલ્ડ ટ્રમ્પના શત્રુ દેશની ધમકી

(સંપૂર્ણ સમાચાર સેવા) **વેનેઝુએલા, તા.૨૨**

૨૦૨૫નો શાંતિનો નોબેલ પુરસ્કાર વેનેઝુએલાની વિપક્ષી નેતા મારિયા કોરીના મચાડોએ જીત્યો છે. નોબેલ પુરસ્કાર દર વર્ષની જેમ આ વર્ષે પણ ૧૦ ડિસેમ્બરે ઓસ્લોના સિટી હૉલમાં આયોજિત ઈવેન્ટમાં આપવામાં આવશે. મારિયા દુનિયાનો સૌથી પ્રતિષ્ઠિત પુરસ્કાર મેળવીને ખુશ છે અને તેમણે કહ્યું કે, તેઓ પુરસ્કાર લેવા માટે નૉર્વે જશે. પરંતુ, વેનેઝુએલાના એટર્ની જનરલે ચેતવણી આપી છે કે, અનેક ગુનાઈત કેસોમાં જેલમાં રહેલા મચાડો જો દેશની બહાર જાય છે તો તેમને ફરાર જાહેર કરી દેવામાં આવશે.

મચાડો વેનેઝુએલામાં લોકતંત્ર અને માનવાધિકારો માટે સંઘર્ષ કરે છે. સરકારે તેમની સામે અનેક ગુનાઈત કેસ દાખલ કર્યા છે, જેમાં આતંકવાદ સાથે જોડાયેલા આરોપો પણ સામેલ છે. ૫૮ વર્ષના મચાડોએ જણાવ્યું કે, તેઓ વેનેઝુએલામાં સંતાઈને રહેતા. ગત અઠવાડિયે તેમણે જાહેરાત કરી હતી કે, તેઓ ૧૦ ડિસેમ્બરે આયોજિત સમારોહ માટે નૉર્વેની રાજધાની ઓસ્લોમાં જવા ઈચ્છે છે.

અહેવાલો અનુસાર, વેનેઝુએલાના એટર્ની જનરલ, તારેક વિલિયમ સાબે ચેતવણી આપી છે કે, મચાડો અનેક ગુનાઈત કેસોનો સામનો કરી રહ્યા છે અને જો તે પુરસ્કાર માટે વિદેશ જાય છે, તો તેમને 'ફરાર' જાહેર કરવામાં આવશે. તેમના પર કાવતરૂં, નફરત ફેલાવવી અને આતંકવાદ જેવા ગંભીર આરોપ છે.

અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, મચાડો કેરેબિયન સાગરની આસપાસ અમેરિકન સૈન્ય દળોની તૈનાતીને સમર્થન આપે છે. જેના કારણે તેમના સામે તપાસ ચાલી રહી છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વેનેઝુએલાની સરકાર વિરૂદ્ધ 'એન્ટી ડ્રગ મિશન' અંતર્ગત વિશ્વનું સૌથી મોટું વિમાનવાહક જહાજ, યુદ્ધ જહાજ અને ફાઈટર જેટ કેરેબિયન સમુદ્રમાં મોકલ્યા છે. જોકે, પ્રમુખ નિકોલસ માદુરોનો દાવો છે કે, ટ્રમ્પનું આ પગલું તેમની વામપંથી સરકારને તોડી પાડવાનો પ્રયાસ છે. તેલથી સમૃદ્ધ આ દક્ષિણ અમેરિકન દેશ ૨૦૧૫થી અમેરિકન પ્રતિબંધોનો સામનો કરી રહ્યા છે. ૨૦૧૭માં પોતાના પહેલાં કાર્યકાળ દરમિયાન ટ્રમ્પે સાર્વજનિક રૂપે વેનેઝુએલા પર સૈન્ય હુમલો કરવાનો સંકેત આપ્યો છે. પોતાના બીજા કાર્યકાળમાં તેઓ વેનેઝુએલા પર અન્ય અધિક હુમલાવર થઈ ગયા છે. ટ્રમ્પ વહીવટી તંત્રએ માદુરો પર ડ્રગ કાર્ટેલનો આરોપ લગાવતા કથિત ડ્રગ બોટ્સ પર કાર્યવાહી પણ કરી છે. અહેવાલો અનુસાર, કેરેબિયન અને પ્રશાંત ક્ષેત્રમાં કથિત ડ્રગ બોટ્સ પર અમેરિકન હુમલામાં ઓછામાં ઓછા ૮૩ લોકોના મૃત્યુ નિપજ્યા છે. માદુરોની સરકારે આ જહાજ પર કરાયેલા અમેરિકન હુમલાને ગેરકાયદે કરાયેલી હત્યા કરાર કરી.

# વિયેતનામમાં પૂરથી આફત, ૫૨૦૦૦થી વધુ મકાનો પાણીમાં ગરકાવ થયા

(સંપૂર્ણ સમાચાર સેવા) **વિયેતનામ, તા.૨૨**

વિયેતનામમાં લોકોનું જીવન મુશ્કેલીમાં મુકાઈ ગયું છે. દેશના મધ્ય ભાગમાં સતત થઈ રહેલા ભારે વરસાદને કારણે ભયાનક પૂર અને ભૂસ્ખલનની ઘટનાઓએ કહેર મચાવ્યો છે. આ કુદરતી આફતમાં અત્યાર સુધીમાં ૪૧ લોકોના મોત થયા છે, જ્યારે ૯ લોકો હજુ પણ લાપતા છે. લાખો લોકોનું જીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે અને બચાવ કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે.

અહેવાલ મુજબ, છેલ્લા ત્રણ દિવસમાં આ વિસ્તારના ઘણા ભાગોમાં ૧૫૦ સેન્ટિમીટરથી વધુ વરસાદ ખાબક્યો છે, જેના કારણે સર્વત્ર જળપ્રલય જેવી સ્થિતિ સર્જાઈ છે. ૫૨,૦૦૦થી વધુ ઘરો પાણીમાં સંપૂર્ણપણે ડૂબી ગયા છે. ૬૨,૦૦૦ થી વધુ લોકોને પોતાનું ઘર છોડીને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. ભારે વરસાદ અને ભૂસ્ખલનને કારણે ઘણા મુખ્ય રસ્તાઓ બંધ થઈ ગયા છે, જેનાથી બચાવ કાર્યમાં પણ મુશ્કેલી પડી રહી છે.

લગભગ ૧૦ લાખ ઘરોમાં વીજળી ગુલ છે, જેના કારણે લોકોનો સંપર્ક કરવો પણ મુશ્કેલ બન્યો છે. સમગ્ર અસરગ્રસ્ત વિસ્તારમાં રેસ્ક્યૂ ઓપરેશન ચાલી રહ્યું છે. પાણીમાં ડૂબી ગયેલા ઘરોની છત પર ફસાયેલા લોકોને બચાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. હજુ પણ હજારો લોકો મદદની રાહ જોઈ રહ્યા છે.

જે વિસ્તારમાં પૂર આવ્યું છે, તે મુખ્યત્વે વિયેતનામનો કોફી ઉત્પાદક ઝોન માનવામાં આવે છે. આ ઉપરાંત, આ વિસ્તાર તેના દરિયાકિનારા અને પ્રવાસન માટે પણ જાણીતો છે. આ કુદરતી આફતને કારણે દેશના કોફી ઉદ્યોગ અને પ્રવાસન ક્ષેત્રને ભારે નુકસાન થવાની આશંકા છે.

વિયેતનામના પર્યાવરણ મંત્રાલયે જણાવ્યું છે કે, ૬ પ્રાંતોમાં મૃત્યુઆંક ૪૧ પર પહોંચ્યો છે અને લાપતા લોકોની શોધખોળ ચાલુ છે.

# પાકિસ્તાનમાં ગુંદર બનાવતી ફેક્ટરીમાં બોઈલર બ્લાસ્ટ, ૧૫ કર્મચારીઓના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા) **ઈસ્લામાબાદ, તા.૨૨**

પૂર્વ પાકિસ્તાનમાં એક ગુંદર બનાવતી ફેક્ટરીમાં શુક્રવારે બોઈલર ફાટી જતાં આ ઘટનામાં ઓછામાં ઓછા ૧૫ કર્મચારીના મોતના અહેવાલ છે. જ્યારે અન્ય સાત લોકો ઈજાગ્રસ્ત થયા હતા. પોલીસે જણાવ્યું કે, ફેક્ટરી મેનેજરની ધરપકડ કરી લેવામાં આવી છે અને માલિકની શોધખોળ ચાલુ કરી દેવાઈ છે. ઘટના બાદ માલિક ફરાર થઈ ગયો હતો.

આ બોઈલર બ્લાસ્ટની ઘટના પંજાબના ફૈસલાબાદ શહેરમાં બની હતી. જોકે વિસ્ફોટનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. સ્થાનિક તંત્રના અધિકારી રાજા જહાંગીરે જણાવ્યું કે, આ વિસ્ફોટ એટલો પ્રચંડ હતો કે તેનાથી ફેક્ટરીની ઈમારત અને તેની આજુબાજુના ઘરોને પણ ભારે નુકસાન થયું હતું અને ફેક્ટરીમાં આગ લાગી ગઈ હતી.

સ્થાનિક પોલીસ અધિકારી મોહમ્મદ અસલમે કહ્યું કે, અમે ઘટનાની તપાસ કરી રહ્યા છીએ.

ઘટનાની જાણ થતાં પંજાબના મુખ્યમંત્રી મરીયમ નવાઝ શરીફે મૃતકો સંવેદના વ્યક્ત કરી હતી અને ઈજાગ્રસ્ત અધિકારીઓ માટે સારામાં સારી સારવાર સુનિશ્ચિત કરવા આદેશ આપ્યો હતો. અગાઉ ૨૦૨૪માં પણ આ જ રીતે ફૈસલાબાદની એક કાપડની ફેક્ટરીમાં બોઈલર બ્લાસ્ટ થતાં એક ડઝનથી વધુ શ્રમિકો ઈજાગ્રસ્ત થયા હતા.




## ગામડાઓમાં પણ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે

# સફળતાની સીડીઓ ચઢતી લાલો ફિલ્મ માટે લોકચાહના

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૨**




લાલો ફિલ્મની સફળતાના સોપાન ચઢી રહ્યું છે, ફિલ્મની સફળતાના પડઘમ માત્ર દેશ નહીં પરંતુ વિદેશમાં પણ વાગી રહ્યા છે. ફિલ્મ જગતના પંડીતોને પણ નવાઈ લગાડે તેવી કમાણી આ ફિલ્મ દ્વારા થઈ રહી છે. આ ફિલ્મ જોવા માટે તમામ ઉંમરના લોકો થિયેટર સુધી પહોંચી રહ્યા છે. જેમાં વિજાપુરનો એક નવો કિસ્સો સામે આવ્યો છે. જેમાં એક ટ્રક ભરીને ગામના લોકો ભેગા થઈને ફિલ્મ જોવા માટે પહોંચ્યા હતા. કડકડતી ઠંડી વચ્ચે ગામના લોકો એકઠા થઈને લાલો-કૃષ્ણ સદા સહાયતે ફિલ્મ નિહાળી હતી. ફિલ્મ પ્રત્યેનો લોકપ્રેમ સતત વધી રહ્યો છે, જેની સાથે ફિલ્મની કમાણીનો આંકડો પણ એક નવા રેકોર્ડ તરફ આગળ વધી રહ્યો છે. લાખો રૂપિયામાં બનેલી ફિલ્મ કરોડોનો વરસાદ કરી રહી છે. જેને ફિલ્મના ડિરેક્ટર તથા કલાકારો અને ટીમ કૃષ્ણની કૃપા ગણાવી રહ્યા છે.

ગુજરાતી ફિલ્મ લાલોએ એવી છાપ છોડી છે કે થિયેટરોથી લઈને ઘેર-ઘેર તેની ચર્ચા થઈ રહી છે, વિજાપુરના લાડોલ ગામની ઘટના સામે આવી રહી છે, જેમાં ગામના લોકો એકઠા થઈને આઈસર ટ્રકમાં રાતનો શો જોવા માટે નીકળ્યા હતા. લાડોલ ગામના લોકો એકઠા થઈને લગભગ સાડા ૭ કિલોમીટરનો રસ્તો કાપીને રાતના સમયે આ ફિલ્મ જોવા માટે વિજાપુર પહોંચ્યા હતા.

આ આઈસર ટ્રકમાં ૬૦થી ૬૫ જેટલા લોકો હતા, જેમાં મહિલાઓ અને પુરુષો તથા બાળકોનો પણ સમાવેશ થતો હતો. એક તરફ ગાત્રો થીજવતી ઠંડી હતી છતાં લોકો ખુલ્લા ટ્રકમાં ધાબળા ઓઢીને ફિલ્મ જોવા જતા હોય તેવા દ્રશ્યો સામે આવ્યા છે. ટ્રકમાં સવાર લોકોમાં ફિલ્મને લઈને ગજબનો ઉત્સાહ પણ તેમના ચહેરા પર સાફ પ્રતિત થઈ રહ્યો છે.

આ ફિલ્મની કહાની એક નાનકડા પરિવાર પર આધારીત છે, જેમાં એક યુવક રૂપિયાની લાલચમાં એવો ફસાય છે કે તે પોતાના ઘરે કઈ રીતે જશે તે પણ તેને સમજાતું નથી, આવામાં એક યુવક કૃષ્ણના અવતારમાં તેની મદદે પહોંચે છે જેને તેણે જૂનાગઢ શહેરના દર્શન કરાવ્યા હતા.

આ ફિલ્મની કહાની સામાન્ય છે પરંતુ તે લોકોના હૃદયને સ્પર્શી રહી છે, ફિલ્મની કહાની લોકોને ગમવાની સાથે તેમને સીધી રીતે સ્પર્શી પણ રહી છે, જેમાં લોકો પોતાની ખરાબ આદતો છોડવા માટે પણ પ્રેરાઈ રહ્યા છે. આ ફિલ્મની કથા એક રોચક છે કે તેના ડિરેક્ટર, કલાકારો અને ટીમને પણ કેટલાક ચમત્કાર જોવા મળી રહ્યા છે.

લાલો ફિલ્મ એક કરોડની અંદર બની છે પરંતુ તેની કમાણીએ લોકોને અચંબિત કરી દીધા છે. સેક્નીલ્કના આંકડા પ્રમાણે ૪૧ દિવસના અંતે આ ફિલ્મે દુનિયાભરમાંથી ૭૨ કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે, જ્યારે ભારતમાંથી ફિલ્મને થયેલી કુલ કમાણીનો આંક ૬૦ કરોડને આંબી ગયો છે.

ફિલ્મ સાથે જોડાયેલા લોકો પણ તેમને જે દર્શકો તરફથી પ્રેમ મળી રહ્યો છે અને લાલો ફિલ્મની સમાજ પર જે અસર થઈ રહી છે તેનાથી ખુશ છે.

## પતિ આનંદ આહુજાની કોમેન્ટે જીત્યા લોકોના દિલ

# ફિલ્મ અભિનેત્રી સોનમ કપૂર બીજીવાર બનશે માતા

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૨**

અભિનેત્રી સોનમ કપૂર બીજીવાર પ્રેગનેન્ટ હોવાની અટકળો છેલ્લા કેટલાક સમયથી ચાલી રહી છે. સોશિયલ મીડિયાથી લઈ બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાં પણ એવી અફવાઓ ફેલાઈ રહી છે કે અભિનેત્રી ટૂંક સમયમાં માતા બની શકે છે. આજે સોનમ કપૂરે પોતાની ગર્ભાવસ્થાની જાહેરાત કરીને બધી અટકળો અને અફવાઓનો અંત લાવી દીધો છે. હવે અભિનેત્રી ટૂંક સમયમાં બીજા બાળકની માતા બનશે.

સ્ટાઈલ આઈકોન સોનમ કપૂરે સ્ટાઈલિશ રીતે પોતાની બીજી ગર્ભાવસ્થાની જાહેરાત કરી છે. તેણે સ્ટાઈલિશ અને એકદમ હોટ પિંક આઉટફિટમાં સુંદર રીતે ઘણી તસવીરો શેર કરી છે, જેમાં તે પોતાનો બેબી બમ્પ ફ્લોન્ટ કરતી જોવા મળી રહી છે. સોનમ કપૂરની આ સુંદર તસવીરો જોતા જ ફેન્સ ખુશ થયા હતા. અભિનેત્રીના પતિ આનંદ આહુજાએ સૌથી વધુ ધ્યાન ખેંચ્યું છે. આનંદ આહુજાએ સોનમ કપૂરની પોસ્ટ પર બે કમેન્ટ કરીને લોકોનું દિલ જીતી લીધું છે. એકમાં તેમણે લખ્યું કે, ડબલ ટ્રબલ, બીજામાં લખ્યું છે કે, બેબી માં અને શિક મામા.

સોનમ કપૂર લગ્ન બાદ થોડી જ ફિલ્મોમાં જોવા મળી છે, તે પોતાના પરિવાર અને દીકરાના ઉછેરમાં વ્યસ્ત રહી છે. હવે તેમના દીકરા વાયુના જન્મના ત્રણ વર્ષ બાદ આનંદ આહુજા અને સોનમ કપૂરના ઘરમાં ફરીથી નાનકડા મહેમાનનું આગમન થશે. સેલિબ્રિટીઓએ શુભેચ્છાઓનો વરસાદ વરસાવ્યો છે. સોનમ કપૂરે પોતાની બીજી ગર્ભાવસ્થાની જાહેરાત કરતા જ શનાયા કપૂર અને પત્રલેખા કપૂર જેવી હસ્તીઓએ તેને અભિનંદન આપવાનું શરૂ કરી દીધું હતું. તમને જણાવી દઈએ કે, સોનમ કપૂરે ૨૦૧૮માં ઉદ્યોગપતિ આનંદ આહુજા સાથે લગ્ન કર્યા હતા. લગ્ન પહેલા બંને લાંબા સમયથી ડેટિંગ કરી રહ્યા હતા. શાહરૂખ ખાન અને સલમાન ખાન જેવા સેલેબ્સ લગ્નમાં હાજર રહ્યા હતા. તેમના લગ્નના ત્રણ વર્ષ પછી ૨૦૨૧માં સોનમ કપૂરે એક પુત્ર વાયુને જન્મ આપ્યો હતો.

# પ્રિયંકા ચોપરાની વારાણસી ફિલ્મના ટાઈટલના માલિકી હક્ક અંગે વિવાદ

**એસ.એસ રાજામૌલીએ વારાણસી ટાઈટલના સ્પેલિંગમાં ફેરફાર કરીને વાપરવાની યુક્તિ અજમાવી**

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૨**

એસ.એસ રાજામૌલી દ્વારા પ્રિયંકા ચોપરા, મહેશ બાબુ તથા પૃથ્વીરાજ સુકુમારન સાથે બનાવાઈ રહેલી ફિલ્મનું ટાઈટલ વારાણસી હોવાની જાહેરાત કરવા માટે તાજેતરમાં લખલૂટ ખર્ચે એક ગ્રાન્ડ ઈવેન્ટ યોજવામાં આવી હતી. પરંતુ, હવે આ ટાઈટલ અંગે જ કાનૂની વિવાદ સર્જાયો છે. એક દાવા અનુસાર સીએચ સુબ્બા રાવ નામના નિર્માતા વારાણસી ટાઈટલ તેલુગુ ફિલ્મ પ્રોડ્યૂસર કાઉન્સિલમાં લાંબા સમય પહેલાં રજિસ્ટર કરાવી ચૂક્યા છે અને આ ટાઈટલ પર તેમનો હક્ક છે.




જોકે, રાજામૌલીએ અગાઉ જ આ ટાઈટલ વિશે તપાસ કરાવી લીધી હતી અને તેમણે શાબ્દિક યુક્તિ અજમાવી ટાઈટલ લોન્ચ કરવાની ઈવેન્ટમાં સ્પેલિંગમાં ફેરફાર સાથે વારાણસી ટાઈટલ રીલિઝ કર્યું હતું. હવે આગામી દિવસોમાં રાજામૌલી અને સુબ્બારાવ વચ્ચે ટાઈટલ વિવાદ બાબતે કોઈ મીટિંગ થાય તેવી સંભાવના છે.

ઉલ્લેખનીય છે કે, રાજામૌલી એ ભગવાન હનુમાનજી પોતાની કોઈ મદદ કરી શક્યા નથી અને પોતે ઈશ્વરમાં માનતા નથી તેવાં વિધાનો કરતાં તે અંગે પણ વિવાદ થયો છે અને કેટલાંક હિંદુ સંગઠનોએ રાજામૌલી પર ધાર્મિક લાગણી દૂભવવાનો આરોપ કરતી અરજી પોલીસને આપી છે.

## સ્ટારડમ પણ છૂટ્યું, હવે પસ્તાવો થાય છે!

# એક ભૂલ આખા કરિયર અને સ્ટારડમને બરબાદ કરી શકે છે

**વિશાલ મલ્હોત્રાએ એક ઈન્ટરવ્યુમાં સ્વીકાર્યું કે હું ઘમંડમાં આવી ગયો હતો. તેથી મેં ઘણા રોલ રિજેક્ટ કરી દીધા**

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૨**

લાઈફમાં સક્સેસ કોણ નથી ઈચ્છતું? શોબિઝમાં એક્ટર્સ ફેમ પાછળ ભાગે છે. કેટલાક સ્ટાર્સ એવા પણ હોય છે જેમને કરિયરમાં ફેમ, સક્સેસ, પૈસા બધુ જ મળે છે. પરંતુ એક ભૂલ તેમના આખા કરિયર અને સ્ટારડમને બરબાદ કરી શકે છે. આ રિપોર્ટમાં આપણે એવા સ્ટાર્સની વાત કરીશું જેમણે ઘમંડમાં પોતાનું કરિયર બરબાદ કરી નાખ્યું.

**વિશાલ મલ્હોત્રા :** વિશાલ મલ્હોત્રાને શાહિદ કપૂરની ફિલ્મ ઈશ્ક વિશ્કથી ફેમ મળી છે. વિશાલને ફિલ્મથી અલગ સ્ટારડમ મળ્યું. આ સ્ટારડમ ક્યારે ઘમંડમાં ફેરવાઈ ગયું તે તેને ખુદ ન સમજાયું. એક ઈન્ટરવ્યુમાં એક્ટરે સ્વીકાર્યું કે હું ઘમંડમાં આવી ગયો હતો. તેથી મેં ઘણા રોલ રિજેક્ટ કરી દીધા. ત્યારબાદ તેને ૧૨ વર્ષ સુધી કંઈ કામ ન મળ્યું. છતાં તેને હજુ પણ સ્ક્રીન પર તે જગ્યા ન મળી શકી, જેના માટે તે લાયક હતો. વિશાલ હવે બિઝનેસ જગતમાં એન્ટ્રી કરી ચૂક્યો છે.

**કરણ પટેલ :** કરણ પટેલને ટેલિવિઝનનો શાહરૂખ ખાન કહેવામાં આવતો હતો. તે યે હૈ મોહબ્બતેં, કસ્તુરી અને કાવ્યંજલી જેવા શો માટે જાણીતો છે. તેને બેક ટૂ બેક શો ની ઓફરો મળી રહી હતી. પરંતુ પછી તેને સ્ટારડમનું ઘમંડ ચઢ્યું અને તેણે ખુદ પોતાનું ચાલી રહેલું કરિયર ડૂબાડી દીધું. એવી ચર્ચા છે કે તે ત્રણ વર્ષ પછી કમબેક કરવા જઈ રહ્યો છે. પરંતુ તેનું કમબેક કેવું હશે, તે અંગે હજુ કોઈ માહિતી નથી.

**સાજિદ ખાન :** સાજિદ ખાન ગ્લેમર વર્લ્ડમાં એક જાણીતું નામ છે. તેણે હાઉસફુલ, હે બેબી, હિંમતવાલા અને હમશકલ્સ જેવી અનેક સુપરહિટ ફિલ્મોનું દિગ્દર્શન કર્યું છે.

જોકે, ૨૦૧૮માં જાતીય સતામણીના અનેક આરોપો બાદ તેમના કરિયર પર ભારે અસર પડી અને તેણે ફિલ્મોથી અંતર બનાવવું પડ્યું.

**અમન વર્મા :** અમન વર્મા એક સમયે ફિલ્મ અને ટેલિવિઝન જગતનું એક મોટું નામ હતું. ૨૦૦૫માં એક પ્રાઈવેટ ન્યૂઝ ચેનલે એક સ્ટિંગ ઓપરેશન હાથ ધર્યું હતું જેમાં તેને કરિયરના બદલામાં એક મોડેલ પાસે યૌન સબંધની માગ કરતો દર્શાવવામાં આવ્યો હતો.

જ્યારે એક્ટરનો આ વીડિઓ ટેલિવિઝન પર પ્રસારિત થયો, ત્યારે તેની ખૂબ બદનામી થઈ. ત્યારબાદ તેને કામ મળવાનું ઓછું થઈ ગયું.

આ તમામ સ્ટાર્સ પોતાના કરિયરના પીક પર હતા. પરંતુ એક ખોટા નિર્ણયના કારણે તેમના કરિયર પર ગંભીર અસર પડી. આજે આ તમામ સ્ટાર્સ એક્ટિવ તો છે, પરંતુ સિનેમા અને એક્ટિંગની દુનિયાથી દૂર છે. ચાહકો તેમના શાનદાર કમબેકની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

# બારડોલીના ધૂલીયા ચોકડી નજીક અકસ્માત સર્જાયો, ડ્રાઈવર અને ક્લિનરની ધરપકડ




**સંત કૃપા ટ્રાવેલ્સની લક્ઝરી બસે આ અકસ્માત સર્જ્યો હતો. આ મામલે પોલીસે બસચાલક અને ક્લિનરની કરી ધરપકડ છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**સુરત,તા.૨૨**

સુરત જિલ્લામાં બારડોલીના ધૂલીયા ચોકડી નજીક અકસ્માત સર્જાયો છે. એક બેફામ લક્ઝરી ચાલકે અનેક લારીઓને ટક્કર મારતા આ અકસ્માત સર્જાયો હતો. સંત કૃપા ટ્રાવેલ્સની લક્ઝરી બસે આ અકસ્માત સર્જ્યો હતો. આ મામલે પોલીસે બસચાલક અને ક્લિનરની કરી ધરપકડ છે. આ અકસ્માતની સમગ્ર ઘટના CCTV કેમેરામાં કેદ થઈ છે.ઘટનાની મળતી માહિતી અનુસાર, બારડોલીમાં આવેલી ધૂલીયા ચોકડી નજીક અકસ્માતની ઘટના બની હતી. ધૂલીયા ચોકડી પરિશ્રમ પાર્ક સામે એક બેફામ હંકારી જતા લક્ઝરી ચાલકે અનેક લારી ચાલકોને ટક્કર મારી હતી. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં પણ કેદ થઈ છે. સંત કૃપા ટ્રાવેલ્સની ખાનગી લક્ઝરી બસ સાહદાથી સુરત તરફ જતી હતી. જે દરમિયાન આ દૂર્ઘટના થઈ હતી.આ મામલે સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી હતી. જે બાદ પોલીસે ઘટના સ્થળે પહોંચીને બસ ચાલક અને ક્લીનરને ઝડપી લીધા હતા. ઉલ્લેખનીય છે કે, સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, ધુલીયા ચોકડી પર વારંવાર અકસ્માતો સર્જાતા હોય છે, તેમ છતા પોલીસ તંત્ર દ્વારા આ અંગે કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી. ટ્રાફિકની સમસ્યાને કારણે અનેક વખત અકસમતો થતા હોવાથી આ સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવા લોકો માંગ કરી રહ્યા છે.

**બદલી થયા પછી સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો**

# નર્મદા જીલ્લામાં બેંકના પૂર્વ કેશિયર ઓફિસરે કૌભાંડ આચર્યુ

**કેસ ઓફિસરે તપાસ કરતા એટીએમમાં ૪.૩૮ લાખ રૂપિયા મળી આવ્યા હતા જ્યારે સિસ્ટમમાં ૨૩,૨૭,૮૬૦ રૂપિયા બતાવતા હતા**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**રાજપીપળા,તા.૨૨**

રાજપીપળા એસ.બી.આઈની મુખ્ય બ્રાન્ચ ખાતે નોકરી કરતા અને બાદમાં છોટાઉદેપુર જિલ્લાના નસવાડી શાખામાં બદલી થયેલ કેસ ઓફિસરે રાજપીપળાના વિવિધ એટીએમમાં ૧.૯૩ કરોડ રૂપિયાનું કૌભાંડ કરી નાખ્યું હતું. પોલીસ ફરિયાદ થઈ છે જેમાં જણાવ્યું છે કે, એસ.બી.આઈ શાખાના વોટસએપ ગ્રુપમાં એવો મેસેજ આવ્યો હતો કે સંતોષ ચાર રસ્તામાં એટીએમ આઉટ ઓફ સર્વિસનો મેસેજ આવે છે.આ બાબતે હાલમાં કેસ ઓફિસરે તપાસ કરતા એટીએમમાં ૪.૩૮ લાખ રૂપિયા મળી આવ્યા હતા જ્યારે સિસ્ટમમાં ૨૩,૨૭,૮૬૦ રૂપિયા બતાવતા હતા.અને અન્ય એટીએમ માં ૯,૫૩,૮૦૦ રૂપિયા મળી આવ્યા હતા જ્યારે સિસ્ટમમાં ૪૦,૮૮,૩૦૦ રૂપિયા બતાવતા હતા.આ બાબતે અગાઉના કેસ ઓફિસર કે જેમની હાલ નસવાડી શાખામાં બદલી થઈ ગઈ છે એ બાંગબોય દેબદાસ ચક્રવર્તીની પૂછતાછ કરતા જણાવ્યું હતું કે ટેકનિકલ પ્રોબ્લેમ હશે.ત્યારબાદ રાજપીપળાના સ્ટેશન રોડના એટીએમ માંથી ૨૬૦૦ રૂપિયા મળી આવ્યા હતા જ્યારે સિસ્ટમમાં ૩૯,૯૮,૫૦૦ રૂપિયા તથા પોઈચા ખાતેમાં એટીએમમાં ૩૭૦૦ રૂપિયા મળી આવ્યા હતા જ્યારે સિસ્ટમમાં ૫૧,૬૪,૪૦૦ રૂપિયા બતાવતા હતા.જે બાદ મેનેજરે ૧૪/૧૧/૨૦૨૫ સુધીના તમામ વેહવારો એટીએમ માં ચેક કરતા ૧,૯૩,૫૫,૩૦૦ રૂપિયા સિસ્ટમમાં બતાવવા છતાં ફિઝિકલ એટલા રૂપિયા મળી આવ્યા ન્હોતા. આ બાબતે પોલીસે તપાસ કરતા બાંગબોય દેબદાસ ચક્રવર્તીએ પોતાનો મોબાઈલ સ્વીચ ઓફ કરી દઈ રાજપીપળા બ્રાંચ પર ખુલાસા માટે આવ્યા પણ ન હતા.

# જુનિયર ટ્રમ્પ વનતારાથી અભિભૂત થઈ ગયા અને અનંત અંબાણીની કરી પ્રશંસા

**તેઓ વનતારા સેન્ટર ખાતે અનંત અંબાણીને મળ્યા, જ્યાં તેમણે તેમના પ્રાણી સંરક્ષણ કાર્યની પ્રશંસા કરી. તેમણે તાજમહેલની પણ મુલાકાત લીધી**






(સંપૂર્ણ સમાચાર સેવા)

**જામનગર,તા.૨૨**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પુત્ર ડોનાલ્ડ ટ્રમ્પ જુનિયર હાલમાં ભારતની મુલાકાતે છે.

તેઓ દેશભરમાં પ્રવાસ કરી રહ્યા છે અને પર્યટન સ્થળોની મુલાકાત લઈ રહ્યા છે. આ દરમિયાન, તેઓ ભારતના સૌથી ધનિક ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના પુત્ર અનંત અંબાણીને મળ્યા. અનંત સાથે, તેમણે ગુજરાતના જામનગરમાં વન્યજીવન બચાવ અને પુનર્વસન કેન્દ્ર વનતારાની મુલાકાત લીધી. મુલાકાત દરમિયાન, તેઓ એક મંદિરમાં ભગવાન ગણેશની પૂજા કરતા પણ જોવા મળ્યા. ટ્રમ્પ જુનિયર વંતારાને જોઈને ખુશ થયા અને પ્રાણીઓ માટેના તેમના કાર્ય માટે અનંત અંબાણીની પ્રશંસા કરી.

ટ્રમ્પ જુનિયરે કહ્યું, "અહીં મને કેટલો અદ્ભુત અનુભવ થયો છે", "આ બધા પ્રાણીઓને લઈ જવા, તેમને બચાવવા અને તેમને સારું જીવન આપવાનું વિઝન અદ્ભુત છે. તે મારા જીવન કરતાં પણ સારું છે. તે ખૂબ જ અદ્ભુત છે." અનંત સાથે વાત કરતાં, તેમણે કહ્યું, "તમે બનાવેલા નિવાસસ્થાનમાં પ્રાણીઓને જોવું, જે તેમના કુદરતી નિવાસસ્થાન જેવું જ છે, તે એક અદ્ભુત અનુભવી રહ્યો છું."તેમણે અનંતને વધુમાં કહ્યું કે તમે તેમની આંખોમાં એક એવું જીવન જુઓ છો જે તેમને બીજે ક્યાંય દેખાતું નથી. તે ફક્ત એક અદ્ભુત સ્થળ છે. જેમને પણ વનતારાની મુલાકાત લેવાની તક મળે છે તેમને હું ભલામણ કરું છું. તે ખરેખર દુનિયાની અજાયબી છે. તમે તમારા દ્રષ્ટિકોણથી જે કર્યું છે તે મેં પહેલાં ક્યારેય જોયું નથી.

વનતારા ઉપરાંત, ટ્રમ્પ જુનિયરે પણ તાજમહેલની મુલાકાત લીધી. કડક સુરક્ષા વચ્ચે, તેમણે તાજમહેલની મુલાકાત લીધી.

તેમણે તેમના માર્ગદર્શકને તેની સ્થાપત્ય વિશે પણ ઘણા પ્રશ્નો પૂછ્યા. ડોનાલ્ડ ટ્રમ્પ જુનિયરની મુલાકાતનો બીજો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં તેઓ અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટ સહિતના જૂથ સાથે ગરબા કરતા જોવા મળે છે. અહેવાલો અનુસાર, તેઓ ઉદયપુરમાં એક હાઈ-પ્રોફાઈલ લગ્નમાં હાજરી આપવા માટે ભારતમાં છે.

# માંગરોળમાં ખેતી લાઈન પરથી વીજતારની ચોરી, ખેડૂતો હેરાન પરેશાન

(સંપૂર્ણ સમાચાર સેવા)

**સુરત,તા.૨૨**

સુરતના માંગરોળ તાલુકાના આકળોદ ગીજરમ ગામની સીમમાંથી ૨૦થી વધુ વીજપોલ પરથી વીજળીના વાયરની ચોરી થઈ હોવાની ઘટના સામે આવી છે. સિંચાઈના સમયે સીમ વિસ્તારોમાં વીજપોલ પરથી વાયરનો ચરી થતાં વીજ પૂરવઠો બંધ થયો છે, જેના કારણે ખેડૂતોને ભારે મુશ્કેલી ભોગવવાનો વારો આવ્યો છે. સમગ્ર મામલે ખેડૂતોએ વીજ કંપનીને ફરિયાદ



કરીને યોગ્ય કાર્યવાહી કરવાની માગ કરી છે.મળતી માહિતી મુજબ, માંગરોળ તાલુકાના આકળોદ ગીજરમ ગામની સીમ વિસ્તારમાંથી તસ્કરો દ્વારા અંદાજે ૨૦થી વધુ વીજતાર કાપીને ચોરી કરવામાં આવી છે. વીજતાર કાપી નાખતાં ખેડૂતોને પાકમાં પાણી પૂરુ પાડવા માટે વીજળી બંધ હોવાથી હાલાકી પડી રહી છે.ખેડૂતોનું કહેવું છે કે, વીજપોલ પરથી વાયરો કાપવાની ઘટના વધી રહી છે. થોડા દિવસ પહેલા લવેટ મોટી ફળી રોડ પરથી પણ વીજતારની ચોરી થઈ હતી. વીજ વાયરની ચોરીની ઘટના અંગે વીજ કંપનીને જાણ કરવામાં આવી છે.

# વિજાપુરમાં ધોરણ-૨ની બાળકીને અજાણ્યા શખસે ઈન્જેક્શન આપ્યું

**આ અંગે જાણ કરતાં તાત્કાલિક મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો અને સુરક્ષાને લઈને વાલીઓમાં ભારે રોષ ફેલાયો છે**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**મહેસાણા,તા.૨૨**

મહેસાણા જિલ્લાના વિજાપુરમાં એક ચોંકાવનારી અને ગંભીર ઘટના સામે આવી છે, જેમાં ધોરણ-૨માં અભ્યાસ કરતી એક બાળકીને અજાણ્યા શખસે ઈન્જેક્શન આપ્યું હોવાનું સામે આવ્યું છે. બાળકીએ માતાને આ અંગે જાણ કરતાં તાત્કાલિક મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો અને સુરક્ષાને લઈને વાલીઓમાં ભારે રોષ ફેલાયો છે.

મળતી માહિતી અનુસાર, બાળકીએ તેની માતાને જણાવ્યું હતું કે, અજાણ્યો શખસ તેને સ્કૂલની પાછળ લઈ ગયો હતો અને તેના ખભે હાથ મૂકીને હાથની કોણીથી ઉપરના ભાગે ઈન્જેક્શન આપ્યું હતું. આ ઘટના બાદ બાળકીને તાત્કાલિક વડનગર સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી, જ્યાં તેનું મેડિકલ ચેકઅપ કરાયું હતું અને જરૂરી સારવાર આપવામાં આવી હતી. જોકે, બાળકી હાલમાં સ્વસ્થ છે. આ સમગ્ર ઘટનાની જાણ થતાં જ વાલીઓના ટોળા શાળાએ પહોંચ્યા હતા અને સુરક્ષા વ્યવસ્થા સામે સવાલો ઊઠાવ્યા હતા. આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી છેઃ વિજાપુર પોલીસે અજાણ્યા શખસ સામે POCSO એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે. પોલીસે શાળાની આસપાસના વિસ્તારના CCTV ફૂટેજ ચેક કરવાનું શરૂ કર્યું છે, જેના આધારે આરોપીને ઓળખીને ઝડપી પાડવાના પ્રયાસો ચાલી રહ્યા છે.

પોલીસે એ દિશામાં તપાસ ચલાવી રહી છે કે, આખરે કોણે અને કયા હેતુથી બાળકીને ઈન્જેક્શન આપ્યું હતું. બાળકીની સુરક્ષા અને અજાણ્યા શખસના આ કૃત્યએ શાળા અને વાલીઓમાં ગંભીર ચિંતા ઊભી કરી છે.

**સસ્તું સોનું અને લોનના નામે છેતરપિંડી**

# કર્ણાટકના વેપારીને ફસાવી વડોદરાની ટોળકીએ રૂ.૪.૯૨ કરોડ પડાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વડોદરા,તા.૨૨**

વડોદરામાં ઓફિસ ધરાવતા શખ્સોએ સસ્તુ સોનુ અને બિઝનેસ લોનના નામે કર્ણાટકના એક વેપારીને ફસાવી રૂ.૪.૯૨ કરોડ પડાવી લેતા તેમણે પોલીસ ફરિયાદ નોંધાવી છે. પરપ્રાંતીય વેપારીને પોલીસ કેસથી બચવા માટે ભાગી જવાનું કહી ઓફિસમાંથી રવાના કરી દીધા હતા અને ત્યાર પછી હજી સુધી સોનાની ડિલિવરી નહિં મળતા તેમણે પોલીસની મદદ લીધી હતી.

કર્ણાટકના વિજયનગર નજીક આરા અપના અલી ગામે રહેતા અને ઘેરથી એ કોમર્સનો બિઝનેસ કરતા મંજુ આર રવિએ પોલીસને કહ્યું છે કે, માર્ચ ૨૦૨૫માં કર્ણાટકની એક હોટલમાં ઈલેક્ટ્રીક બાઈકના ઓપનિંગ દરમિયાન મુંબઈના ચિંતન નામના ટ્રેડરનો સંપર્ક થયો હતો. જુદા જુદા બિઝનેસ કરતા ચિંતનને તેના ઘણા મિત્રો અમદાવાદ અને વડોદરા સહિતના શહેરોમાં ઓફિસો ધરાવી સસ્તું સોનુ અને લોન આપવાના કામ કરતા હોવાની વાત કરી હતી.

કર્ણાટકના વેપારીએ ચિંતન મારફતે વડોદરાના મુજ મહુડા વિસ્તારમાં સિગ્નેટ હબ ખાતે ઓફિસ ધરાવતા વિશાલ બારોટ સાથે પરિચય કરાવ્યો હતો. જ્યાં વિશાલની સાથે તેની પાર્ટનર નયનાબેન ચાવડા પણ હાજર હતી અને ૨૫ થી ૩૦ જણા કામ કરતા હતા. વિશાલે પહેલી મિટિંગમાં ૧૦ લાખ રૂપિયા લઈ ૧૦૦ ગ્રામ સોનું આપેલું હતું. ત્યારબાદ વિશાલ કર્ણાટકના વેપારી સાથે સીધો સંપર્ક કરતો હતો. તે કર્ણાટક અને બેંગ્લોર પણ ગયો હતો. જેના તમામ ખર્ચ વેપારીએ ઉપાડ્યો હતો.

કર્ણાટકના વેપારીએ પોલીસને કહ્યું છે કે, વિશાલે કિલોમાં સોનુ જોઈતું હોય તો હું અપાવું તેમ કહી દસ કરોડની લોન માટે વ્યવસ્થા કરી આપવાની તૈયારી બતાવી હતી અને ટુકડે ટુકડે કુલ ૩૧ લાખ રૂપિયા લીધા હતા. તેને અલકાપુરીના રાધે ફાઈનાન્સ અએન્ડ ઈમ્પોર્ટ એક્સપોર્ટના સંચાલક રાજવીર પરીખ ઉર્ફે ઈલીયાસ અજમેરી સાથે પરિચય કરાવ્યો હતો. ત્યારબાદ રાજવીર મને અલગ રીતે મળ્યો હતો અને હું પણ સસ્તુ સોનું અપાવી દઈશ અને મોટું કામ હશે તો કમિશન વધુ મળશે તેમ કહી વિશ્વાસમાં લીધો હતો.

વેપારીએ કહ્યું છે કે, રાજવીરે જુદા જુદા સમયે મારી પાસે રૂપિયા પડાવ્યા હતા. તેણે ૨૪ તોલા સોનાના બિસ્કીટ આપતા મને વધુ વિશ્વાસ બેઠો હતો અને મેં મારા પરિચિતો પાસેથી રૂપિયા ભેગા કરી બીજા ૪.૬૧ કરોડ તેને આપ્યા હતા. પરંતુ ત્યારબાદ રાજવીર મને વાયદા કરતો હતો અને અમને ભરૂચ મોકલ્યા ત્યારે ડુપ્લીકેટ પોલીસની રેડના નામે કારમાંથી ઉતારી દેવામાં આવ્યા હતા. જેથી અમે ચાલતા આગળ ગયા હતા અને કોઈ ખાનગી વાહનમાં નીકળી ગયા હતા. આવી જ રીતે તેની ઓફિસમાં પણ હું મારા મિત્રો સાથે ગયો ત્યારે એક પોલીસ વાળો આવ્યો હતો અને નીચે ગાડી ઉભી છે તેમ કહી અમને લઈ જવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ રાજવીને તમે નીકળી જાઓ હું પતાવી દઈશ તેમ કહીને અમને રવાના કર્યા હતા. આમ વારંવાર વાયદા બતાવી રાજવીરે સોના માટે ૪.૬૧ કરોડ અને તેના જ પરિચિત વિશાલ બારડ, નયનાબેન ચાવડા તેમજ અન્ય સાગરીતોએ લોન માટે ૩૧ લાખ પડાવી લીધા હતા. જેથી જે.પી.રોડ પોલીસે ૧૮ જણા સામે ગુનો દાખલ કર્યો છે.

# ઓલપાડ તાલુકામાં આવેલા સાયણ ગામમાં લિફ્ટ તૂટતા બે લોકોના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)

**સુરત,તા.૨૨:** સુરત જિલ્લામાં લિફ્ટ તૂટવાના કારણે દૂર્ઘટના સર્જાઈ છે. આ દૂર્ઘટનામાં બે લોકોના મોત થતા સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે. ઘટનાની મળતી વિગતો અનુસાર, સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં આવેલા સાયણ ગામમાં લિફ્ટ તૂટી હતી. જે કારણે સર્જાયેલી દૂર્ઘટનામાં ૨ લોકોના મોત થયા હતા. સાયણ ગામમાં આવેલી અખંડદીપ ઈન્ડસ્ટ્રીઝમાં લિફ્ટ તૂટી છે. પાચમાં માળેથી સામાન નીચે ઉતારતા સમયે અચાનક લિફ્ટ તૂટી ગઈ હતી. ઘટનાની જાણ થતા જ પોલીસે ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસ આ મમલે હાલ તપાસ કરી રહી છે. આદર્શનગરની ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં દૂર્ઘટના સર્જાતા સમગ્ર પંથકમાં શોકનો માહોલ જોવા મળી રહ્યો છે.

આ દૂર્ઘટનામાં મૃત્યુ પામેલા બંને કામદારના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. હાલ ઓલપાડ પોલીસ દ્વારા આ સઘન તપાસ હાથ ધરવામાં આવી છે.



**પાશ્ચર ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા**
**કુન્નુર ૬૪૩ ૧૦૩, નીલગિરિસ, તમિલનાડુ**

**જાહેરાત નં. ૦૧/૨૦૨૫ તારીખ ૧૭.૧૧.૨૦૨૫**

પાશ્ચર ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા, કુન્નુર એ હડકવા વિરોધી રસી અને ડીપીટી જૂથની રસીઓના ઉત્પાદનમાં અગ્રણી સંસ્થાઓમાંની એક છે. આ સંસ્થા ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, નવી દિલ્હી હેઠળ એક સ્વાયત્ત સંસ્થા તરીકે કાર્યરત છે. વિગતવાર જાહેરાતમાં જરૂરી લાયકાત/અનુભવ ધરાવતા ઉમેદવારો પાસેથી નીચેની દર્શાવેલ સીધી ભરતીની જગ્યાઓ પર નિમણૂક માટે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી છે.

| ક્રમ | પોસ્ટનું નામ | ૭મા સીપીસી મુજબ પગાર લેવલ | SC | ST | OBC | EWS | UR | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | આસિસ્ટન્ટ રિસર્ચ ઓફિસર | લેવલ-૭ (રૂ.૪૪૯૦૦-૧૪૨૪૦૦) | 1 | - | 1 | 1 | 2 | **5** |
| 2 | રિસર્ચ આસિસ્ટન્ટ | લેવલ-૬ (રૂ.૩૫૪૦૦-૧૧૨૪૦૦) | 5 | 2 | 5 | 2 | 12 | **26** |
| 3 | ઓફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ | લેવલ-૬ (રૂ.૩૫૪૦૦-૧૧૨૪૦૦) | 1 | - | 1 | 1 | 3 | **6** |
| 4 | લાયબ્રેરી ઈન્ફોર્મેશન આસિસ્ટન્ટ | લેવલ-૬ (રૂ.૩૫૪૦૦-૧૧૨૪૦૦) | - | - | - | - | 1 | **1** |
| 5 | જુનિયર એન્જિનિયર (સેફ્ટી) | લેવલ-૬ (રૂ.૩૫૪૦૦-૧૧૨૪૦૦) | - | - | - | - | 1 | **1** |
| 6 | જુનિયર એન્જિનિયર (મિકેનિકલ) | લેવલ-૬ (રૂ.૩૫૪૦૦-૧૧૨૪૦૦) | - | - | - | - | 1 | **1** |
| 7 | જુનિયર એન્જિનિયર (ઈન્સ્ટ્રુમેન્ટેશન) | લેવલ-૬ (રૂ.૩૫૪૦૦-૧૧૨૪૦૦) | - | - | - | - | 1 | **1** |
| | **કુલ** | | | | | | | **41** |

**AIIMS દ્વારા લેવામાં આવતી સામાન્ય ભરતી પરીક્ષા-૪ માટે ઓનલાઈન અરજી પોર્ટલ તેમની વેબસાઈટ www.aiimsexams.ac.in પર ૦૨.૧૨.૨૦૨૫ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી ઉપલબ્ધ છે.**

વિગતવાર પાત્રતા માપદંડો માટે, કૃપા કરીને અમારી વેબસાઇટ www.pasteurinstituteindia.in પર વિગતવાર જાહેરાત જૂઓ.

CBC 17178/12/0004/2526 **ડિરેક્ટર**

વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# ગુજરાતના ૪૪૭૩ ઉમેદવારોને સરકારી નોકરીના નિમણૂક પત્રો એનાયત




(સંપૂર્ણ સમાચાર સેવા)

**ગાંધીનગર, તા.૨૨**

રાજ્યના ૪૪૭૩ યુવાનો માટે આજનો દિવસ મહત્ત્વનો સાબિત થયો છે. સરકારી ભરતી પ્રક્રિયાની લાંબી રાહ જોયા બાદ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આજે શનિવારે યોજાયેલા ભવ્ય સમારોહમાં રાજ્યના ૪,૪૭૩ જેટલા ઉમેદવારોને નિમણૂક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ મેગા ભરતી અભિયાન ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું. સૂત્રોમાંથી પ્રાપ્ત માહિતી મુજબ આ ભરતી પ્રક્રિયાને પૂર્ણ થતા એકથી બે વર્ષનો સમયગાળો લાગ્યો છે.

આજે યોજાયેલા કાર્યક્રમમાં રાજ્યના જુદા-જુદા વિભાગોમાં વર્ગ-૩ની વિવિધ સંવર્ગની જગ્યાઓ ભરવામાં આવી છે. નિમણૂક મેળવનાર ઉમેદવારો મહેસૂલ, ગૃહ, શિક્ષણ અને નાણાં વિભાગ સહિતના મહત્ત્વના વિભાગોમાં સરકારી સેવામાં જોડાશે. એકસાથે હજારો યુવાનોને સરકારી સેવામાં જોડાવાની તક મળતા ઉમેદવારો અને તેમના પરિવારજનોમાં ભારે ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

ગુજરાતમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓની જાહેરાતથી લઈને અંતિમ નિમણૂક સુધીનો સમયગાળો ઘણો લાંબો હોય છે. યુવાનો વર્ષોની મહેનત અને પ્રતીક્ષા બાદ સરકારી સેવામાં જોડાયા છે, જે તેમના માટે એક મોટી રાહત અને સિદ્ધિ છે. આ નિમણૂકો વર્ગ-૩ના વિવિધ ૧૫થી વધુ સંવર્ગો અને મહેસૂલ, ગૃહ, શિક્ષણ, અને ખાસ કરીને વન વિભાગ જેવા મહત્ત્વના વિભાગોમાં અપાઈ છે

### કઈ પોસ્ટ અને કયા વિભાગોમાં મળી નિમણૂક?

**જુનિયર કલાર્ક, વર્ગ-૩:** આ પદ પર સૌથી મોટી સંખ્યામાં નિમણૂકો અપાઈ છે, જેમાં મહેસૂલ, કૃષિ અને સહકાર, શિક્ષણ, નર્મદા અને પાણી પુરવઠા, સામાજિક ન્યાય, ગૃહ, અન્ન અને નાગરિક પુરવઠા, કાયદા અને નાણાં વિભાગ સહિતના વિવિધ વિભાગોમાં સૌથી મોટી સંખ્યામાં નિમણૂકો અપાઈ છે.

**સિનિયર કલાર્ક:** કૃષિ, નર્મદા, બંદરો અને વાહન વ્યવહાર, માર્ગ-મકાન તથા અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ.

**હેડ ક્લાર્ક:** કૃષિ, બંદરો અને વાહન વ્યવહાર, આદિજાતિ વિકાસ અને પુરવઠા વિભાગ.

**ઓફિસ આસિસ્ટન્ટ:** સામાન્ય વહીવટ વિભાગ (GAD).

સબ રજિસ્ટ્રાર અને સ્ટેમ્પ નિરીક્ષક: મહેસૂલ વિભાગ હેઠળ ગ્રેડ ૧/૨ અને વર્ગ-૩ની નિમણૂકો.

**હિસાબનીશ અને પેટા હિસાબનીશ:** નાણા વિભાગ હેઠળ વર્ગ-૩ની મહત્વની જવાબદારીઓ સોંપવામાં આવી છે.


ડેપો મેનેજર/આસિસ્ટન્ટ ડેપો મેનેજર: અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ.

**સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ:** મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, ગૃહપતિ અને મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી જેવી પોસ્ટ માટે પણ નિમણૂક પત્રો અપાયા છે.

**સર્વેયર:** વન અને પર્યાવરણ વિભાગ.

### હજારો ભરતી હજુ પણ પડતર

સૂત્રોની માહિતી પ્રમાણે, રાજ્યમાં વર્ગ-૩ની ઘણી ભરતીઓ પરીક્ષા, પરિણામ કે દસ્તાવેજ ચકાસણીના તબક્કે લાંબા સમયથી પડતર છે. તેમ છતાં સરકાર પારદર્શકતા અને ઝડપી ભરતી પ્રક્રિયાનો દાવો કરે છે, ત્યારે રેવન્યૂ તલાટી, સિનિયર સબ એડિટર-માહિતી મદદનીશ જેવી ઘણી પોસ્ટ પર ભરતી પ્રક્રિયાની કામગીરી શરૂ છે. જોકે, જુનિયર ક્લાર્ક, સિનિયર ક્લાર્કની જગ્યા માટે હજી પણ હજારો યુવાનોને નિમણૂક પત્રો મળવાના બાકી છે. આમ છતાં, આ ૪૪૭૩ નિમણૂકો બાદ પણ વહીવટી તંત્રમાં ખાલી જગ્યાઓનો આંકડો મોટો છે. બીજી તરફ, ઘણા સરકારી વિભાગોમાં જગ્યાઓ ખાલી હોવા છતાં કાયમી ભરતી કરવાના બદલે કરાર આધારિત ભરતી કરાતી હોય છે. આ બધા વચ્ચે બાકી રહેલી ભરતીઓ ક્યારે પૂર્ણ થશે તે અંગે યુવાનોમાં આશા અને અપેક્ષા બંને જોવા મળી રહી છે.






કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આયોજિત અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ ૨૦૨૫ની મુલાકાત લીધી હતી. 'વાંચે ગુજરાત ૨.૦'ની થીમ સાથે યોજાયેલા આ સાહિત્યિક મહાકુંભમાં કેન્દ્રીય મંત્રીશ્રીએ હાજરી આપી હતી.

## સુરતના ચાય પાર્ટનર કેફેમાં મહિલા ડોક્ટરનો આપઘાત

### સુરતમાં મહિલા ડોક્ટરની ૯મા માળેથી મોતની છલાંગ, ચાય પાર્ટનર કાફેમાંથી કૂદી જીવન ટૂંકાવ્યું હતું



(સંપૂર્ણ સમાચાર સેવા)

**સુરત, તા.૨૨**

સુરત પ્રાઈવેટ ફિઝિયો ક્લિનિક ધરાવતી રાધિકા કોટડીયા નામની યુવતીએ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. સરથાણા જકાતનાકાના ચાઈલટ પાર્ટનર કાફેમાં એકલા ગયા બાદ ફિઝિયોથેરાપિસ્ટે નવમા માળેથી ઝંપલાવીને મોત વ્હાલુ કર્યું. રાધિકા કોટડીયા પોતાનું પ્રાઈવેટ ફિઝિયો ક્લિનિક ધરાવે છે. હોસ્પિટલમાં રાધિકાને સારવાર માટે લઈ જવામાં આવી હતી, સારવાર દરમિયાન તેનું કરુણ મોત નિપજ્યું છે. રાધિકાની છે મહિના પહેલા એક યુવક સાથે સગાઈ થઈ હતી અને ૧૯ ફેબ્રુઆરીના રોજ લગ્ન લેવાયા હતા. રાધિકા રોજ પોતાના મંગેતર સાથે સુરતના ચાય પાર્ટનર કેફેમાં જતી હતી. ૨૧ નવેમ્બરના રોજ પણ તે પોતાના રુટિન મુજબ સાંજે ૭.૧૫ કલાકે કેફેમાં ગઈ હતી. બધા કપલ મસ્તીની પળ માણી રહ્યા હતા ત્યારે રાધિકા અચાનક ઉભી થઈ હતી, અને નવમા માળે આવેલા કેફેની બાલ્કનીમાંથી સીધું નીચે ઝંપલાવી દીધું હતું.

રાધિકાનો પરિવાર મૂળ જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાનો રહેવાસી છે. જે સુરતના સરથાણા વિસ્તારમાં રહે છે. જમનભાઈ કોટડીયાના ૨૮ વર્ષીય દીકરી રાધિકાએ આવું પગલું કેમ ભર્યું તે પરિવાર માટે પણ શોકિંગ બાબત છે. કોટડિયા પરિવારમાં માતાપિતા, એક દીકરો-દીકરી છે. જમનભાઈ હીરાના કારખાનામા રત્ન કલાકાર તરીકે કામ કરે છે. તેમજ રાધિકા પોતાનું ફિઝિયો ક્લિનિક પણ ચલાવે છે.

રાધિકાએ કેમ મોતનું પગલું ભર્યું તે હજી જાણી શકાયું નથી. દીકરીના મોતના પગલે કોટડીયા પરિવારમાં માતમ છવાયો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં ડોક્ટર રાધિકાએ મંગેતર સાથેના અણબનાવોના કારણે આપઘાતનું પગલું ભર્યું હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. જોકે, હાલ સુરત પોલીસ કારણ જાણવાની દિશામાં તપાસ કરી રહી છે.

**ખાખીની આબરુના ધજાગરા ઉડાવતી ઘટના**

## પોલીસ ઈન્સ્પેક્ટરે લિફ્ટમાં યુવતીની છેડતી કરતા ચકચાર





(સંપૂર્ણ સમાચાર સેવા)

**અમદાવાદ, તા.૨૨**

અમદાવાદ પોલીસ બેડામાં એક પીઆઈની હરકતથી ચકચાર મચી ગઈ છે. એક પીઆઈની હરકતથી ખાખીની બદનામી થઈ છે. અમદાવાદના એક પીઆઈએ લિફ્ટમાં ૧૯ વર્ષીય યુવતીની છેડતી કર્યાની ઘટના સામે આવી છે.

અમદાવાદના વિશાલા સર્કલ પાસે આવેલ એક એપાર્ટમેન્ટનો બનાવ સામે આવ્યો છે. એપાર્ટમેન્ટની લિફ્ટમાં ૧૯ વર્ષીય યુવતીની છેડતી થયાની ફરિયાદ નોંધાઈ છે. એપાર્ટમેન્ટની લિફ્ટમાં પીઆઈએ યુવતી સાથે શારીરિક અડપલા કર્યાની યુવતીએ ફરિયાદ નોંધાવી છે. પોલીસે સીસીટીવી ફૂટેજ અને યુવતીના નિવેદન આધારે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે.

છેડતી કરનાર પોલીસ ઈન્સ્પેક્ટર બરકતઅલી ચાવડા હોવાનું ખૂલ્યું છે. વેજલપુર પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. બરકતઅલી ચાવડા ગાંધીનગરમાં કન્ટ્રોલ રૂમમમાં પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવે છે. અગાઉ તેઓ અમદાવાદ એસીબી અને રખિયાલ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવી ચૂક્યા છે. યુવતી અભયમ હેલ્પલાઈનમાં જણાવ્યું કે, બરકત અલી ચાવડા લિફ્ટમાં જઈ રહ્યા હતાં, ત્યારે હું પણ તેમની સાથે હતી. પરંતુ લિફ્ટ બંધ થતા જ તેમણે મારા ખભા પર હાથ મૂકીને અડપલાં કર્યા હતાં.

લિફ્ટ છઠ્ઠા માળે પહોંચી તે સમયે બીજા વ્યક્તિઓ લિફ્ટમાં આવતા બરકત ચાવડા લિફ્ટમાંથી બહાર નીકળી ગયો હતો. ગભરાઈને મેં અભયમમાં સંપર્ક કર્યો હતો.

**શિક્ષકો માનસિક તણાવ અનુભવી રહ્યા છે**

## પંચમહાલ જિલ્લામાં BLOની કામગીરી કરતા શિક્ષકે આત્મહત્યાની ચીમકી ઉચ્ચારી

**ગોધરાના શિક્ષક વિનુભાઈ બામણીયાએ તંત્રના જવાબદાર અધિકારીઓ માનસિક ત્રાસ આપતા હોવાના આક્ષેપ સાથે આત્મહત્યાની ચિમકી ઉચ્ચારી છે**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**પંચમહાલ,તા.૨૨**

હાલ રાજ્યમાં SIR અંતર્ગત મતદાય યાદી સુધારણા કાર્યક્રમ ચાલી રહી છે. BLOની કામગીરી સરકારી શિક્ષકોને સોંપવામાં આવી છે. જેનાથી શિક્ષકો માનસિક તણાવ અનુભવી રહ્યા હોવાનો દાવો કરી રહ્યા છે. આવામાં BLOની કામગીરી કરતા ૪ શિક્ષકોના મોત પણ થયા છે. જેમાં એક શિક્ષકે આત્મહત્યા તો અન્ય ત્રણ શિક્ષકોના મોત હાર્ટ એટેકના કારણે થયા છે. આવામાં વધુ એક શિક્ષક દ્વારા આત્મહત્યાની ધમકી આપતા ચકચાર મચી જવા પામી છે.

પંચમહાલ જિલ્લામાં BLOની કામગીરી કરતા શિક્ષકે આત્મહત્યાની ચીમકી ઉચ્ચારી છે. ગોધરાના શિક્ષકે આત્મહત્યાની ચીમકી ઉચ્ચારતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. આ શિક્ષકનો આરોપ છે કે, તેને અધિકારીઓ દ્વારા BLOની કામગીરીને લઈને સતત માનસિક ત્રાસ આપવામાં આવી રહ્યો છે. આ શિક્ષકે સોશિયલ મીડિયામાં વિડિયો વાયરલ કરતા શિક્ષણ બેડામાં ખળભળાટ મચી જવા પામ્યો છે.આ વિડિયો વાયરલ બાદ પીડિત શિક્ષકને સમજાવવાના પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. આ વિડિયોમાં શિક્ષકે ધારાસભ્ય સી. કે. રાઉલજીને પણ રજૂઆત છે. ગોધરાના શિક્ષક વિનુભાઈ બામણીયાએ તંત્રના જવાબદાર અધિકારીઓ માનસિક ત્રાસ આપતા હોવાના આક્ષેપ સાથે આત્મહત્યાની ચિમકી ઉચ્ચારી છે.

શિક્ષકો મોડીરાત્ર સુધી એસઆઈઆરની કામગીરી કરતા હોવા છતાં જવાબદાર તંત્રના અધિકારીઓ દ્વારા હેરાનગતિ કરવામાં આવતી હોવાનો આક્ષેપ પણ આ શિક્ષક દ્વારા કરવામાં આવ્યો છે. ગોધરાના ધારાસભ્ય સી કે રાઉલજી દ્વારા BLO સાથે સહાયક BLOની નિમણૂક તંત્ર દ્વારા કરવામાં આવી હોવાનું જણાવ્યું છે. SIRની કામગીરી માટે BLO સાથે સરપંચ, નગરપાલિકાના સભ્યો તેમજ સૌ કાર્યકરો સાથ આપશે, તેવો દિલાસો પણ આપવામાં આવ્યો છે.

**દીકરી-જમાઈના ઘરકંકાસથી સસરાનો પિત્તો ગયો!**

## સુરતના ચોક બજારમાં યુવકની તેના જ સસરાએ છરીથી જાહેરમાં હત્યા કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**સુરત, તા.૨૨**

ક્રાઈમ સિટી સુરતમાં વધુ એક હત્યાનો બનાવ સામે આવ્યો છે. સુરત શહેરના ચોક બજાર વિસ્તારમાં એક દીકરીના પિતાએ પોતાના જમાઈની તીક્ષ્ણ હથિયારથી ગળું રહેંસી નાખી બર્બરતાપૂર્વક હત્યા કરી નાખી છે. આ ઘટનાએ આખા વિસ્તારમાં દહેશત ફેલાવી દીધી છે.

**પોલીસએ આરોપી અને હથિયાર કબજે કરી વધુ તપાસ શરૂ કરી છે : ઘટના પરિવારિક કલેશથી બની હતી**

પોલીસને મળેલી પ્રાથમિક માહિતી અનુસાર, મૃતક રાહુલ(નામ બદલ્યું છે)ને તેના જ સસરાએ મોતને ઘાટ ઉતારી દીધો છે. રાહુલ અને તેની પત્ની વચ્ચે અવારનવાર ઝઘડા થતા હતા. જેની વાત રાહુલના સસરા પાસે પહોંચતા તેઓ રોષે ભરાયા હતા, જમાઈ રાહુલ તેમની દીકરીને અવારનવાર શારીરિક-માનસિક ત્રાસ આપતો હોવાની જાણ થતા જ સસરા ભાન ભૂલ્યા હતા અને જમાઈને મોતને ઘાટ ઉતારી દીધો છે. જમાઈ રાહુલ સુરતના ચોક બજાર વિસ્તારમાં ફરી રહ્યો હતો, ત્યારે તેના સસરાએ જાહેરમાં ભરબજારે તેના પર ધારદાર છરી વડે તૂટી પડ્યા હતા. જેથી રાહુલને ગંભીર ઈજાઓ પહોંચતા તે લોહીલુહાણ હાલતમાં ઘટનાસ્થળે ઢળી પડ્યો હતો અને મોતને ભેટ્યો હતો.

ઘટનાસ્થળે હાજર લોકોએ બૂમાબૂમ કરતા પોલીસ પણ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ચોક બજાર પોલીસનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી ગયો અને ગુસ્સામાં લોહીલુહાણ હાલતમાં રહેલા આરોપી સસરાને કાબૂમાં લઈ અટકાયત કરી લીધી છે. આ હત્યામાં વપરાયેલું હથિયાર પણ પોલીસે કબજે કર્યું છે.

હાલ પોલીસે આ મામલે હત્યાનો ગુનો નોંધીને રાહુલના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ મોકલી આપ્યો છે અને આરોપી સસરા સામે હત્યાનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે. ત્યારે આ ઘટનાએ ફરી એક વખત પારિવારિક કલેશ અને ઘરેલુ હિંસાના પરિણામે થતી હત્યાઓનો મુદ્દો ઉજાગર કર્યો છે.

## વરાછામાં પ્રેમ પ્રકરણમાં બે સંતાનની માતાનો ગળેફાંસો ખાઈ આપઘાત

(સંપૂર્ણ સમાચાર સેવા)

**સુરત,તા.૨૨**

સુરત શહેરના વરાછા વિસ્તારમાં એક ચકચારી ઘટના સામે આવી છે, જ્યાં પ્રેમ પ્રકરણ જેવી બાબતમાં બે સંતાનની માતાએ ફાંસો ખાઈને પોતાની જીવનલીલા સંકેલી લીધી છે. આ બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે.

સ્મીમેર હોસ્પિટલ અને પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ વરાછા રોડ પર આવેલા એક એપાર્ટમેન્ટમાં રહેતી ૩૫ વર્ષીય મહિલાએ ગુરુવારે રાત્રે પોતાના ઘરમાં પંખા સાથે સાડીનો છેડો બાંધીને ગળે ફાંસો ખાઈ લીધો હતો. પરિવારજનોને જાણ થતાં તેઓ તાત્કાલિક તેને હોસ્પિટલ ખસેડાયા હતા, પરંતુ તબીબોએ તેને મૃત જાહેર કરી હતી. પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક મહિલા મૂળ અમરેલીના રાજુલાની વતની હતી. જોકે, પ્રાથમિક તપાસમાં એવી શક્યતા સેવાઈ રહી છે કે પ્રેમ પ્રકરણને કારણે મહિલાએ આ અંતિમ પગલું ભર્યું હોઈ શકે છે. પરિવારની સ્થિતિ મૃતક મહિલાને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. તે ઘર ગુજરાન ચલાવવા માટે હોટ ફિક્સના ખાતામાં કામ કરતી હતી, જ્યારે તેના પતિ રત્નકલાકાર તરીકે કામ કરે છે. હાલમાં વરાછા પોલીસે આ મામલે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**ગુજરાતમાં રામ મંદિર માટે એક ખાસ ધજા બનાવાઈ**

## અયોધ્યા રામ મંદિરમાં ખાતે ૨૫ નવેમ્બરે યોજાશે ધ્વજારોહણ સમારોહ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**અયોધ્યા, તા.૨૨**



૨૫ નવેમ્બર ૨૦૨૫, મંગળવારના રોજ ઉત્તર પ્રદેશના અયોધ્યામાં રામ મંદિરમાં ધ્વજારોહણ સમારોહ યોજાશે. ધ્વજારોહણ સમારોહ પહેલા ગુજરાતમાં રામ મંદિર માટે એક ખાસ ધજા બનાવવામાં આવી છે. તે તાપ, વરસાદ અને ભારે પવન સહિત તમામ હવામાન પરિસ્થિતિઓનો સામનો કરવા સક્ષમ છે.

રામ મંદિરના ૧૬૧ ફૂટ ઊંચા શિખર પર ૪૨ ફૂટ ઊંચા ધ્વજારોહણ સ્તંભ પર ધજા ફરકાવવામાં આવશે, જે ૩૬૦ ડિગ્રી ફરતી ઘંટવંદન ટેકનોલોજી પર બનેલ છે, જેથી ધજા જોરદાર પવન દરમિયાન પણ લહેરાતી રહે. રામ મંદિરના શિખર પરની ધજા ૨૨ ફૂટ લાંબી અને ૧૧ ફૂટ પહોળી છે, જે પેરાશૂટ ફેબ્રિક અને પ્રીમિયમ સિલ્ક સાટિનથી બનેલી છે. આ ધજા ગુજરાતના દસાડા સ્થિત ૮૦ વર્ષ જૂની કંપનીની ટીમ દ્વારા ડિઝાઈન કરવામાં આવી હતી.

કારીગર રાકેશ મેટકરની આગેવાની હેઠળ સાતથી આઠ લોકોએ ધજાનું ભરતકામ, આંતરિક અસ્તર અને સિલાઈ પૂર્ણ કરી. કંપનીના માલિક કશ્યબ મેવાડાએ જણાવ્યું હતું કે કાપડના ત્રણ સ્તરો અને મજબૂત દોરાથી બનેલી ધજા ૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવનનો સામનો કરી શકે છે.

રામ મંદિરના નિર્માણમાં ગુજરાતી કલા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ મંદિરની ડિઝાઈન અમદાવાદના પ્રખ્યાત આર્કિટેક્ટ ચંદ્રકાંતા સોમપુરા દ્વારા કરવામાં આવી છે. સુરતના કારીગરોએ સુંદર ગણેશ પંડાલનું મોડેલ તૈયાર કર્યું હતું, અને સુરતના એક હીરાના વેપારીએ ભગવાન રામની મૂર્તિ માટે ૬ કિલો (આશરે ૧૧ કરોડ રૂપિયા) વજનનો મુગટ દાન કર્યો હતો.

ધ્વજારોહણ સમારોહ દરમિયાન અચાનક તબિયત બગડે તો રામ ભક્તોને આરોગ્ય સંભાળ પૂરી પાડવા માટે આરોગ્ય વિભાગે તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. મુખ્ય તબીબી અધિકારી સુશીલ કુમાર બાનિયાને અંતિમ યાદી જાહેર કરી છે. કુલ ૧૮ સ્થળોએ આરોગ્ય શિબિરો ગોઠવવામાં આવશે. નવ ડોકટરો અને સ્ટાફ ત્રણ શિફ્ટમાં ફરજ પર રહેશે, જેમાં ડોકટરો અને આરોગ્ય કર્મચારીઓની અછતને પહોંચી વળવા માટે વિભાગના અન્ય ચાર જિલ્લાઓમાંથી ૫૫ ડોકટરો, ફાર્માસિસ્ટ અને વોર્ડ બોય તૈનાત રહેશે. આ મોટી સંખ્યામાં અડધી વસ્તીનો પણ સમાવેશ થાય છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨૫ નવેમ્બરના રોજ રામ જન્મભૂમિ મંદિરમાં ધ્વજારોહણ કરશે. દેશ અને વિદેશમાંથી હજારો રામ ભક્તો ધ્વજારોહણ સમારોહના સાક્ષી બનશે. અચાનક તબિયત બગડવાની સ્થિતિમાં ઝર્ર એ ૧૮ કાર્યક્રમ સ્થળોએ નિયંત્રણ રૂમ અને કામચલાઉ પ્રાથમિક સારવાર કેન્દ્રો સ્થાપિત કર્યા છે.